# ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 21 Date : 16-07-2025

## આ અંકમાં

| | | |
|---|---|---|
| વિનોબા | ૦૧ | મનને જાણીએ (૧૫) |
| જિતેન્દ્ર ફિલિપ | ૦૪ | નિષ્ઠાવાન, ભલા ચાકર : પોપ ફ્રાન્સિસ |
| ગાંધીજી | ૦૫ | બેંગ્લોરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં ગાંધીજીનું ભાષણ |
| અશ્વિન કારીઆ, ગિરીશભાઈ સુંઢિયા અને સાથી મિત્રો | ૦૬ | ગુજરાતમાં શાસન સુધારણા |
| પ્રકાશ ન. શાહ | ૧૦ | જયપ્રકાશ નારાયણ : સંપૂર્ણ ક્રાંતિના મહાનાયક |
| ઘનશ્યામ શાહ | ૧૧ | ગુજરાતીઓ અને એમની અસ્મિતા |
| શ્યામજીભાઈ દેસાઈ | ૧૨ | માનવસેવાનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા-૧ |
| ર. | ૧૫ | ગ્લોબલ વૉર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા |
| ડંકેશ ઓઝા | ૧૬ | જાહેર જીવનનો હૃદ્ય દસ્તાવેજ |
| પ્રવીણચંદ્ર ઠક્કર | ૧૮ | 'આપણા ગાંધી, જગતના ગાંધી' |
| સાભાર : આપણું સ્વાસ્થ્ય | ૧૯ | અંધશ્રદ્ધાનું મિથ્યા વિજ્ઞાન |
| રશાંસ | ૨૧ | વાંચનથાળ : આઝાદીની આપણી કથાનું આચમન/સંઘર્ષે કાબિલ-બલવંત દરજી - વિકાસ ઉપાધ્યાય |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સગપણ |

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

યજ્ઞ પ્રકાશન

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
**BHOOMIPUTRA**
Gujarati Fortnightly
ભૂમિપુત્ર
Price Rs.10, Annual Sub. Rs.200.
**Vol.72 Issue No.21 1937 Date : 16-07-2025**
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

# મનને જાણીએ (૧૫)

❍ વિનોબા ❍

(ગતાંકનું ચાલુ....)

## ઈશ્વરમય ચિત્ત - શાંત ચિત્ત - પ્રસન્ન ચિત્ત

ભગવદ્‌ગીતામાં ભક્ત માટે મચ્ચિતા મદગતપ્રાણા: કહ્યું છે. ભક્ત જેમ-જેમ ચિંતન કરે છે, તેમ તેમ એનાં પ્રાણ-મન ઈશ્વરમય થતાં જાય છે.

આપણે હમેશાં આપણો પોતાનો હિસાબ રાખવો જોઈએ કે આપણું મન કેટલો સમય ભગવાનમાં રહ્યું હતું? આપણે જે કાંઈ કામ કરીએ છીએ, તે ભગવાનને માટે કરીએ છીએ? આપણને ગાઢ ઊંઘ આવે છે? -તો સમજવું કે આપણું મન ભગવાનમાં છે. બાકી તો ક્યાંક આસક્તિ તો ક્યાંક વળી દ્વેષ છે. રાગ અને દ્વેષમાં મન ગડથોલિયાં મારતું હોય છે. પરંતુ ચિત્તની સ્થિતિ એવી હોય કે ન તો રાગ છે, ન તો દ્વેષ છે, ચિત્તની સમતા છે; અને આપણું ધ્યાન અહીં-તહીં ભટકતું નથી. આપણે હાથથી ભલે કામ કરતા રહીએ, પણ આપણું મન તો ભગવાનમાં રહે, એવું હોવું જોઈએ. આપણે કામ કરતા રહીએ છીએ અને શ્વાસ ચાલતા રહે છે, એવી રીતે જ ભગવાન સતત ચિત્તમાં રહે, તેવું થવું જોઈએ.

ચિત્ત સહિત બધા કચરાને ભસ્મીભૂત કરી નાખવાનું સામર્થ્ય જ્ઞાનમાં છે. પરંતુ આ વિકારવાન શરીરમાં જ્ઞાનનું બળ ઓછું પડે છે, એટલા માટે જ્ઞાન દ્વારા સૂક્ષ્મ દોષોને નિર્મૂળ કરવાનું સંભવ નથી. માટે ભક્તિનો આશ્રય લીધા વગર સૂક્ષ્મ દોષ હટતા નથી.

જ્યારે કોઈ બળવાન જ્ઞાનીના મનને ઇંદ્રિયો ખેંચી લઈ જાય છે, ત્યારે તે હાર નથી માનતો. વિવેક અને ધૈર્ય, આ બંને શક્તિઓને અપર્યાપ્ત જોઈને તે ત્રીજી શક્તિ ભગવદાશ્રયને આવાહન કરે છે.

ચિત્ત શાંત રહે, ચિત્તમાં અહંકાર ન રહે તે માટે માણસ પ્રયત્ન કરે છે અને જ્યારે તે પ્રયત્નો સધાતા નથી, ત્યારે તે ઈશ્વરને પોકારે છે. માણસને જ્યારે ઈશ્વરની જરૂરિયાત અનુભવાય છે, ત્યારે તેની શુદ્ધિ માટે પણ વ્યાકુળતા (છટપટાહટ) અનુભવે છે.

માણસ પોતાના નૈતિક જીવનમાં કર્તવ્યો - કર્મો દ્વારા પોતાના બધા દોષોને ધોવાના પ્રયત્ન કરતો હોય છે. આવી રીતે સત્કર્મ કરતાં કરતાં ચિત્તના સ્થૂળ દોષો દૂર થવા લાગે છે. ત્યાર બાદ ચિત્તના સૂક્ષ્મ દોષોને દૂર કરવાનો સમય આવે છે અને તે સૂક્ષ્મ દોષ-નિવારણ માટેના પ્રયત્નોમાં થાકવા લાગે છે, ત્યારે તે પરમાત્માને પોકારે છે અને તે 'આવ્યો' કહીને દોડી આવે છે. માણસથી જ્યાં સુધી આત્મ-પરીક્ષણ દરમ્યાન તેના પોતાના દોષો સહન થાય છે, ત્યાં સુધી ભક્તિનો જન્મ થતો નથી. આધ્યાત્મિક જગતમાં ચિત્તની મદદે પરમાત્મા આવે છે. અને આ ચિત્તને પરમાત્માની મદદ મળે છે. પણ ચિત્તને મદદની આવશ્યકતા અનુભવાવી જોઈએ, જ્યારે જ્યારે ચિત્ત બેચેન-વ્યાકુળ થાય છે ત્યારે ત્યારે તેનો સાક્ષાત્ ઈશ્વર જોડે સંબંધ સ્થપાય છે.

તમે મનમાં આ ભાવ લાવો કે આપણે આપણી બધી જ ક્રિયાઓ ઈશ્વરની સાથે જોડવાની છે. અને પછી તમે જોશો કે તમારું જીવન કેટલું રમણીય અને પૂજનીય (નમસ્કાર કરવા યોગ્ય) થઈ જાય છે.

માણસનું ચિત્ત પરમેશ્વરના ચિંતન દ્વારા ચૈતન્ય થઈ જાય છે. એનું ચિત્ત ઈશ્વરથી ભરાઈ જાય છે. આ ભક્તિયોગનો અનુભવ છે. પરંતુ તુકારામને આમાં પણ કાંઈક જુદો અનુભવ આવે છે. તુકારામની ભાષામાં કેવળ ચિત્ત જ નહીં, બલ્કે કાયા પણ હરિમય થઈ જાય છે. જે મનુષ્યનું ચિત્ત ભગવત્-દર્શનથી સંલગ્ન રહેશે, એ મનુષ્યના જીવનમાં પ્રેમ અને કરુણા જોવા મળશે. તમે ઈશ્વરમાં લીન થઈ જાઓ. તમે જ્યારે ઈશ્વરીય પ્રેમથી અંતર્બાહ્ય રંગાઈ જશો, જ્યારે આ ઈશ્વરી રંગ તમારા આખા જીવનમાં વ્યાપી જશે, ત્યારે તમને હમેશાં પવિત્ર વાતોમાં આનંદ આવશે, તમારી સામે ખરાબ વૃત્તિ આવશે નહીં. તમારા મનમાં સુંદર, ઉત્તમ મનોરથોના અંકુર ફૂટવા લાગશે. અને તમે સહજતાથી જ સારાં કર્મો કરવા લાગશો. માણસ માટે તો ભગવાનને મેળવવાનું મુખ્ય સાધન તેનું પોતાનું શુદ્ધ ચિત્ત જ છે. જ્યારે પણ ચિત્ત શુદ્ધ હોય છે ત્યારે તે ચિત્તમાં ભગવાન પ્રતિબિંબિત થતા હોય છે.

આમ ભગવાનનો સાક્ષાત્કાર કરવા માટે બહુ મહેનત કરવી નથી પડતી, વળી કષ્ટ પણ ઉઠાવવું પડતું નથી. આમાં કેવળ એક જ વાત આવશ્યક છે - અને તે છે સ્વચ્છ, શુદ્ધ હૃદય, શુદ્ધ ચિત્ત. જેવી રીતે સ્વચ્છ દર્પણમાં સ્વચ્છ પ્રતિબિંબ દેખાય છે એવી

રીતે મનુષ્યના સ્વચ્છ, શુદ્ધ, નિર્મળ ચિત્તમાં ભગાવવાનું પ્રતિબિંબ સ્પષ્ટ દેખાય છે.

ભાગવત કહે છે – मय्यर्पणं च मनसः सर्वकाम – विवर्जनम् – બધા જ પ્રકારની કામનાઓને છોડી દઈને તમે તમારા પોતાના મનને મારામાં સમર્પણ કરી દો. મન ઈશ્વરને અર્પણ કરી દીધું, તેની કસોટી આ જ હશે કે તમારી બધી કામનાઓ ખતમ થઈ ગઈ. ભગવદ્-ભક્તિની મુખ્ય કસોટી જ કામનામુક્તિ છે. માણસની ભક્તિનો આરંભ તેના પોતાના મનને ભગવાનને અર્પણ કરવામાં હોય છે. પરંતુ તેની ખરી કસોટી તો છે – કામનામુક્તિ.

આપણું ચિત્ત હમેશાં ભગવાનમય જ રહે, તેના માટે શું કરવું જોઈએ ? – જો આવી ઇચ્છા થઈ છે ને તો થઈ જશે. ખાતાં, પીતાં, સૂતાં, જાગતાં તમારું ચિત્ત ક્યાં રહે છે ? આ બધું કરતાં કરતાં ચિત્ત ઈશ્વરમાં રહેશે – આવી ઇચ્છા હશે તો ઈશ્વરની કૃપા થશે.

## શાંત ચિત્ત

શાંતિનો એક અર્થ એ છે કે જલદીપણા (ઉતાવળાપણું)નો અભાવ અને ઉદ્વેગનો અભાવ. આપણે ચિત્તને તટસ્થ, વિવેકી અને તન્મય બનાવીએ, કોઈના કહ્યા-સાંભળવાથી આપણે ઉદ્વિગ્ન ન થઈએ. કોઈ પણ વસ્તુને વગર વિચારે – સમજ્યા વગર, વિવેક રાખ્યા વગર કોઈ પણ અંતિમ નિર્ણય પર ન પહોંચીએ. આપણે આપણા પોતાના ચિત્તને સુપર સેંન્સેટિવ, અતિસંવેદનશીલ ન બનાવીએ. જ્ઞાનદેવ મહારાજે તો એક ભજનમાં શાંતિ, દયા, ક્ષમાને ઉપાધિરૂપ કહી દીધા છે. આપણે કહીએ કે અશાંત તો તે છે, હું તો શાંત છું. હું ક્ષમાવાન છું. અને પેલો ક્ષમાને યોગ્ય છે. આવા પ્રકારના ભેદ મનમાં આવવા એ જ તો ઉપાધિ છે. આ જે જાણવાનું ભાન છે એ જ છે ઉપાધિ.

ભાગવત કહે છે કે જે કોઈ પણ પોતાનું ચિત્ત આત્માને સમર્પિત કરશે, એના ચિત્તને શાંતિ મળશે. આજે તો તમારું ચિત્ત આત્માને નહીં પણ દુનિયાને અર્પિત છે, 'આવો આવો, તમારું જ ઘર છે'. તમારા ચિત્તમાં કોઈ પણ વિચાર આવી શકે છે, કોઈ પણ વિચાર ઘૂસી શકે છે. આનો અર્થ એ થયો કે તમારા હાથમાં હવે કોઈ અભિક્રમ રહ્યો નથી, પણ દુનિયાના હાથમાં અભિક્રમ રહેશે. પરંતુ સમજવાની વાત તો આ છે કે તમારા હાથમાં દુનિયાની કોઈ ચીજ નથી. જે આપણા હાથની વસ્તુ છે – તે તો છે પોતાનું ચિત્ત. જે આપણે તો ખોઈ બેઠાં છીએ અને જે આપણા હાથની વસ્તુ નથી, એને લઈને બેઠાં છીએ. તો પછી ક્યાંથી શાંતિ હોય ? માણસ જ્યારે પોતાના ચિત્તને આત્માને અર્પણ કરશે, પછી જ તે શાંત થવાનો. એક વાર ચિત્ત શાંત થઈ ગયું પછી સત્ત્વગુણનું પરિપોષણ થશે. – यदा आत्मनि अर्पितं चित्तं शांत सत्त्वोपबृंहितम् । સત્ત્વગુણથી પરિપુષ્ટ થયેલું ચિત્ત ત્યારે જ બને છે, જ્યારે તે આત્માને અર્પિત હોય છે. અને પછી શું મળે છે ? તો ભાગવતકાર કહે છે – धर्मं ज्ञानं स-वैराग्यं ऐश्वर्यम् – ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યની સાથે ઐશ્વર્ય પણ મળે છે. વૈરાગ્યની સાથે ઐશ્વર્ય – જનકરાજાની જેમ. તો આમ જે કોઈ પોતાના ચિત્તને ઈશ્વરને સમર્પિત કરશે, એના ચિત્તને શાંતિ મળશે, એ સત્ત્વગુણથી પરિપુષ્ટ થશે અને એને જીવનમાં ધર્મ-જ્ઞાન-વૈરાગ્યની સાથોસાથ ઐશ્વર્ય પણ મળશે.

શાંતિનો એકદમ નાનકડો અર્થ છે, વિકારો હટી જવા, ચિત્તનું સંતુલન હોવું. આમ શાંતિનું પ્રાથમિક સ્વરૂપ છે – અક્ષોભ, વિકારોપશમન, ચિત્તનું સમાધાન. આપણે આપણાં કર્મોનો પ્રસાર વધારવાને બદલે એ કાર્યોને ઊંડાણમાં લઈ જઈએ તો વધારે સારું થાય. આમ થવાથી સેવા પણ વધારે થશે અને ચિત્તશાંતિ પણ વધશે. પાપ-પુણ્યનું એક આંતરિક પાસું (ઈનર એસ્પેક્ટ) છે. જે ચીજથી શાંતિ મળે તે પુણ્ય છે અને જેનાથી ચિત્તની શાંતિ ગાયબ થઈ જાય, તે પાપ છે. માટે જ આપણા કાર્યમાં ભલે વેગ હોય, પણ ચિત્તમાં તે ન હોય. ચિત્તમાં તો અખંડ શાંતિ જ હોય. ત્યારે આપણને નિત્ય નવા ઉપયોગી વિચારો સૂઝ્યા કરશે. આપણા ચિત્તમાં કોઈ મોજાં ઊઠે જ નહીં. નિરંતર શાંતિ અને પ્રસન્નતા રહે. આ જ તો સ્વાસ્થ્ય છે. આપણા બધાંનું કથળેલું સ્વાસ્થ્ય એ આપણા વિકારયુક્ત ચિત્તનું ખુલ્લું ભાષ્ય છે. જીવિત સમાધિ વખતે જો ચિત્ત શાંત છે તો તે આત્મહત્યા નથી. આપણી ચિત્તવૃત્તિઓનું કેટલું શમન થયું, મન કેટલું શાંત થયું, તેના પરથી જ પોતાના વિકાસનો અંદાજ લગાવી શકાય. આત્માનું મૂળ સ્વરૂપ તો શાંત જ છે. તેથી વધુમાં વધુ શાંતિલાભ થવામાં જ વાસ્તવિક પ્રગતિ માની શકાશે.

આપણે આવા કોઈ ભ્રમમાં બિલકુલ ન રહીએ કે આપણા કામથી આ દુનિયામાં બહુ મોટું પરિવર્તન આવી જશે, આપણે ઘણું બધું કરી નાખીશું. આ જે દુનિયા છે તે તો પોતાની ગતિથી ચાલતી રહેવાની છે. એમાં કાંઈ પરિવર્તન થવાનું નથી. પરંતુ આપણા કામનું મુખ્ય પ્રયોજન

### આ અંકમાં


| | | |
|---|---|---|
| વિનોબા | ૧ | મનને જાણીએ (૧૫) |
| જિતેન્દ્ર ફિલિપ | ૪ | નિષ્ઠાવાન ભલા ચાકર : પોપ ફ્રાન્સિસ |
| ગાંધીજી | ૫ | બેંગ્લોરની ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સમાં ગાંધીજીનું ભાષણ |
| અશ્વિન કારીઆ ગિરીશભાઈ સુંઢિયા અને સાથી મિત્રો | ૬ | ગુજરાતમાં શાસન સુધારણા |
| પ્રકાશ ન. શાહ | ૧૦ | જયપ્રકાશ નારાયણ : સંપૂર્ણ ક્રાંતિના મહાનાયક |
| ઘનશ્યામ શાહ | ૧૧ | ગુજરાતીઓ અને એમની અસ્મિતા |
| શ્યામજીભાઈ દેસાઈ | ૧૨ | માનવસેવાનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા-૧ |
| ર. | ૧૫ | ગ્લોબલ વોર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા |
| ડંકેશ ઓઝા | ૧૬ | જાહેર જીવનનો હૃદ્ય દસ્તાવેજ |
| પ્રવીણચંદ્ર ઠક્કર | ૧૮ | આપણા ગાંધી, જગતના ગાંધી |
| સાભાર : આપણું સ્વાસ્થ્ય | ૧૯ | અંધશ્રદ્ધાનું મિથ્યા વિજ્ઞાન |
| રશાંસ | ૨૧ | વાંચન થાળ |
| આશા વીરેન્દ્ર | ૨૪ | સગપણ |

આ જ છે કે આપણે પોતાના ચિત્તને શાંત બનાવવું.

## પ્રસન્ન ચિત્ત

આપણા ચિત્તની પ્રસન્નતા તે તો આપણા હાથની વાત હોવી જોઈએ. શું આપણે આપણા ચિત્તની પ્રસન્નતા માટે બાહ્ય પરિસ્થિતિને અધીન છીએ ? કે પછી સ્વાવલંબી છીએ ? પરિસ્થિતિ અવલંબન, સમાજ-અવલંબન અને કાર્યક્રમ અવલંબન - આ ત્રણ મુખ્ય આધાર છે. આ ત્રણેય અવલંબન સારાં હોય તો પ્રસન્નતા છે. પરંતુ આ ત્રણેય ભલે ગમે તેટલાં સારાં હોય પણ મનુષ્યના ચિત્તમાં વિકાર પડ્યા હશે તો તે મનુષ્ય પ્રસન્ન નહીં રહે. આનાથી ઊલટું, આ ત્રણેય ભલે પ્રતિકૂળ પણ કેમ ન હોય, જો ચિત્ત નિર્વિકાર હશે, તો તે માણસ પ્રસન્ન જ રહેશે. આપણે બહારની આ ત્રણેય વસ્તુને અનુકૂળ બનાવવાના પ્રયત્નો જરૂર કરતા રહીએ. પરંતુ ''તે પણ શત પ્રતિશત અનુકૂળ રહેશે, એના પછી હું ચિત્તને પ્રસન્ન રાખીશ'' - જો આવું થશે તો ચિત્ત ક્યારેય પ્રસન્ન રહેશે નહીં. આનું કારણ એ જ છે કે ઉપરની ત્રણેય વસ્તુઓ શત પ્રતિશત અનુકૂળ રહે તેવી શક્યતા ખૂબ ઓછી છે. અને અનુકૂળ બન્યા પછી પણ ચિત્તના વિકાર જો કાયમ રહેશે તો અનુકૂળતામાં પણ અપ્રસન્નતા રહેશે. એટલા માટે જ પ્રસન્નતા એ આપણા હાથમાં રહેવી જોઈએ. આપણે આત્મનિર્ભર બનવું જોઈએ, અને તો પ્રસન્નતાનું અખંડ ઝરણું વહેતું જ રહેશે.

ચિત્તને ઉપર ઉઠાવવું, ચિત્તથી ઉપર ઊઠવું, ચિત્તથી નિર્લિપ્ત રહેવાના પ્રયત્નો કરવા - આ ભિન્ન ભિન્ન સાધના છે. સમૂહમાં ચિત્તને લીન કરવું, સામૂહિક ચિત્ત બનાવવું, ભગવાનને ચિત્ત સમર્પણ કરવું, આ પણ સાધનાઓ જ છે. ચિત્ત નિરંતર પ્રસન્ન રહે તો પ્રસન્નતા રૂપી માતાની સાથે આવનારાં આ બધાં બાળકો છે.

પ્રસન્નતાનો અર્થ ઉલ્લાસવૃત્તિ અથવા હર્ષ નથી. પણ એનો અર્થ થાય - ન વિષાદ, ન હર્ષ. પ્રસન્નતા અર્થાત્ નિર્વિકારતા, શાંતિ, ગાંભીર્ય. પ્રસન્નતાનો મતલબ થાય - રાગ દ્વેષ રહિતતા, સ્વચ્છતા, નિર્મળતા. જેના દર્શનમાત્રથી દુઃખ શમી જાય તે છે પ્રસન્નતા. જેના ચિત્તમાં પ્રસન્નતાનું નિરંતર ઝરણું વહ્યા કરે છે, તેના મનને કોઈ દુઃખ ડગાવી શકતું નથી. જ્યાં અંતઃકરણ નિર્મળ અર્થાત્ એકદમ પ્રસન્ન છે, ત્યાં દુઃખ પોતે સુખરૂપ થઈ જાય છે, કારણ કે બધાં જ દુઃખો મનુષ્યના મનની મલિનતાનું તો પરિણામ છે; પછી ભલે આ દુઃખ શારીરિક હોય કે માનસિક. જ્યારે ચિત્ત પ્રસન્ન થઈ જાય છે તો જોતજોતાંમાં બુદ્ધિ પણ સ્થિર થઈ જાય છે. પ્રસન્નતા તો ચિત્તની સ્થિરતાનું પ્રત્યક્ષ સાધન છે.

સ્થિતપ્રજ્ઞના લક્ષણમાં કહેવાયું છે કે જેમણે ઇંદ્રિયોને જીતી લીધી છે, એમને પ્રસન્નતા મળે છે. આપણું મન આપણી કામનાઓને લીધે મલિન થાય છે. મનની નિર્મળતા પડી ભાંગે છે. સંસ્કૃત ભાષામાં 'પ્રસન્ન' શબ્દ નિર્મળતાના અર્થમાં પ્રયોજાય છે. સ્વચ્છ પાણીને 'પ્રસન્નં જલમ્' કહે છે. એ સ્વચ્છ જળમાં કાંકરો નાંખીએ તો એ ઠેઠ તળિયા સુધી પહોંચે છે તેની આખી યાત્રા આપણને એકદમ સાફ સાફ દેખાય છે. તો પ્રસન્નતાનો અર્થ છે, આ પ્રકારની નિર્મળતા અને પારદર્શકતા. જે સજ્જનો છે તેમનાં ચિત્ત બધી બાજુએથી એકદમ ખુલ્લાં, નિર્મળ અને પ્રકટ હોય છે. પાણી જ્યારે મૂળ અસલ રૂપમાં રંગહીન હોય છે, તો તે પ્રસન્ન હોય છે. એવી રીતે આત્મા પણ પોતાના મૂળ સ્વરૂપમાં રહે છે તો પ્રસન્ન જ હોય છે. એને બહારની વસ્તુની ઇચ્છાઓ થવી, એનો રંગ એના પર ચઢવા લાગવો, આ જ તો એનું મેલાપણું (ગંદકી) છે. અને આ જ તો અપ્રસન્નતા છે.

આ એક ખૂબ ગહન વિષય છે કે માણસને પરમેશ્વરના સ્મરણથી, નામ માત્રના ઉચ્ચારણથી કેવી રીતે પ્રસન્નતાનો અનુભવ થાય છે. આપણે ભલે પ્રસન્નતા એ વળી કઈ વસ્તુ છે, તે કેવી રીતે આવે, આ બધાને સમજવા માટે લાખ પ્રયત્નો અને ચર્ચા કરતા રહીશું, તો પણ તેની મીમાંસા થવાની નથી. અનેક લોકોએ પ્રસન્નતા વિષય પર મીમાંસા કરી છે, પણ તેમાં કોઈને સફળતા મળી નથી. નામ-સ્મરણથી કેવી રીતે પ્રસન્નતા નિર્માણ પામે છે, તે કોણ બતાવશે ? આ તો એક વિશેષ અનુભૂતિ છે. નામસ્મરણથી સ્નાન થાય છે, મનની સફાઈ થાય છે. આપણને સ્નાન કર્યા પછી શરીર નિર્મળતાનો અનુભવ થાય છે અને પ્રસન્નતા અનુભવાય છે, એવી જ રીતે ભગવત્-ચિંતનથી આધ્યાત્મિક સ્નાન થાય છે. અને અત્યંત પ્રસન્નતાનો અનુભવ આવે છે.

વેદમાં એક શબ્દ છે - सौमनस्य । सु-मनः પરથી આ શબ્દ સૌમનસ્ય બન્યો છે. આનો એક અર્થ થાય છે, ચિત્તની પ્રસન્નતા. ગીતામાં મનઃપ્રસાદની વાત આવે છે. મનઃપ્રસાદ એટલે 'માનસ-પ્રસન્નતા'. આપણા ગ્રંથોમાં જ્યાં જ્યાં પ્રસન્નતાનું વર્ણન કરવામાં આવ્યું છે ત્યાં હમેશાં પ્રસન્નતાને પાણીની ઉપમા આપવામાં આવી છે. જેમ દર્પણ સાફ-સ્વચછ, નિર્મળ હોય છે, તેમ પાણી નિર્મળ અને સ્વચ્છ હોય છે. સમજવાની વાત તો આ છે કે ચિત્તની પ્રસન્નતાનો અનુભવ થવો તે આપણી સત્ત્વશુદ્ધિનું પરિણામ છે. ચિત્તમાં જ્યારે પણ સત્ત્વગુણનો આવિષ્કાર થાય છે, ત્યારે ચિત્ત પ્રસન્નતા અનુભવે છે. ત્યારે રજ અને તમ ક્ષીણ થાય છે, હટી જાય છે અને પ્રાણ સાત્ત્વિક બને છે, અને પછી ચિત્તની આંતર-બાહ્ય શુદ્ધિ થાય છે, અને પ્રસન્ન થાય છે. પ્રસન્નતાને લીધે ચિત્તમાં સમાધાન, નિર્મળતા અને સ્વચ્છતા આવે છે. એ ચિત્તમાં કોઈ આકાંક્ષા રહેતી નથી, એટલા માટે નિરાકાંક્ષી બને છે. એમાં પ્રાપ્તવ્ય (મેળવવા યોગ્ય) કશું જ રહેતું નથી. એવી જ રીતે અપ્રાપ્તવ્ય પણ નહીં. ગીતામાં કહ્યું છે કે, ब्रह्मभूतः प्रसन्नात्मा । માણસ જ્યારે બ્રહ્મનિષ્ઠ બને છે, ત્યારે તે પ્રસન્ન થાય છે. જ્યાં પ્રાપ્તવ્ય જેવું કંઈ જ રહેતું નથી ત્યાં જ પ્રસન્નતા રહે છે. પ્રફુલ્લિત પુષ્પની જેમ ચિત્તની પ્રસન્નતા રહે છે.

સાધકે પોતાની સમગ્ર શક્તિ ચિત્તની પ્રસન્નતા મેળવવામાં લગાવી દેવી જોઈએ. પછી સાધકને બુદ્ધિની સ્થિરતા માટે અલગ રીતે કંઈ પણ કરવું નહીં પડે. લોકો બુદ્ધિની સ્થિરતા માટે પ્રયત્ન કરે છે. આંખો બંધ કરે છે, પીઠ સીધી ટટ્ટાર રાખે છે. પણ તેમ છતાં તેમને બુદ્ધિની સ્થિરતા સધાતી નથી. એ બુદ્ધિ તો ચારે દિશાઓમાં ભટક્યા જ કરે છે. કેમ? પ્રસન્ન નથી, એટલા માટે. ગીતા કહે છે, ચિત્ત પ્રસન્ન કરો પછી એકાગ્રતા આવશે. આપણે ચિત્ત પ્રસન્ન કરીશું, તો બધાં દુઃખો ખતમ થઈ જશે.

સવારના સમયે ચિત્ત શાંત, એકાગ્ર હોય છે. પૂરી ઊંઘ લેવાઈ

(જુઓ પાન નં. ૯)

# નિષ્ઠાવાન, ભલા ચાકર : પોપ ફ્રાન્સિસ

**રો**મન કેથોલિક ધર્મસભા દયાનાં સાત કૃત્યો ગણાવે છે; ભૂખ્યાંને ભોજન, તરસ્યાંને પાણી, વસ્ત્રવિહોણાંને વસ્ત્ર, માંદાની મુલાકાત, વગેરે. કેથલિક સંપ્રદાયના વડા ધર્મગુરુ મહાશ્રી પોપે તેમાં આઠમું દયાનું કૃત્ય ઉમેર્યું, સર્જનનું  જતન (Care Of creation) અને એમ એમણે આ ધરતી અને પર્યાવરણ પ્રત્યે  પોતાની ખેવના વ્યક્ત કરી. સ્વર્ગ તો હજારો વર્ષથી શોધીએ છીએ, પણ પૃથ્વીને સ્વર્ગ ગણાવનાર એ સજ્જન હતા પોપ ફ્રાન્સિસ. જેમણે દયાનાં કૃત્યોને સીધેસીધાં મિશનરી કાર્યો સાથે જોડી દઈ પોતે આ દુનિયાને અલવિદા કહી ઈશ્વરના રાજ્યમાં પહોંચ્યા પણ કેથલિક ધર્મસભા અને વિશ્વમાં એક અમીટ છાપ છોડી ગયા.

સ્વ. વડાધર્મગુરુ ફ્રાન્સિસ, જેમણે ૧૨ વર્ષ (૨૦૧૨-૨૦૨૪)લગી કેથોલિક સંપ્રદાયને એક અદ્દભુત, ક્રાંતિકારી અને સીમાચિહ્નરૂપ નેતૃત્વ આપીને ધર્મસભા અને સમગ્ર વિશ્વને માટે કાયમ માટે મિસાલરૂપ બન્યા છે. પોતાની સાદગી અને વિનમ્રતા માટે જાણીતા પોપ ફ્રાન્સિસે ૧૩ માર્ચ ૨૦૧૩માં ધર્મસભાની ધૂરા સાંભળી. એમનું મૂળ નામ જ્યોર્જ મારીઓ બર્ગોગલિયો પરંતુ પોપ તરીકે મળેલ નામ ફ્રાન્સિસ. આર્જેન્ટીનાના બ્યુનોસ પેરીસમાં જન્મેલા ફ્રાન્સિસનો જન્મ ૧૭ ડિસે. ૧૯૩૬માં થયેલો. તેઓ જેસુઇટ ધર્મસંઘમાંથી આવેલા અને સેમીનરીમાં જોડાયા પહેલાં કેમેસ્ટ્રીનો અભ્યાસ કરી તેમણે ટેકનિશિયન તરીકેની નોકરી કરેલી. મધ્યમવર્ગીય પરિવારમાંથી ઊછરીને મોટા થયેલા હોઈ ગરીબો, હાડમારી વેઠતા અને ઈસુખ્રિસ્તના શબ્દોમાં અદનામાં અદના માનવી માટે તેમનો વિશેષ સ્નેહ, આદર અને કરુણા કાયમ માટે હતાં

પ્રત્યેક પોપ કેથોલિક ધર્મસભામાં એક આગવી છાપ અને પ્રતિભા માટે લોકોમાં જાણીતા બનતા હોય છે. કોઈ રૂઢિચુસ્ત હોય, તો કોઈ ઉદારમત ધરાવતા હોય.... પોપ ફ્રાન્સિસ ઈસુએ પ્રબોધેલાં માનવીય મૂલ્યોને જીવનમાં ઉજાગર કરનારા અનુકંપાશીલ તથા ગરીબપ્રેમી પોપ હતા. પોપ ફ્રાન્સિસે આ મૂલ્યોને જીવનમાં આત્મસાત્ કર્યાં હતાં, તેમની નમ્રતા અને સાદગીભર્યું જીવન તેની સાહેદી છે. ખૂબ જ વિશાળ, જાજવલ્યમાન અને વૈભવી પેપલ પેલેસમાં નિવાસ કરવાને બદલે તેમના કાર્યકાળ દરમિયાન તેઓ કાસા સાન્તા મારિયા -ગેસ્ટહાઉસમાં જ કાયમ માટે રહ્યા. પોતાનું પદ કે હોદ્દાની પરવા કર્યા વિના અને પેપલ પ્રોટોકોલ અને પરંપરા તોડીને તેઓ તપઋતુ દરમિયાન પવિત્ર ગુરુવારે કેદીઓ અને સ્ત્રીઓના ચરણ પખાળીને ઈસુની જેમ નમ્રતાના ઉમદા પદાર્થપાઠ સમગ્ર વિશ્વ સમક્ષ મૂકીને ચાલ્યા ગયા. પોપ ફ્રાન્સિસ એવા પ્રથમ પોપ હતા જેમણે પોતાનું નામ 'ફ્રાન્સિસ' પસંદ કર્યું, જે નામ કેથોલિક સંપ્રદાયના સંત ફ્રાન્સિસ આસીસીના માનાર્થે પસંદ કરવામાં આવ્યું હતું. જે સંત પોતાની નમ્રતા અને ગરીબો પ્રત્યે અનુકંપા તથા પર્યાવરણ પ્રેમ માટે ખૂબ જાણીતા છે.




વડા ધર્મગુરુના પદ, હોદ્દા અને તેની ગરિમાને છાજે એવી ઘણી ઉચ્ચ અને અદ્યતન સુવિધાઓ પોપને પ્રાપ્ત થતી હોય છે છતાંય નમ્રતા અને સાદગીને વરેલા પોપ ફ્રાન્સિસે તે ઠુકરાવી. સામાન્ય કારમાં સવારી કરી તેઓ સેન્ટ પીટર્સ સ્કવેરમાં ધર્મજનોની પાસે પહોંચી જતા. તેઓને મળતા અને બાળકોને સ્નેહ કરતા. આ ઉપરાંત તેમની પાછળ કરવામાં આવતા બધા જ ખર્ચાઓથી તેઓ કાયમ માટે દૂર રહ્યા હતા. સર્વપ્રથમ વાર તેઓ જ્યારે વેટિકન સીટી ખાતે લાખોની મેદની સમક્ષ આવ્યા ત્યારે ખૂબ જ વિનમ્ર વાણીથી તેમણે ધર્મજનોના દર્શન માંગ્યા. વિશાળ જનમેદનીને ઉદ્દેશીને બોલાયેલા પોપના પ્રથમ શબ્દો હતા : 'મુજ પાપી માટે પ્રભુ પાસે દુઆ માંગો.' આવી હતી તેમની વિનમ્રતા, આધ્યાત્મિકતા અને માનવપ્રેમની ભાવના. પોપ ઈસુસંઘી(જેસુઈટ) ધર્મગુરુ હોવાના નાતે તેમના વ્યક્તિત્વ પર જેસુઈટ સંઘના સ્થાપક લોયોલાના સંત ઇગ્નાસના વિચારો-જીવનપ્રભાવની ઊંડી અસર જોવા મળતી હતી. જીવનની બધી જ ભૌતિકતા, વૈભવ અને મહત્ત્વકાંક્ષા છોડી સેવાના માર્ગે આગળ ધપેલ સંત ઇગ્નાસની જેમ માનવોના સર્વાંગી વિકાસનું ધ્યેય તેમના હૈયે સદાય જીવંત રહ્યું હતું. તેમની આધ્યાત્મિકતા 'વસુધૈવ કુટુંબકમ્' અને વિશ્વકલ્યાણની ભાવનાને અગ્રીમતા આપનારી હતી. ગરીબો, વિધવાઓ, અનાથો અને હાંસિયામાં ધકેલાયેલાઓની સેવા જ ઈસુની સેવા છે એ તેમણે તેમનાં જીવનમૂલ્યો થકી સાબિત જ નહી, સાર્થક કર્યું હતું. માટે જ તેમની વાણી સંઘર્ષ કરી રહેલ માનવજાતમાં જોમ, ઉત્સાહ અને પ્રાણ પૂરતી હતી. આ જ કારણથી તેઓ એક મહાન વ્યક્તિ અને યુગ પુરુષ તરીકે સમગ્ર વિશ્વમાં ઊભરી આવ્યા હતા.

પ્રત્યેક પોપ સમયાંતરે પોતાના પુરોહિતો, ધર્મજનો, ધર્મસેવકો તથા કેથોલિક અનુયાયીઓને ખાસ ઉપદેશ પોતાના આદેશપત્ર દ્વારા પાઠવતા હોય છે. પોપ ફ્રાન્સિસે જારી કરેલા પોતાના દસ્તાવેજ ઈવાન્જેલી ગૌદીયુમ (આનંદભર્યું પ્રેષિતિક કાર્ય)માં તેમણે પોતાનું વિઝન, મિશનને પ્રદર્શિત કર્યાં હતાં. આ દસ્તાવેજ મુજબ ભૌતિકવાદ, વ્યવહારવાદ અને સ્વાર્થીપણાની દુનિયામાં લોકો અંતરઆત્માના અવાજને સાંભળવાનું ભૂલી ગયા છે. સ્વકેન્દ્રી અને સ્વાર્થી બનેલા મનુષ્યોને જરૂરિયાતમંદ, ગરીબો અને તરછોડાયેલાનો અવાજ સંભળાતો જ નથી, જે અત્યંત દુ:ખદ છે. આવા સમયે તેમણે લોકોને ઈસુના સાથસંગાથ અને ઉપદેશની હાકલ કરી હતી. સત્યને વિસારે પાડીને મોહ, વાસના, છેતરામણી અને અનૈતિકતાની દુનિયામાં ડૂબેલા માનવીને ઈસુ તરફ પાછા વળવાની એમની હાકલ હતી.

પોપ ફ્રાન્સિસે હંમેશાં મહિલા સશક્તિકરણને પ્રાધાન્ય આપ્યું હતું. ધર્મસભામાં સ્ત્રીઓનું પણ આગવું મહત્ત્વ છે તેમ તેઓ હંમેશા માનતા. તેમને યોગ્ય સ્થાન અને માન મળવું જોઈએ કેમ કે ધર્મસભાના વિકાસમાં મહિલાઓનું સેવાકાર્ય તથા યોગદાન અમૂલ્ય છે. તેમના પોપ તરીકેના કાર્યકાળમાં તેમણે સદાય સામાજિક ન્યાયને અગ્રસ્થાને મૂકવા પ્રયત્ન કર્યા હતા. ગરીબો, સ્થળાંતરિત થયેલા અને હાંસિયામાં ધકેલાયેલા સમુદાય માટે તેમના હૃદયમાં એક વિશેષ સ્થાન રહ્યું હતું. તેઓ બીશપ તરીકે હતા ત્યારે આર્જેન્ટીનામાં તેમને બિશપ ઓફ સ્લમ્સ-ઝૂંપડપટ્ટીના બિશપ -તરીકે લોકો ઓળખતાં. કારણ, તેઓ તેમનો મોટાભાગનો સમય ગરીબોના ન્યાય અને હક્કો માટે, તેમનાં ગૌરવ અને પુનઃસ્થાપન માટે વિતાવતા.

પોપ ફ્રાન્સિસે તેમના કાર્યકાળ દરમિયાન સીનેડલ ચર્ચ 'સહભાગી ધર્મસભા'નો ખ્યાલ આપ્યો હતો, જેમાં ધર્મસભાના શાસન અને વહીવટમાં સામાન્યજનની ભાગીદારી-સહભાગિતાનો ખ્યાલ રહેલો હતો, વિશેષ રીતે તેમાં સ્ત્રીઓની સહભાગિતા પણ ખરી. પોપ ફ્રાન્સિસે જણાવ્યું હતું કે નાસ્તિકો નરકમાં નથી જવાના કેમ કે ઈશ્વરની દયા નિઃસીમ છે અને નાસ્તિકો સુધી પણ પહોંચે છે, જેમના માટે પાપ એ ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધાનો સ્વભાવ નહી, પરંતુ પોતાના અંતરાત્માના અવાજને સાંભળવાની નિષ્ક્રિયતા છે. પોપ ફ્રાન્સિસ પર્યાવરણ પ્રેમી હતા. જૂન-૨૦૧૫માં તેમણે પોતાનો એન્સીક્લીક(દસ્તાવેજ) જાહેર કર્યો હતો તેમાં તેમણે અર્થપૂર્ણ પર્યાવરણીય જતન ભણી લેવાનાં પગલાં અંગે, વિવિધ શ્રદ્ધા ધરાવતા ધાર્મિક આગેવાનોને અનુરોધ કર્યો હતો.

ઈશ્વરના જન અને લોકસમૂહના સ્વજન પોપ ફ્રાન્સિસ પોતાની નાદુરસ્ત તબિયતમાંથી જરાક અમથા બેઠા થયા કે શ્રદ્ધાળુઓને મળવા વેટિકન સીટીમાંથી નીકળી પડયા હતા. તેઓને ઈસુની માફક લોકો મધ્યે રહેવું ખૂબ પસંદ હતું. ખ્રિસ્તી સંપ્રદાયની મહત્ત્વની ધાર્મિકઋતુ તપઋતુના ઉત્તરાર્ધની વિધિઓમાં પણ તેમણે ઉત્સાહપૂર્વક ભાગ લીધો. ઈસ્ટર સન્ડેના દિવસે શ્રદ્ધાળુઓનું અભિવાદન કર્યું, સૌને શુભેચ્છાઓ પાઠવી. ચાલી ન શકતા હોઈ વ્હીલચેરમાં તેઓએ મુક્ત મને સૌને પ્રેમ પાઠવ્યો, જાણે તેમને સમજાઈ ન ગયું હોય કે તે તેમની અંતિમ જાહેર મુલાકાત હશે. ૨૧ એપ્રિલ ૨૦૨૫ના રોજ સવારે હાર્ટ એટેકથી તેઓ સૌને અલવિદા કહી અનંતની સફરે ચાલી નીકળ્યા.

તેમનાં વિચારો, માન્યતાઓ અને સેવા કાર્યોની સુવાસ વરસો લગી મઘમઘતી રહેશે. સામાન્ય જનથી અસામાન્ય વ્યક્તિત્વ અને માનવમાંથી મહામૂલા માનવ બનવાની એમની સફર આવનાર સમયમાં પ્રત્યેક ખ્રિસ્તીજન અને તેમનાં અનુગામીઓને પ્રેરણા આપતી રહેશે. તેમના કાર્યકાળ દરમિયાન ભારતથી ગયેલા પ્રતિનિધિ મંડળને મળીને પોપ ફ્રાન્સિસ ઉચ્ચારી ઊઠયા હતા, વિશ્વની એક મહાનતમ સંસ્કૃતિ અને ધર્મ પાસેથી આપણે ઘણું બધું શીખવાનું અને સમજવાનું છે. આવી આ વિરલ અને પવિત્ર પ્રતિભાને નત મસ્તક વંદન.....વંદન......વંદન.

મો.: ૭૨૦૨૦૦૩૦૦૦ - જિતેન્દ્ર ફિલિપ

# બેંગ્લોરની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સમાં ગાંધીજીનું ભાષણ

૦ ૧૨ જુલાઈ ૧૯૨૭ ૦

(શિક્ષણ સંસ્થાઓમાં વિદ્યાર્થીઓને મળનારી સગવડ સામાન્ય લોકોની વેઠનું પરિણામ છે - ગાંધીજી તેમના વક્તવ્યમાં આ મુદ્દા પર ભાર મૂકે છે. ઉપરાંત, તેઓ એમ પણ કહે છે કે જ્ઞાનનો ઉપયોગ ગરીબોનાં કલ્યાણ અર્થે થવો જોઈએ.)

''**આ** બધા મોટા કારભારમાં મારું ક્યાં સ્થાન છે એ હું વિચારી રહ્યો છું.'' કહીને જરા અટક્યા પછી કહે : ''મારા જેવો ગામડિયો તો અહીં આવીને આભો બની ઊભો રહે. હું તમારી આગળ શી વાત કરું? આ જે મોટી પ્રયોગશાળાઓ અને વિદ્યુતશક્તિનાં યંત્રો અહીં જુઓ છો તે કોના પ્રતાપે ચાલી રહ્યાં છે ? કરોડોની વેઠને આધારે ચાલે છે. તાતાના ૩૦ લાખ કાંઈ બહારથી નથી આવ્યા. મૈસૂરના રાજા જે અઢળક ધન આપી રહ્યા છે તે પણ પ્રજાનું જ ધન છે. 'વેઠ' શબ્દ જાણીને વાપર્યો છે, કારણ જે લોકો કર આપીને સંસ્થા નભાવી રહ્યા છે તેમને તમે પૂછો કે ''આવી સંસ્થા બનાવવા માટે તમારા રૂપિયા અમે વાપરીએ? એમાંથી હમણાં તો તમને કશો લાભ ન થાય, પણ ભવિષ્યમાં તમારી પ્રજાને લાભ થવાનો છે,'' તો તેઓ તમને ''હા'' પાડશે ? હરગિજ નહીં. એટલે તેમની મજૂરી એ ''વેઠ'' છે, બેગાર છે. પણ આપણે એ લોકોના મત કે દિવસે લેવાની દરકાર કરી છે ?

આપણે તો મત આપવાના અધિકાર વિના કર ન આપવાનું સૂત્ર બોલીએ છીએ, પણ એ લોકોને લાગુ પાડતા નથી. જો તમે તમારી જવાબદારી સમજો, તમને એમ લાગે કે લોકોને કંઈ હિસાબ આપવાપણું છે; તો તો તમને જણાશે કે આ આલીશાન મકાનનો ઉપયોગ કરવા ઉપરાંત વિચાર કરવાનો બીજો પણ એક પક્ષ રહે છે. ત્યારે ગરીબોને માટે તમારા અંતરમાં તમે એક નાનકડો નહીં પણ વિશાળ ખૂણો રાખશો; અને તેને સ્વચ્છ, પવિત્ર રાખશો કે જેથી જે ગરીબીની મહેનત ઉપર આ અઢળક ખર્ચ ચાલે છે તેમના કલ્યાણ માટે તમે તમારા જ્ઞાનનો ઉપયોગ કરશો. તમે જે પૈસા આપ્યા છે તેનો દરિદ્રનારાયણને માટે ઉપયોગ થશે. સાચા દરિદ્રનારાયણનાં તો મેં પણ દર્શન નથી કર્યાં, માત્ર કલ્પનાએ જ એનાં દર્શન કર્યાં છે.

આ પૈસાનો લાભ જે કાંતનારાઓને મળશે, તેઓ પણ ખરા દરિદ્રનારાયણ નથી. એ તો દૂર-દૂરનાં ગામડાંઓમાં વસે છે, જે ગામડાંઓમાં તો આપણે પ્રવેશ કર્યો નથી, તો તેની શોધ તો શેની જ કરી હોય? તમારા પ્રોફેસર મને એક સંગ્રહાલયમાંની વસ્તુ બતાવી કહેતા હતા કે એ વસ્તુના ગુણોની શોધો તો કેટલાંયે વર્ષોના પ્રયોગ પછી જ થઈ શકે. તો આ ગામડાંઓની શોધ કોણ કરશે એ તમને પૂછું ? તમારી પ્રયોગશાળામાં કેટલાક પ્રયોગો ચોવીસે કલાક ચાલે છે, તેમ તમારા હૃદયની ભઠ્ઠીમાં કરોડો ગરીબો માટેનો પ્રેમનો અગ્નિ ચોવીસે કલાક ધીખતો રાખજો.

(જુઓ પાન નં. ૨૧)

# ગુજરાતમાં શાસન સુધારણા

ગુજરાત સરકારે વહીવટી સુધારણા પંચની નિમણૂક કરીને જાહેર જનતા પાસેથી અભિપ્રાયો મંગાવ્યા છે. તેને ધ્યાનમાં રાખી લોક અભિપ્રાય જાણી તે અંગેનાં સૂચનો સરકારને મોકલવાના હેતુથી એક દિવસીય સંવાદ બેઠક તા. ૨૭-૦૪-૨૦૨૫ના રોજ લોકનિકેતન, રતનપુર (પાલનપુર) ખાતે યોજાયેલ હતી. વહીવટનો બહોળો અનુભવ ધરાવતા ૩ નિવૃત્ત આઈ.એ.એસ. તેમજ એમ.બી.એ. અધિકારીઓ માર્ગદર્શન આપવા હાજર હતા.

આઝાદી સમયે રાજનેતાઓએ ઘી-દૂધની નદીઓ વહેવડાવવાની ખાતરી ઉચ્ચારી હતી તેમ જ સ્વરાજ્ય પ્રાપ્ત થવાની સાથે પ્રજાકીય તમામ સમસ્યાઓનો ઉકેલ લાવવાની હૈયાધારણ આપવામાં આવી હતી. ગાંધીજીએ છેવાડાના માનવીની આંખમાં રહેલ આંસુ ધ્યાનમાં રાખી શાસન ચલાવવાનો આપેલ કોલ હંમેશા ધ્યાનમાં રાખવા પ્રતિબદ્ધતા પ્રગટ કરેલ. ભારતે કેટલાંક ક્ષેત્રોમાં અભૂતપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત કરેલ છે તેનો સ્વીકાર છે. પરંતુ તેની સાથે પર્યાવરણ, આરોગ્ય, શિક્ષણ, પાણી, લાંચ-રુશ્વત, સરકારી તંત્રોનો નાગરિક સાથેનો વ્યવહાર જેવા અનેક પડકારો પણ ઉપસ્થિત થયા છે. આ સિદ્ધિઓ અને પડકારોનું આકલન કરીને સુશાસન માટે સૂચનો સરકારને મોકલવાનો હેતુ છે. ભારત સરકારે મોરારજી દેસાઈના અધ્યક્ષપદ હેઠળ ૧૯૬૬માં વહીવટી સુધારણા પંચની નિમણૂક કરી હતી. કેશુભાઈ પટેલે ૧૯૯૬માં 'પરિવર્તન સેલ'ની રચના કરી હતી. એકંદરે સરકારના વહીવટીતંત્રની સેવાઓથી નાગરિકોનાં દુઃખ-દર્દ દૂર થયાં કે કેમ તે જાણવાનો હેતુ હતો.

માર્ગદર્શન માટે યોજેલ કાર્યક્રમમાં ● શ્રી દીપક જોશી (આઈ.એ.એસ. નિવૃત્ત) ● શ્રી વિક્ટર મેકવાન (આઈ.એ.એસ. નિવૃત્ત) ● શ્રી બી.સી. પટણી (આઈ.એ.એસ. નિવૃત્ત) ● શ્રી પંકજ કોટક (એમ.બી.એ.) ઉપસ્થિત રહ્યા હતા.

### ૧. સલામતી

### સલામતીના મુદ્દે ઉદ્‌બોધન કરાયેલ અને ચર્ચા કરાયેલ મુદ્દાઓ

○ પોલીસ દ્વરા આડેધડ ધરપકડ થાય છે. સરકારની ટીકા થાય તો દેશદ્રોહનો કેસ કરવામાં આવે છે. રાજ્યસભા સાંસદ ઈમરાન પ્રતાપગઢવી તેમ જ ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની ધરપકડની અદાલતે ટીકા કરેલ છે. અમરેલીમાં યુવતીની રાત્રે ૧૨ કલાકે કરેલ ધરપકડ બદલ પોલીસની ટીકા થયેલ છે. ○ પોલીસની કામગીરીમાં રાજકીય દબાણ હોય છે. ○ રખડતાં ઢોરોનો ત્રાસ ચાલુ જ છે. ઢોરનાં શિંગડાં પર રીફ્લેક્ટર લગાવવા જોઈએ કે જેથી રાત્રિના સમયે અકસ્માત ટાળી શકાય. ○ વાહન ચોરીની ફરિયાદ માટે જુદાં જુદાં પોલીસ સ્ટેશને ભટકવું પડે છે. પોલીસતંત્ર સાંભળતું નથી. ○ પોલીસ તેની નોકરીની શરૂઆતના સમયમાં સારું કામ કરે છે. પછીથી રાજકીય અને તંત્રના દબાણને વશ થઈ જાય છે અને સિસ્ટમમાં આવી જતાં કામ થતાં નથી. ○ કોઈ ગામમાં પ્રધાન આવવાના હોય ત્યારે વિના નોટિસ ગામના રસ્તાઓ અચાનક બંધ કરી દેવાય કે ડાયવર્ઝન કરી દેવામાં આવે છે અને તેના બોર્ડ લગાવાતાં નથી. તેનાથી દર્દીઓને સારવારમાં અવરોધ અને પરીક્ષાર્થીઓને હાલાકી થાય છે, બસ-ટ્રેન ચૂકી જવાય છે. ○ પાલનપુર શહેરના એરોમા સર્કલના રસ્તા પર ડામર પાથરવામાં આવેલ છે. ગરમીમાં તે પીગળે છે. દ્વિચક્રી વાહનો સ્લીપ થઈ તેનાથી અકસ્માત થવાની સંભાવના રહે છે. રજૂઆત કરવા છતાં તંત્ર સાંભળતું નથી. ○ રખડતાં ઢોરથી માણસનું મૃત્યુ થયેલ હોય તેવા કિસ્સામાં ઢોરમાલિકને પકડી આકરી સજા કરાવવી જોઈએ. ○ પ્રમાણિકતાપૂર્વક કામ થતું નથી. પોલીસને યોગ્ય તાલીમ આપવી જોઈએ. ○ દારૂબંધીનો કાયદો હોવા છતાં, દારૂ છૂટથી મળે છે. ○ એફ.આઈ.આર. નોંધાવવા માટે ભલભલા લોકોને હાઈકોર્ટ કે સુપ્રીમ કોર્ટનો આશ્રય લેવાની ફરજ પડે છે. તો સામાન્ય માનવીનું શું ગજું ? સરકાર આગળ સમાજ લાચાર છે. ○ રાત્રિ પોલીસ પેટ્રોલીંગ બંધ થવાથી ચોરી-લૂંટના ગુનાઓ વધ્યા છે. સાયબર એટેકથી લોકોને સાવધાન થવાની જરૂર છે. ○ શોપિંગ સેન્ટરોમાં પાર્કિંગ વ્યવસ્થા ન હોવાથી આડેધડ પાર્કિંગ થાય છે. ○ વિના લાયસન્સ બેફામ ડ્રાઈવીંગ થાય છે. ટુ વ્હીલરમાં ૩-૪ સવારી થાય છે તે રોકવામાં આવતા નથી. નિર્દોષ લોકોને નુકસાન પહોંચે છે. ○ બનાસકાંઠામાં ખાસ કરીને યુવક-યુવતી ભાગી જઈ લગ્ન કરે છે અને વડીલો તેમને સમજાવી ગામમાં લાવે છે તેના થોડા દિવસોમાં બંનેની લાશ ગામના પાદરે ઝાડ પર લટકતી જોવા મળે છે. આવા કિસ્સામાં હત્યાની શંકાની તપાસ થવી જોઈએ. કસ્ટોડિયન ડેથ અને ગૂમ થવાની ઘટનાઓ પણ તપાસવી જોઈએ. ○ કાયદાનો ડર રહ્યો નથી. અસામાજિક તત્ત્વો ટોળામાં આવી હુમલો કરી ભાગી જાય છે. ○ તોફાનો કે કરફ્યુ થાય ત્યારે સૈન્ય બોલાવવું પડે છે. ○ નંબર પ્લેટ વગરની ગાડીઓ ફરતી જોવા મળે છે. જૂની ગાડીઓ પર એપ્લાઈડ ફોર રજિસ્ટ્રેશન લખેલ હોય છે. સાયલેન્સર લગાડેલાં દ્વિચક્રી વાહનો મોટા અવાજે રાતની ઊંઘ બગાડે છે. કાળા કાચવાળી ગાડીઓ ફરતી જોવા મળે છે.




શ્રી પંકજ કોટક



શ્રી દીપક જોશી



શ્રી બી.સી. પટણી



શ્રી વિક્ટર મેકવાન

### વહીવટી નિષ્ણાતોની રજૂઆત

○ લોક સમસ્યાઓનો તંત્રે ઉકેલ લાવવો જોઈએ.

○ આ અગાઉ ૭ પોલીસ કમિશનો નિમાયેલ હોવા છતાં, તેની ભલામણોનો અમલ થતો નથી. ○ જિલ્લામાં લોક

દરબાર, કાનૂની સત્તા મંડળો, સંકલન સમિતિ, સ્વાગત કાર્યક્રમ વગેરે ફોરમો છે જે આપણી સમસ્યાઓના નિરાકરણ માટે છે તેનો લોકોએ લાભ લેવો જોઈએ. ○ સીટીઝન ચાર્ટરનો અમલ થતો નથી. વધુમાં વધુ નાગરિકોને લાભ મળે તે માટે સામાજિક વ્યવસ્થાઓએ પણ ધ્યાન રાખવાની જરૂર છે. ○ શહેરની જેમ ગ્રામ વિસ્તારોમાં રખડતી નીલ ગાયોનો પ્રશ્ન ઉગ્ર છે. સરપંચને ગોળી મારવાની સત્તા અપાયેલ છે. પરંતુ ધર્મના નામે લોકો વિરોધ કરે છે. ○ વહીવટી સુધારણા માટે વધારે સ્ટાફની જરૂર છે. નકલી કચેરી, નકલી કોર્ટ, નકલી પોલીસ વગેરે પકડાય છે. સરકારનો વહીવટીતંત્ર પર કાબૂ નથી. ○ વ્યક્તિગત રજૂઆત કરતાં ડર લાગે છે. તેથી મંડળ કે સંઘ બનાવીને રજૂઆત કરવી જોઈએ. ○ લોકશાહી શાસન વ્યવસ્થા, આરોગ્ય, શિક્ષણ, સલામતીની જવાબદારી સરકારે સ્વીકારેલ છે. આ સરકારની જવાબદારી છે અને તેનો અમલ થવો જોઈએ. અમલમાં ઝડપ લાવવાની જરૂર છે. ○પોલીસ કામગીરીમાં પેટ્રોલિંગ ફરજિયાત હતું. ગામડાઓ, સમાજના વડીલો વગેરેની મુલાકાત લેવાતી હતી પણ તે બધું ધીરે ધીરે ઓછું થતું ગયું છે. ○ ગુનાખોરીનું પ્રમાણ વધ્યું છે. કાયદાનો ડર રહે તો જ તેમાં ફેર પડે. જે કારણો જે ક્ષતિઓ હોઈ શકે તે દૂર કરવામાં આવે. ○ ટેકનોલોજીના ઉપયોગથી ઇન્વેસ્ટીગેશન બરાબર થવું જોઈએ. ○આપણા પ્રતિનિધિઓની પણ આ જવાબદારી છે. તેમને આપણે સક્રિય રાખવા જોઈએ.

## ૨. શિક્ષણ

**આ વિષય પરની ચર્ચા અને ઉદ્‌બોધનમાં નીચેના મુદ્દાઓ આવરી લેવાયા હતા**

○ શાળાઓમાં લગભગ ૩૭૦૦૦ શિક્ષકોની ઘટ છે. આ ઘટ વર્ષોથી ચાલી આવે છે. સરકાર નવી ભરતીની જાહેરાત કરે છે. પરંતુ તે પ્રમાણે અમલ થતો નથી અને ઘટ ચાલુ જ રહે છે. ○ સરકાર લોકાર્પણ કાર્યક્રમોમાં લાખો રૂપિયાનું ખર્ચ કરે છે. જ્યારે પ્રા.શાળાની ખંડેર હાલત તરફ સરકારની નજર જતી નથી. ખરેખર લોકાર્પણના કાર્યક્રમો મોકૂફ રાખી કે ખર્ચ ઘટાડી શાળાઓનાં મકાનોની સ્થિતિ સુધારવા ઉપયોગ કરવો જોઈએ. ○ વાસ્તવમાં ૪૦ બાળકોએ એક શિક્ષક હોવો જોઈએ. તેનાથી ઊલટું આપણા રાજ્યમાં ૨-૩ ધોરણ દીઠ એક શિક્ષક હોય છે. આ સ્થિતિમાં સુધારો થવો જોઈએ. ○ એમ સંભળાય છે કે ગુજરાતમાં ઓલિમ્પિક રમતોનું આયોજન નક્કી થયેલ છે. તેની પાછળ કરોડોનો ખર્ચ થવાનો છે. પરંતુ શાળાઓની સ્થિતિ સુધરતી નથી. પી.ટી. શિક્ષકોની ભરતી થતી નથી કારણ કે રમતનાં મેદાનો નથી. કલા શિક્ષકો અને સંગીત શિક્ષકોની પણ ભરતી થતી નથી. ○ જ્ઞાન આધારિત સમજનો વિકાસ થવાને બદલે માત્ર પરીક્ષાલક્ષી શિક્ષણ પર ભાર મૂકવામાં આવે છે. સારા શિક્ષકો મળવા મુશ્કેલ છે. ટ્યૂશન કલ્ચર બંધ થવું જોઈએ. ○ રણમાં કામ કરતા અગરિયાઓનાં બાળકો માટે શિક્ષણની વ્યવસ્થા ઘણી અપૂરતી છે. ગણતર સંસ્થાની મદદથી થોડીક વ્યવસ્થા થઈ છે પરંતુ પૂરતી નથી. ○ વિદ્યાર્થીઓમાં મોટા પ્રમાણમાં અંધશ્રદ્ધા પ્રવર્તતી જોવા મળે છે. તેને શાળા કક્ષાએથી જ દૂર કરવાની જરૂર છે. ○ બાળકોને પ્રશ્ન પૂછવા ઉત્તેજન મળવું જોઈએ. ○ અમુક શાળાઓમાં કાયદાથી નક્કી કરેલ ફી કરતાં પણ વધારે ફી ઉઘાડે છોગે લેવાય છે. મેડિકલમાં ખૂબ જ ઊંચી ફી લેવાય છે. વાલીઓ આટલી ઊંચી ફી ભરી શકતા નથી, જેને પરિણામે બાળકો શિક્ષણથી વંચિત રહી જાય છે. આ માટે કાયદાનો કડક અમલ થવો જોઈએ. ○ શિક્ષણમાં ખાનગીકરણને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે. ખમતીધર વાલીઓ સ્ટેટસ માટે ઊંચી ફી ભરે છે પણ સામાન્ય વાલીનું ગજું નથી ○ કેટલીય સરકારી શાળાઓ બંધ થઈ ગઈ છે. આને વિકાસ ન કહેવાય. ○ શાળાનાં પાઠ્યપુસ્તકોમાંથી ડાર્વીનનો ઉત્ક્રાંતિવાદ રદ કરવાની હિલચાલ યોગ્ય નથી. શાળાનાં પાઠ્યપુસ્તકોમાં જીવન ઉપયોગી માહિતી, વિજ્ઞાન, નાગરિકશાસ્ત્ર તેમજ બંધારણની અગત્યની જોગવાઈઓનો સમાવેશ થવો જોઈએ. કોઈ પણ ધર્મનું ધાર્મિક શિક્ષણ શાળાઓમાં ન આપવું જોઈએ. ○ રાજ્યમાં મલ્ટી હોસ્પિટલોની જેમ મલ્ટી શાળઓ શરૂ થઈ છે. શાળાઓમાં રમતગમતને મહત્ત્વ આપવામાં આવતું નથી. ડમી શાળાઓ અને નકલી સરકારી અધિકારીઓ કૌભાંડો આચરી રહ્યા છે તેને રોકવું જોઈએ. ○ રાજસ્થાનના કોટા શહેરમાં શિક્ષણનો ઉદ્યોગ પૂર બહારમાં ખીલ્યો છે. છેલ્લા એક વર્ષમાં ૨૬ વિદ્યાર્થીઓએ કોટામાં આત્મહત્યા કરેલ છે. શાળાઓ બંધ કરીને કે મર્જ કરીને બાળકોને શિક્ષણથી વંચિત કરવામાં આવી રહ્યાં છે. ○ રાજ્યની યુનિવર્સિટીઓમાં સત્તાધારી પક્ષ દ્વારા વિચારોને અનુકૂળ માણસોને ગોઠવવામાં આવે છે. તે માટે તેમનામાં લાયકાત પણ હોતી નથી પરિણામે શિક્ષણ કથળે છે. ○ પ્રાથમિક શાળામાં ટોઈલેટ ન હોવાને કારણે વિદ્યાર્થિનીઓ અધવચ્ચેથી અભ્યાસ છોડી દે છે. ચોમાસાના સમયમાં નદી ઉભરાતી હોવાથી નદી પાર કરીને શાળાએ જવામાં અવરોધ પેદા થતો હોવાથી ખાસ કરીને બાળાઓ વચ્ચેથી અભ્યાસ છોડી દે છે. ○ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પૂરું પાડવાની જવાબદારી સરકારની હોવી જોઈએ અને શિક્ષણ ફી ગરીબ વર્ગને પોષાય તેવી હોવી જોઈએ.

### ■ નિષ્ણાતોનું મંતવ્ય

○ શાળા-પાઠ્યપુસ્તકોમાં જાતિભેદ, વર્ણાશ્રમ, ઊંચી અને નીચી જ્ઞાતિ વગેરે કુસંસ્કારો પ્રગટ થતા જોવા મળે છે. વર્તમાન શિક્ષણ આપણી માન્યતાઓથી મુક્તિ અપાવતું નથી. આપણાં પાઠ્યપુસ્તકો અને અભ્યાસક્રમ બંધારણને અનુલક્ષીને હોવાં જોઈએ. સમાજની રૂઢિચુસ્ત માન્યતાઓ શિક્ષણથી બદલાવી જોઈએ. ○ રમત-ગમતનાં મેદાનો નથી તે અફસોસજનક બાબત છે. આપણે સૌએ સાતત્યપૂર્ણ પ્રયત્નો કરતા રહેવાની જરૂર છે. ○ સ્કીલ ડેવલપમેન્ટનો અભ્યાસ અપર પ્રાયમરી લેવલથી થવો જોઈએ.

## ૩. આરોગ્ય

આ વિષય પરની ચર્ચા અને ઉદ્‌બોધનમાં નીચે મુજબના મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા.

○ આરોગ્યને નુકસાન એટલે પર્યાવરણને નુકસાન. ○ રોગોમાં કેન્સરનું પ્રમાણ વધતું જણાય છે. તેનું કારણ પાકમાં દવાઓનો બેફામ ઉપયોગ છે. ઉપરાંત તેલ, ઘી, ગોળ, ખાદ્ય પદાર્થો અને અનાજમાં ભેળસેળ પણ થાય છે. આપણી પાસે દરેક જિલ્લા દીઠ પુરવઠા તંત્ર હોવા છતાં ભેળસેળ રોકવા કોઈ અસરકારક પગલાં લેવાતાં નથી. ○ સરકાર આ ક્ષેત્રમાં પણ ખાનગીકરણનો પેસારો કરી રહી છે. આરોગ્ય તંત્ર પશ્ચિમના દેશો જેવું અસરકારક હોવું જોઈએ. ○ ડૉક્ટર મનફાવે તેટલી ફી વસૂલ કરે છે અને

પાવતી આપતા નથી. સારવાર માટે નિશ્ચિત ભાવપત્રક નથી. કઈ લેબોરેટરીમાં રીપોર્ટ કરાવવો તે પણ ડૉક્ટર નક્કી કરે છે. ○ બનાસકાંઠા, રાજસ્થાન સાથે જોડાયેલું છે. રાજસ્થાનના નજીકના વિસ્તારોમાંથી સારવાર માટે આવતા દર્દીઓને જીપ ડ્રાઈવરો નિશ્ચિત દવાખાને લઈ જતા હોય છે. અહીં પણ હપ્તાઓની ગોઠવણ ચાલે છે. ○ કોઈ પ્રાઈવેટ લેબોરેટરી હોવી જોઈએ નહીં. તેના બદલે સરકારે જ એવી લેબોરેટરી ઊભી કરવી જોઈએ કે જેમાં બધા જ પ્રકારનાં પરીક્ષણો થાય. ○ પ્રસૂતાઓમાં સિઝેરીયનનું પ્રમાણ વધી રહ્યું છે. મોટા ભાગના કેસોમાં નોર્મલ ડીલીવરી થતી નથી. ○ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોમાંથી ડૉક્ટરો સમયસર આવતા નથી. નિષ્ણાત ડૉક્ટરોની કમી હોય છે. આરોગ્યની કાળજી લેવાની જવાબદારી સરકારની છે પરંતુ સરકારનો કોઈ કાબૂ નથી. ○ આપણે કલ્યાણ રાજ્ય છીએ તેથી આરોગ્ય, સલામતી તેમજ શિક્ષણની સવલત સરકારે નિઃશુલ્ક પૂરી પાડવી જોઈએ. સરકારી હૉસ્પિટલોનું ખાનગીકરણ અટકાવવું જોઈએ. ○ ગુજરાતમાં મહિલાઓ તેમજ બાળકોમાં કુપોષણનો પ્રશ્ન મોટો છે. તેનું નિરાકરણ લાવવું જોઈએ. ○ લોકો રસ્તા પર ગંદકી ફેલાવે છે. તેમના માટે દંડાત્મક કાર્યવાહી થવી જોઈએ.

### ■ નિષ્ણાતોનું મંતવ્ય

○ આપણો સમાજ માંદો છે. આ રાષ્ટ્રીય સમસ્યા છે. આપણે ત્યાં લોકો શિસ્તમાં માનતા નથી. આપણે સરકારનો દોષ કાઢીએ છીએ પણ આપણે જ સરકાર છીએ. ○ સરકારે નિષ્ણાત ડૉક્ટરોને સારા પગારો ચૂકવીને અને વધારે સગવડો આપીને નિયમિત ધોરણે રોકવા જોઈએ. ○ જિલ્લાના ધારાસભ્યો તેમ જ સંસદ સભ્યોને આપણા પ્રશ્નો રજૂ કરવા જોઈએ. લોક પ્રતિનિધિઓએ લોકોની વાત સાંભળવી જોઈએ. કેરાલામાં ૧૦0% લોકો શિક્ષિત છે. ગુજરાતમાં રજૂઆત કરવા માટે લોકપ્રતિનિધિઓ સરળતાથી ઉપલબ્ધ હોતા નથી. ○ સરકારી દવાખાનાઓમાં સાધનોનો અભાવ હોય છે. સમાજની જાગૃતિનો આ સવાલ છે. ○ સરકારી દવાખાનાઓનો મહત્તમ ઉપયોગ કરવો જોઈએ.

### ૪. પર્યાવરણ

○ ગુજરાતનો દરિયાકિનારો ૧૬૦૦ કિ.મી.નો આપણે કહીએ છીએ. વાસ્તવમાં દરિયો આગળ વધ્યો છે અને હાલે ગુજરાતનો દરિયાકિનારો ૨૩૦૦ કિ.મી.નો છે. તેના પરિણામે જમીનમાં ખારાશ વધી રહી છે અને દરિયો કેટલાંય ગામોની નજીક આવી ગયો છે. ○ ડી.જે.ના અવાજથી ઘોંઘાટ પ્રદૂષણ વધે છે. આ પ્રદૂષણથી મકાનોનાં બારી-બારણાં ધ્રૂજે છે. કાનના પડદા ફાટી જાય તેટલો ઘોંઘાટ હોય છે. ડી.જે.ના તાલ સાથે રસ્તા વચ્ચે નાચગાન અને ફટાકડા ફોડવા પર પ્રતિબંધ હોવો જોઈએ. ડી.જે.નો અવાજ ૪૫ ડેસીમલ સુધી સહ્ય હોય છે. જ્યારે ડી.જે. સામાન્ય રીતે ૯૦ ડેસીમલે વગાડવામાં આવે છે. ○ પાલનપુરને પ્લાસ્ટીક મુક્ત જાહેર કરાયેલ છે. પરંતુ પાલનપુર શહેરમાં પ્લાસ્ટીકના ઢગલા ઠેર ઠેર જોવા મળે છે. અમલીકરણમાં અસરકારકતાનો અભાવ જોવા મળે છે. કાયદાનું કડક પાલન કરવામાં સરકાર નિષ્ફળ છે. ○ વાહનોના ધૂમાડાથી પ્રદૂષણ વધે છે. ○ શહેરના અનેક રસ્તા પર કચરો ફેંકાયેલો જોવા મળે છે. ફરિયાદો કરવા છતાંય તંત્ર સાંભળતું નથી. ○ પાલનપુર શહેરમાંથી લડબી નદી અદશ્ય થઈ ગઈ છે. ૨૦૧૫માં તેના પરનાં દબાણો દૂર કરી નદી ખુલ્લી કરવા હાઈકોર્ટમાં પીઆઈએલ થઈ છે. હજુ સુધી તેનો નિર્ણય આવેલ નથી. ○ ફટાકડાના ઉત્પાદન, વેચાણ અને તેના ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ હોવો જોઈએ. તાજેતરમાં ડીસાની ફટાકડાની ફેક્ટરીમાં ૨૧ મજૂરો મૃત્યુ પામ્યાની દુઃખદાયક ઘટના બની છે. ○ ખાતરી કર્યા વગર એન.એ.ના હુકમો અપાય છે. જેથી ખેતીલાયક જમીનો ઓછી થતી જાય છે. ○ હોટલો અને પેટ્રોલપંપો માટે મોટા પ્રમાણમાં વૃક્ષ છેદન કરવામાં આવે છે. ○ વિકાસના નામે લાખો વૃક્ષોનું નિકંદન કાઢવામાં આવે છે

### નિષ્ણાતોનું મંતવ્ય

○ આપણી પોલિસી ખામી ભરેલી છે. રાજ્યમાં જન્મથી દરેક વ્યક્તિ પર લાખો રૂપિયાનું દેવું હોય છે. આપણે એવી સિસ્ટમ, શિક્ષકો, પોલીટિશયનોની જરૂર છે જે આપણને મદદ કરે. ○ ટ્રાફિક સમસ્યા આખા રાજ્યમાં છે. આ સમસ્યા કેમ હળવી કરી શકાય તેનું આપણે આયોજન કરતા નથી. લોકો એક જ સમયે એકી સાથે રોડ પર આવે છે તેના બદલે તબક્કાવાર નીકળે તેવું આયોજન થવું જોઈએ. કારની સંખ્યામાં કુટુંબદીઠ એકથી વધવી જોઈએ નહીં. ○ બનાસકાંઠામાં ભૂગર્ભ જળ ખૂબ ઊંડાં જઈ રહ્યાં છે. જો આ સ્થિતિ ચાલુ રહેશે તો બનાસકાંઠામાં પાણીની શી સ્થિતિ થશે તે કહી શકાતું નથી. ○ રાત્રી સમય દરમ્યાન મોટા પ્રમાણમાં માર્ગ અકસ્માતો થાય છે. તેથી રાત્રે ૧૦ કલાકથી લઈ સવારના ૫ વાગ્યા સુધી પ્રવાસ પર પ્રતિબંધ થવો જોઈએ. ○ સૌએ સક્રિય રહી પર્યાવરણ વિશે ચિંતા કરવાની જરૂર છે. ○ કચરામાંથી કંચન યોજના, નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ પર્યાવરણ માટે કામ કરે છે. ○ જાહેર પરિવહન વ્યવસ્થા મજબૂત બનવી જોઈએ.

### ■ જાહેર વહીવટ

સામાન્ય લોકોને જાહેર વહીવટની કચેરીઓ, જેવી કે પોલીસ સ્ટેશન, અદાલત, મામલતદાર, કલેક્ટર, વીજળી બોર્ડ, શિક્ષણાધિકારી વગેરે સાથે નિસ્બત હોય છે. કોઈ પણ અરજદાર કોઈ પણ કચેરીએ અરજી લઈને પહોંચે ત્યારે તેની સાથે સહાનુભૂતિભર્યો વ્યવહાર થવો જોઈએ. તેના બદલે તેની સાથે ક્યારેક ગુસ્સાભર્યું વર્તન દાખવવામાં આવે છે. અરજદાર મોટા ભાગે નિરક્ષર અને વહીવટની આંટીઘૂંટીની સમજ વગરનો હોય છે જેથી તેને માર્ગદર્શન મળવું જોઈએ. તેને બદલે વહીવટની પરિસ્થિતિ એવી છે કે અરજદાર વર્ષો સુધી કચેરીઓના ધક્કા ખાય છે.

○ કર્મચારીને માત્ર સિનિયોરીટી કે નોકરીનાં વર્ષો આધારિત પ્રમોશન આપવાને બદલે કાર્યકુશળતાની સમીક્ષા કર્યા બાદ પ્રમોશન આપવું જોઈએ. ○ જાહેર વહીવટમાં કરાર આધારિત નોકરીને સ્થાન હોવું જોઈએ નહિ. ○ દરેક કર્મચારીની કામ કરવા માટે સમય મર્યાદા અને જવાબદારી નક્કી થવી જોઈએ. ○ જ્યાં સુધી કર્મચારી કે અધિકારીની જવાબદારી નક્કી થાય નહિ ત્યાં સુધી તુમારની ફાઈલો વધ્યા કરશે અને અરજદારની ફરિયાદનો નિકાલ આવશે નહિ. ○ નોકરીમાં કોન્ટ્રાક્ટ પદ્ધતિ દૂર થવી જોઈએ. ○ સરકારે પોતાના કર્મચારીઓ સાથે માનવીય અભિગમ અપનાવવો જોઈએ. કોઈ કર્મચારી સાથે પ્રશ્ન હોય તો કોર્ટ કચેરી જવા કરતાં સંવાદથી તેનો ઉકેલ લાવવો જોઈએ. કોર્ટ કચેરીમાં ખૂબ સમય લાગે છે અને બંને પક્ષે

ખર્ચ પણ ઘણો થાય છે અને સંતોષકારક નિકાલ પણ ઘણી વાર થતો હોતો નથી. ○ કેટલીક કચેરીઓમાં અધિકારીઓ/કર્મચારીઓ અરજદારો સાથે તોછડું વર્તન કરે છે. તેમને વારંવાર ધક્કા ખવડાવે છે. દરેક કર્મચારીની તુમાર નિકાલ માટે સમયાધિન જવાબદારી નક્કી થવી જોઈએ. ○ સમગ્ર જનતાના આરોગ્ય, જાનમાલ, સલામતીને અસર કરતા કાયદાઓમાં સજાની જોગવાઈ અને અમલવારી કાયદાનો ડર લાગે એ રીતે થવી જોઈએ.

## ■ નિષ્ણાતોનું મંતવ્ય

○ વહીવટી સુધારણા એવી કાર્યપદ્ધતિ છે, જેમાં પ્રામાણિકતા જરૂરી છે. નાગરિકોની ફરિયાદો, જુદા જુદા તબક્કે પંચમાં અહેવાલો રજૂ કર્યા છે. નીતિગત વ્યવસ્થાનો વિષય છે. લોકોની સમસ્યાનો ઉકેલ જરૂરી છે. ○ સરકારી વ્યવસ્થાનો સક્રિયપણે ઉપયોગ કરવો જોઈએ. નાગરિકોએ આધાર સાથે સક્રિય રજૂઆત કરતા રહેવું જોઈએ. ○ બધાને ઢંઢોળો. સરકાર પ્રયત્નો કરી રહી છે તેને જગાડો. જે દિવસે આપણો અવાજ રજૂ કરવાની સંખ્યા વધશે ત્યારે સરકારને બદલાવું પડશે. પોલિસી બદલવી પડશે. ○ સમયાંતરે મોનીટરીંગ થવું જરૂરી છે. ○ કર્મચારીઓને કાર્યકુશળતા તેમજ લોકો સાથે સલુકાઈપૂર્ણ વ્યવહાર માટે દર ૫ વર્ષે તાલીમ આપવી જોઈએ. ○ ભ્રષ્ટ કર્મચારીઓ સાથે સખત કાર્યવાહી થવી જોઈએ.

### સંવાદ બેઠક યોજનાર સંસ્થાઓ

૦ બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ, પાલનપુર, ૦ સોસાયટી ફોર ફાસ્ટ જસ્ટીસ, બનાસકાંઠા ૦ લોકનિકેતન, રતનપુર (પાલનપુર), ૦ યુવા જાગૃતિ અભિયાન, પાલનપુર.

મો.: ૯૩૭૪૦૧૮૧૧૧ **– અશ્વિન કારીઆ, ગિરીશભાઈ સુંઢિયા અને સાથી મિત્રો**

---

**મનને જાણીએ...** (પાન ૩નું ચાલુ)

ચૂકી છે, તેથી ચિત્ત પ્રસન્ન હોય છે. આવી સ્થિતિમાં જો અધ્યયન કરીએ તો પ્રસન્ન ચિત્ત પર થોડાક સમયમાં જ્ઞાનની અસર થવા લાગે છે, જે દિવસના અન્ય સમયમાં પડતી નથી.

આપણા ચિત્ત પર બાહ્ય સૃષ્ટિની અસર નહીં થાય તો ચિત્ત મુક્ત રહેશે, પ્રસન્ન રહેશે. પ્રસન્નતા એટલે ખુશી કે સારું લાગવું તેવો અર્થ નહીં. મનઃપ્રસાદ અર્થાત્ ચિત્ત નિર્મળ થવા પર પરમાત્મ-દર્શન થાય છે. આજે ચિત્ત પર કચરો પડ્યો છે, માટે દર્શન થતું નથી.

પતંજલિએ યોગસૂત્રમાં ચિત્ત-પ્રસન્નતા માટે મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા - આવા ચાર પ્રકારના ભાવ કહ્યા છે. દુઃખી પીડિત લોકો માટે કરુણા, સુખી લોકો સાથે મૈત્રી, પુણ્યવાન લોકોને જોઈને આનંદ અથવા પ્રેમનો અનુભવ અને પાપી લોકોની ઉપેક્ષા અર્થાત્ બીજાના પાપ તરફ ધ્યાન ન આપવું. આનો સારાંશ એટલો કે સુખ, દુઃખ, પાપ, પુણ્ય - આ ચાર વિષય બતાવીને એના માટેની ચાર પ્રકારની ભાવનાઓ કરવાથી ચિત્ત પ્રસન્ન થશે, આ પતંજલિનો મત છે. અને એમણે આ જ ભાવ સૂત્રબદ્ધ કર્યો છે - मैत्री - करुणा - मुदितोपेक्षाणाम् सुख-दुःख - पुण्यापुण्य - विषयाणाम् भावनातः चित्तप्रसादनम् ।

(ક્રમશઃ)

**ગુજરાતીઓ અને તેની...** (પાન ૧૧નું ચાલુ)

જોકે આફ્રિકાની પ્રજાએ તો ગુજરાતીઓને શોષણ કરનારા અને વંશીય ભેદભાવવાળા જ ગણ્યા. ગુજરાતીઓના એક નાનકડા વર્ગે રંગભેદ વિરોધી સંઘર્ષને અને ૧૯૫૦ના દાયકામાં કેન્યાના માઉમાઉ નામના અંગ્રેજો વિરુદ્ધના બળવાને ટેકો પૂરો પાડેલો. મોટા ભાગના ગુજરાતીઓ તો પોતાને ત્યાંની દેશી પ્રજા કરતાં ધોળા યુરોપિયનોની પોતે નજીક હોય એમ જ માનતા રહ્યા. સ્થિતિ ત્યારે બદલાઈ જ્યારે ૧૯૭૦ના દાયકામાં યુગાન્ડાના નેતા ઈદી અમીને ગુજરાતીઓ સહિત બધા એશિયાવાસીઓને હેરાન-પરેશાન કરીને ખદેડી મૂક્યા.

એ લોકો પાસે બ્રિટિશ નાગરિકતા હતી તેથી એ નિરાશ્રિતો તરીકે બ્રિટન તરફ વળ્યા. તે વખતે ત્યાં અંગ્રેજશાસનકાળ દરમ્યાનથી બહુ થોડા ગુજરાતીઓ વસતા હતા. આફ્રિકાથી આવેલા ગુજરાતીઓ ધીરે ધીરે લેસ્ટરમાં વસવા લાગ્યા. પરસ્પરની સહાયથી તેમનાં જીવન સુધર્યાં. કોમી સદ્ભાવનાએ લેસ્ટરને નવું જીવન બક્ષ્યું – જ્યારે હિંદુઓ મુસલમાનોને ત્યાં અને મુસલમાનો હિંદુઓને ત્યાં કામ કરવા લાગ્યા. પરંતુ ૨૦૨૨માં પરિસ્થિતિ બદલાઈ. ત્યારે બહારથી આવેલા ગુજરાતીઓ સ્થાનિકો સાથે ભળતા ન હતા. ભારત-પાકિસ્તાન ક્રિકેટમેચ રમાઈ જેમાં ભારત જીત્યું. ઊજવણીના ઉન્માદમાં આ સમુદાય સ્થાનિક મુસ્લિમોને પાકિસ્તાન વિરોધી સૂત્રોચ્ચાર કરીને, જયશ્રી રામના ઉદ્ઘોષ કરીને, ડરાવવા લાગ્યો. તેમાંથી તોફાનો થયાં. ત્રિપાઠી લખે છે કે જે રાજકારણ ભારતને વિભાજિત કરે છે તેણે અહીં પણ માથું ઊંચક્યું. જે અંગ્રેજનગર વિવિધતા માટે જાણીતું હતું તે એનો ભોગ બન્યું.

આફ્રિકાથી પાછા ફરેલા ગુજરાતી પાટીદારોમાંના કેટલાક વાયા બ્રિટન અમેરિકા પહોંચ્યા. એમણે શરૂઆતમાં કેલિફોર્નિયાની મોટેલોમાં રોકાણ કર્યું. ૧૯૭૦થી અહીં વિવિધ ક્ષેત્રોમાં કામ કરતી થોડીક ગુજરાતી વસતિ તો હતી જ. બ્રિટન અને અમેરિકાના ગુજરાતીઓ અહીં ગ્રોસરી સ્ટોર ઉપરાંત વેપાર-ઉદ્યોગમાં પણ હતા. આ જ લોકો અહીંના નાગરિકો હતા. રાજકીય ક્ષેત્રે કન્ઝર્વેટીવ, લિબરલ અને ડાબેરી પક્ષોમાં સક્રિય હતા. કેટલાક તો એવા હતા જેમણે એશિયાના કામદારોના અધિકારોના મુદ્દે મહત્ત્વની પ્રગતિશીલ અને ઉદ્દામવાદી ભૂમિકા અદા કરેલી.

પુસ્તકનો છેલ્લો ભાગ ૨૦૦૨ના સંહાર વિશે છે. જેનું નામ છે : 'આપણી મારવાની રીત.' જે ગુજરાતીઓ પોતાને શાંતિપ્રિય અહિંસક અને આનંદી શાકાહારીઓ તરીકે ઓળખાવવામાં ગૌરવ અનુભવે છે તેમને આ પ્રકરણ નહિ ગમે. ત્રિપાઠી આ તબક્કે ગુજરાતીઓને અને ખાસ કરીને બૌદ્ધિકોને સવાલ કરે છે કે તમે ત્યારે મૌન કેમ રહ્યા? જે કંઈ આસપાસ બન્યું તેને કેમ ચલાવી લીધું? આપણને સાંત્વન એ વિગતમાંથી મળે છે કે એવા બે ગ્રંથો મળે છે જેમાં કોમી સદ્ભાવના અને ભોગ બનેલાને સહાયના સંખ્યાબંધ કિસ્સાઓ વર્ણવાયા છે.

કોઈ મુદ્દાની આસપાસ એક પ્રકારનો ચોક્કસ અભિગમ લઈને બેઠેલા વાચકને આ પુસ્તકમાંની ઘણી વાતો નિરાશ પણ કરે. કેટલાક હકીકત દોષો પણ તેમાં ભળેલા છે. આમ છતાં આ ગ્રંથ બંધિયાર માનસિકતા ન ધરાવતા કોઈ સમુદાયના ખુલ્લા દિમાગના વાચકોને જરૂર ગમશે.

(અનુ. ડંકેશ ઓઝા) (મો.: ૯૩૭૬૨૨૭૪૬૯) **– ઘનશ્યામ શાહ**

# જયપ્રકાશ નારાયણ : સંપૂર્ણ ક્રાંતિના મહાનાયક

હવે થોડાં અઠવાડિયાં, અને કટોકટીરાજ જાહેર થયું એની પચાસ-વરસીએ પહોંચીશું. તે નિમિત્તે વર્તમાનમાં ખોડાઈ લગરીક ભૂત ને કંઈક ભાવિ જોવા-તપાસવાનો સણકો કમબખ્ત કેડો મેલતો નથી.

૨૦૨૫ના જૂનની પાંચમીના ઉંબર કલાકોમાં ઊભી આજે ૧૯૭૪ અને ૧૯૭૫ના જૂનની પાંચમી નિમિત્તે થોડીક દિલખુલાસ નુક્તેચીની કરવા ચહું છું.

૧૯૭૫ના જૂનના પહેલા અઠવાડિયામાં બે-ત્રણ દિવસ ગુજરાતના ચૂંટણી પ્રવાસમાં હું જયપ્રકાશજીની જોડે હતો. વચ્ચે વચ્ચે યદચ્છા વાતો થતી રહેતી. એ ગુજરાત વિશે કંઈક પૂછેસંભારે; વળી આ દિવસોમાં બિહારમાં શું હશે, શું નહીં, એનીયે વાત કંઈક સ્વગતોક્તિની રીતે કરે.

મુદ્દે, આગલા વરસની, ૧૯૭૪ની, પાંચમી જૂન એમને સારુ ખાસ હતી. અને ઓણ એ તારીખે તે બિહારમાં નથી, એનો કંઈક વસવસો પણ એમને હશે. જતી જિંદગીએ, જોકે નવપ્રભાતે, એક સિપેહસાલાર જુએ એવાં ક્રાંતિસપનાં એ જોતા હશે - અને તાકડે પોતે સીધી સમરભૂમિ એટલે કે બિહારમાં નથી, એ વાસ્તવિકતાએ કંઈક સોરવાતા પણ હશે.

નવનિર્માણના છાત્રયુવા સમુદાય સાથે દોસ્તી, દિલ્લગી ને દિલની વાતો કરવાનો, તો ગાંધી-રુઝાન ધરાવતી બિરાદરી સાથે લોકઆંદોલનને સંભવિત વળાંકની રીતે પ્રગટ મંથનનો એક દોર પૂરો કરી એમણે ફેબ્રુઆરીના બીજા-ત્રીજા અઠવાડિયામાં દિલ્હી મુકામ કીધો હતો. વડાપ્રધાન ઇંદિરા ગાંધી સાથે તેમ વિપક્ષ નેતાઓ સાથેની વાતચીતમાં હજુ એ સંવાદખોજની ભૂમિકાએ હતા.

બિહાર પહોંચ્યા અને ત્યાંની પરિસ્થિતિમાં સરકાર ને સત્તા પક્ષના છેડેથી છાત્રયુવા અજંપા સાથે દમનદોરનો જે અનુભવ કર્યો તે કેમ જાણે હમણેના ગળામાં કફનમાં છેલ્લા છેલ્લા ખીલા જેવો હતો. શાંતિમય હિલચાલની શરતે એમણે યુવાનોનું નેતૃત્વ સ્વીકાર્યું ને આંદોલન આગળ ચાલ્યું. મને સાંભરે છે, એ જ મહિનાઓમાં તો ધર્મવીર ભારતીએ કાવ્યકેમેરે આબાદ ચિત્ર કંડાર્યું હતું :

*ખલક ખુદા કા, મુલુક બારશાકા હુકુમ શહર કોતવાલકા*
*હર ખાસો આમકો આગાહ કિયા જાતા હૈ કિ ખબરદાર રહેં*
*ઔર અપને અપને કિવાંડો કો અંદરસે કુંડી ચઢાકર બંદ કર લેં*
*ગિરા લેં ખિડકિયોં કે પરદે ઔર બચ્ચોં કો બહાર સડક પર ભેજેં*
*ક્યોં કિ એક બહત્તર બરસકા બૂઢા આદમી અપની કાંપતી કમજોર*
*આવાજ મેં સડકોં પર સચ બોલતા હુઆ નિકલ પડા હૈ !*

જયપ્રકાશ ચિત્રમાં આવ્યા ત્યારે એમને મન મુદ્દો કેવળ રાજીનામામાં સીમિત નહોતો. ધોરણસરની નવી ચૂંટણીની વાત તો જાણે ખરી, પણ કાયદા કાનૂનની ને એવી તેવી વાતે અગર આટેપાટે અટકવાનો ખ્યાલ મુદ્દલ નહીં; ગાંધી માહોલમાં એ આઝાદીના જંગમાં કૂદી પડ્યા હતા તે માત્ર ગોરા સાહેબોને સ્થાને કાળા કે ઘઉંવરણા સાહેબોના સ્થાપના સારુ તો નહીં - એ લડાઈ સમાજ પરિવર્તનની હતી.

વંદેમાતરમ્‌નો નારો 'ઇન્કિલાબ ઝિંદાબાદ'ના દોર સાથે નકરા રાજપલટાથી આગળ જવા સારુ હતો. સન સુડતાલીસ પછી ધારો કે એ ધારા છૂટી ગઈ હોય તો હવે આ એના પુનઃઆવાહનની પળ હતી-હાસ્તો. '૪૭નું ઊંધું '૭૪ ! ૧૯૭૪ની પાંચમી જૂને એટલે સ્તો પટણાના ગાંધી મેદાનમાં વિરાટ રેલીને સંબોધતા જયપ્રકાશે કહી નાખ્યું'તું કે આ જંગ સાપનાથ જાય અને નાગનાથ આવે એટલા પૂરતો નથી.... સંપૂર્ણ ક્રાંતિનો આ જંગ છે. સંપૂર્ણ ક્રાંતિનો ! બરાબર અંતે વરસ પૂરું થઈ રહ્યું છે ને ત્યારે પોતે પટણામાં એની રૂ-બ-રૂ યાદ આપવા વાસ્તે નથી એનો એમને કંઈક ખટકો હતો. સ્વગતોક્તિની રાહે એ કંઈક ગણગણતા પણ જણાયા હતા - ગર મૈં વહાઁ હોતા.

સામ્રાજ્ય પરિવર્તનના આંદોલનમાં સત્તા પરિવર્તન - વિધાનસભાની ચૂંટણીએ ફતેહ સાથે અને છતાં બેડો ગરક તો નહીં થઈ જાય ને એ એમની અમૂઝણ હતી.

ગમે તેમ પણ, નડિયાદની જાહેર સભા પછી વિઠ્ઠલ વિદ્યાલયમાં ઉત્સાહી યુવાજનો સાથે વાર્તાલાપ કરવાનો બન્યો ત્યારે જયપ્રકાશ પાછા અસ્સલ મિજાજમાં આવી ગયા. કોઈએ ચંબલના બાગીઓ વિશે પૂછ્યું તો એમણે એ જવાબ આપ્યો એ હતો પણ રસિક, એટલો જ સૂચક કે એના કરતાં હાલનું કામ લગાર કાઠું છે !

વડોદરા પહોંચ્યા, જ્યોતિના ગેસ્ટ હાઉસમાં-ને એ કંઈક આરામ સારુ આડા પડ્યા ત્યાં મને (અલબત્ત એમના માટે) મળવા પત્રકાર મિત્રો કિરીટ ભટ્ટ ને વિક્રમ રાવ આવી પહોંચ્યા. એમની ચિંતા રાજ્યના મંત્રી અને પૂર્વ મેયર ઠાકોરભાઈ જેવા બધી જ રીતે પહોંચતા ઉમેદવાર સામે જનતા મોરચાના આજીવન સેવાવ્રતી ને અક્ષરશઃ અકિંચનવત્ મેંઢારકરની ઉમેદવારીને અંગે હતી. એ તો વાત કરીને ગયા, પણ જેપી ઊઠ્યા ત્યારે એમને મેં આ વાત કરી. પેંઢારકરને એ જૂના સમાજવાદીને નાતે જાણતા પણ હશે.

એમણે મને કહ્યું, તું એક ચિઠ્ઠી લખીને તૈયાર રાખજે અને મારા વક્તવ્યમાં હું હાલની ચૂંટણીપ્રથા ને આકરા ખર્ચા વિશે કહું કે તરત મને આપજે. હું એક રાજકીય સંપન્ન સામે સમર્પિત વિપન્નનું સમર્થન એ લોકશાહીની જરૂરત છે તે નામજોગ સમજાવીશ. કહેવાની જરૂર નથી, આ ચિઠ્ઠી કરામતે ચૂંટણી પરિણામમાં રંગ દાખવ્યો હતો!


બીજે દિવસે રાત્રે રાજકોટની સભા પૂર્વે મેં ચિમનભાઈ શુકલને કહ્યું કે જે.પી.ના ભાષણ પૂર્વે અમારી સાથેનાં મંદાબહેન, બિહાર આંદોલનનું ધ્રુવગીત ગાશે : 'જયપ્રકાશ કા બિગુલ બજા તો જાગ ઊઠી તરુણાઈ હૈ.' જયપ્રકાશે ભાષણની શરૂઆતમાં જ આ ગાન સંભાર્યું ને કહ્યું કે તે કોઈ ચૂંટણીગીત નથી. પરિણામ પછી પણ ચાલુ લડતનું એ સંકલ્પગાન છે ને પોતે એની જોડપંક્તિ ઉમેરી : 'તિલક લગાને તુમ્હેં જવાનોં ક્રાંતિ દ્વાર પર આયી હૈ.'

જૂન '૭૪થી જૂન '૭૫ વચ્ચેની એક વરસની મજલમાં જેપી ભરજોસ્સે કદાચ જોતા હતા કે તિલક ને દ્વાર વચ્ચે અંતર હોવાનું છે.

સાભાર-દિવ્યભાસ્કર

**- પ્રકાશ ન. શાહ**

# ગુજરાતીઓ અને એમની અસ્મિતા




**આજ**ના આધુનિક વિશ્વમાં લોકો ઘણું કરીને બહુ આંતરસંબંધથી જોડાયેલાં હોય અને ગામોની મર્યાદામાં જ રહેતાં હોય એવું બનતું હોતું નથી. એથી આગળ વધીને અમુક સમુદાયો એકજૂટ પણ હોતા નથી. સામાજિક-આર્થિક તફાવત, સાંસ્કૃતિક ધોરણોમાં ફેરફાર, જુદાં મૂલ્યો અને વ્યક્તિતા બધું જ તેમને જુદા પાડતું હોય છે. છ કરોડ ગુજરાતીઓ માતૃભાષા ગુજરાતીને કારણે જોડાયેલાં રહ્યાં છે. પોતાને જે ગુજરાતી જ સમજે છે એમને માટે પણ વાત તો એ જ છે. સાડા પાંચ કરોડ જેટલાં લોકો ભારતના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યમાં રહે છે. આશરે સાઠ લાખ વિદેશમાં. સલિલ ત્રિપાઠી આ સમુદાયને અંદરથી તો ઓળખે છે અને દૂર રહીને પણ જાણે છે. 'The Gujaratis : A portrait of a Community' નામના તેમના તાજેતરના દળદાર પુસ્તકમાં આ સમુદાયની વાત કરવામાં આવી છે. પુસ્તકનાં ૭૦૦ પાનાં, ૧૨ વિભાગ, ૮૭ પ્રકરણ અને ઉપસંહારમાં આ સમુદાયનાં વિવિધ પાસાં વર્ણવાયાં છે.

આ ગ્રંથમાં આ સમુદાયનો ઇતિહાસ છે, જેમાં વિવિધ દેશો, બોલીઓ, કુટુંબજીવન, સાંસ્કૃતિક અને વ્યાવસાયિક ધોરણો, રાજકારણ, સાહિત્ય કલા, ધાર્મિક પરંપરાઓ અને કર્મકાંડો, ભોજનપ્રથાઓ અને વાનગીઓ, રમત-ગમત, કુટુંબ, સ્નેહ અને જાતીય સંબંધ વગેરે બાબતોને આવરી લેવામાં આવેલ છે. આ માટે લેખકે પુષ્કળ લોકોની મુલાકાતો કરી છે. દંતકથાઓ અને વાતો સાંભળી છે, પોતાનાં નિરીક્ષણો અને પ્રતિભાવો ઉમેર્યાં છે, માહિતીનો એક વિશાળ ખજાનો જાણે કે એક પુસ્તકરૂપે રજૂ કર્યો છે.

જે મહત્ત્વની બાબત ઊડીને આંખે વળગે છે તે એ કે લેખક આ સમુદાયને એક સુગ્રથિત એકમ તરીકે રજૂ નથી કરતા, પરંતુ તેમાં રહેલા વિરોધાભાસોને પણ બરાબર ઊપસાવે છે. ગુજરાતીઓ ભલે ગમે ત્યાં રહેતા હોય, ભારતના અન્ય લોકોની માફક ઊંચનીચના ભેદભાવોને કુદરતી વ્યવસ્થા તરીકે સ્વીકારીને ચાલે છે. ત્રિપાઠીના કહેવા મુજબ ગુજરાતની વસતિમાં બામણ-વાણિયા તો માત્ર ૭% જ છે, તેઓ ભાટિયા, લોહાણા, જૈન જેવા વેપારી સમુદાયોને પોતાના જેટલા જ સમૃદ્ધ કે વધુ સમૃદ્ધ માને છે. લેખકનું નિરીક્ષણ છે કે ગુજરાતી સમુદાયના ઉચ્ચ વર્ણોને પારસીઓ ગમે છે. કારણ કે તે એમના જેવા છે. મુસ્લિમો જે આશરે માંડ ૧૦% છે તે એમને મન જુદા છે.

આ અગ્રવર્ગ બીજા પર વધુ પડતો પ્રભાવ ધરાવે છે. સામાજિક ચર્ચા-વિચારણા અને કાર્યક્રમો પર તે જ અંકુશ ધરાવે છે. થોડાં અગ્રવર્ગી બ્રાહ્મણ કુટુંબોએ ભાષા આમ જ હોવી જોઈએ એવું નક્કી કરી નાખ્યું છે. જેમાં પારસીબોલી કે બીજી લોકબોલીઓને ભાગ્યે જ અસરકર્તા ગણવામાં આવી છે. સાડા સાત ટકા દલિતો અને ચૌદ ટકા આદિવાસીઓ આપણા જેવા ન ગણાય એમ તેઓ માને છે. અઢી ટકા વિચરતા સમુદાયોને પણ તે અલગ જ રાખે છે, ૨૫% કોળીઓને તેઓ પછાત ગણે છે. ગુજરાતીઓમાં ૧૨% પાટીદારો છે, જેઓ પરંપરાગત રીતે ઉપલા ત્રણ વર્ગોમાં ગણાયા નથી. આજે આર્થિક અને રાજકીય સત્તા મેળવીને વૈશ્યવર્ગમાં હોવાનો તેઓ દાવો કરે છે પણ તેમને ત્રિપાઠીએ 'અગ્રવર્ગ' તરીકે લક્ષમાં લીધા નથી.

ગુજરાતીઓ વિશ્વભરમાં વેપારીઓ તેમ જ ઉદ્યમી સમુદાય તરીકે ઓળખાયા છે. વેપાર-વણજ અને પરસ્પરનો સહકાર એ એમના વિશિષ્ટ ગુણો રહ્યા છે. તેઓ ભેગાં થઈને 'ઇન્વેસ્ટમેન્ટ ક્લબો' સ્થાપે છે અને શેરબજારમાં રોકાણ કરે છે. ૪૦ જેટલા અબજોપતિઓમાં ૧૧ જેટલા ગુજરાતીઓ છે, ૧૦૦ જેટલા ધનવાનોની યાદીમાં ૨૪ ગુજરાતીઓ છે. આ વર્ગમાં હિંદુ, પારસી, મુસ્લિમ એમ ત્રણેય સમાવિષ્ટ છે. સૌથી લાંબું પ્રકરણ ગુજરાતની 'અસ્મિતા' વિશે છે. તેનું ગુજરાતીઓને બહુ ગૌરવ છે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધી ગુજરાતી છે તો પાકિસ્તાનના રાષ્ટ્રપિતા મહમદઅલી ઝીણા પણ ગુજરાતી છે. સરદાર વલ્લભભાઈ પટેલ દેશી રજવાડાંને ભેળવીને ભારતનું રાષ્ટ્ર બનાવવા માટે જાણીતા છે. ગુજરાતે બે વડાપ્રધાન આપ્યા છે : મોરારજી દેસાઈ (૧૯૭૭-૭૯) અને નરેન્દ્ર મોદી. આધુનિકોમાં આદ્ય મનાયેલો 'નર્મદ' એ માટે જાણીતો છે કે જે કોઈ ગુજરાતમાં રહે છે 'એ સૌની છે ગુજરાત' એમ તે કહેતો હતો. મૂર્ધન્ય કવિ ઉમાશંકર જોશી તો ગુજરાતીઓને વિશ્વમાનવી બનાવવા તાગતા હતા. જોકે બન્યું છે એવું કે છેલ્લા ત્રણ દાયકામાં વિવિધ પક્ષોના રાજકારણીઓએ ગુજરાતની અસ્મિતાને 'બીજા'ની સામે મૂકી આપી છે !

ક.મા.મુનશી જે સાહિત્યકાર પણ હતા અને રાજકારણી પણ હતા, તેમણે જ ૧૯૩૦ના દસકામાં 'અસ્મિતા' શબ્દ ઘડી કાઢેલો. એમણે જ ગુજરાતીઓને સાંસ્કૃતિક સંવેદના, ઐતિહાસિક મહત્ત્વ અને રાજકીય ઓળખ બાબતે સભાન થતાં શીખવેલું. ૧૯૯૦ના દસકમાં મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલે ''નવું ગુજરાત, આગવું ગુજરાત''નું સૂત્ર આપી ગુજરાતી અસ્મિતાની યાદ અપાવેલી. પછી તેઓ નર્મદાબંધના વિરોધીઓને 'ગુજરાતના દુશ્મનો' તરીકે ઓળખાવી શકેલા. લેખક સલિલ ત્રિપાઠી નોંધે છે કે આજનું ગુજરાત નર્મદનું, ઉમાશંકરનું કે ગાંધીનું નથી, પણ મુનશીએ કલ્પેલી ભૂતકાળની ભવ્યતાની નજીકનું છે.

ગુજરાતને ભારતનાં બીજાં રાજ્યો કરતાં સૌથી લાંબો દરિયાકિનારો સાંપડ્યો છે. પરિણામે સદીઓથી એની પાસે દરિયાપારના દક્ષિણ એશિયા અને આરબ દેશો સાથેના વેપારનો ઇતિહાસ છે. તેથી જ વિદેશી ગુજરાતીઓ માટે લેખક ૧૩ જેટલાં પ્રકરણો ફાળવે છે. ૧૯મી સદીની શરૂઆતથી કચ્છના વેપારી ભાટિયાઓએ પહેલી વાર આફ્રિકા સાથે વેપાર ખોળી કાઢ્યો અને યુરોપ સુધી પહોંચી ગયા. ઓમાનના વિકાસમાં તેમનું પાયાનું યોગદાન રહ્યું. મસ્કતને તેમણે વેપારી કેન્દ્રમાં પલટી નાખ્યું. આ પછી મધ્ય અને દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના કેટલાક ગુજરાતીઓ જેમાં હિંદુઓ અને મુસલમાનો અને પાટીદારો પણ હતા, તેમને આફ્રિકી દેશો સાથે આર્થિક વ્યવહારની તકો સાંપડી અને પરદેશમાં સમૃદ્ધિને વર્યા.

(જુઓ પાન નં. ૯)

# માનવસેવાનું વટવૃક્ષ : કુલીનકાંત લુઠિયા - ૧

## ■ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ લોકસેવક

કોઈ માન-મોભો, માન-અકરામની અપેક્ષા વિના, નિઃસ્પૃહભાવે, લોકસેવા કરતા હોય, એવા બહુ ઓછા, આંગળીના વેઢે ગણાય, એવા સેવાભાવી મુઠ્ઠી ઊંચેરા, કર્મયોગી મુંબઈ-ગુજરાતમાં છેવાડાના ભાગના અંતરિયાળ સેવાલક્ષી સંસ્થાઓને શોધી, ઉમદા વિચારો, ઉમદા કાર્યો અને ઉમદા વ્યક્તિઓને શોધી કાઢી તેમને આર્થિક અનુદાનથી દિલાવર દાતાઓની લક્ષ્મીને મહાલક્ષ્મી બનાવતા સી.એ. સામાજિક કાર્યકર શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયા.

સેવાની ધૂણી ધખાવી માનવસેવાનાં કાર્યોમાં ખૂંપેલા રહેતા શ્રી લુઠિયા દીન દુઃખીયા અને દરિદ્ર નારાયણના જીવનમાં પ્રકાશ પાથરવાના નેક અને નક્કર કામમાં સદાય વ્યસ્ત રહે છે. માનવતા એ અત્તરના પૂમડા જેવી હોય છે. આસપાસના લોકોને પણ એની સુવાસથી તરબોળ કરતી રહે છે.

એમનાં સત્કાર્યોની ધૂપસળી સદાય પ્રજ્વલિત બની રહે તે માટે ''માનવ જ્યોત'' નામની એક સામાજિક સંસ્થામાં તેઓ સેવાની સરવાણી સતત વહેતી રાખે છે. માનવસેવાને મહેંકાવતા માનવ જ્યોતની સ્થાપના આજથી ૩૪ વર્ષ અગાઉ ૧૩ જુલાઈ ૧૯૯૧માં શ્રી વલ્લભજી ડુંગરશી શાહ, માનવ મિત્ર અને શ્રી કુલીનકાંત ચાંપશી લુઠિયાએ કરી.

તેના મુખ્ય હેતુઓમાં મેડિકલ-સામાજિક તો ખરા જ, પણ સાથે સાથે મહિલા ઉત્કર્ષ, ગરીબોને ભોજન, જીવદયા તથા અન્ય સેવાલક્ષી સંસ્થાઓને સહાયક બનવાનો અને તેવા ઉદ્દેશ્યથી કાર્યરત રહેવાનો. દરિદ્ર નારાયણનાં આંસુ લૂછવા અને તેમની પીડા સમજવા એ અવતારે રીતસર એક પ્રકારની સેવાની ધૂણી ધખાવી છે.

સાવલા પરિવારના ઑફિસની ૬૦૦ ચોરસ ફૂટના સેવાલયમાં લગભગ ૧૫ વ્યક્તિઓના સ્ટાફ સાથે આ સેવાયજ્ઞ ધમધમી રહ્યો છે. ૨૦૨૪માં દાનવીર પ્રમુખ શ્રી સુંદરજીભાઈએ અને સેવાભાવી શ્રી હરખચંદ સાવલાના સહયોગથી રૂપિયા ૧ કરોડના અનુદાનથી હાલની ૬૧ યુનિક ઇન્ડસ્ટ્રીયલ એસ્ટેટ, ડૉ. આર.પી.રોડ, મુલુન્ડ વેસ્ટ, મુંબઈ ૪૦૦ ૦૮૦. ખાતેની આધુનિક ઑફિસ શરૂ કરી.

સંસ્થાના આદ્યપ્રમુખ વાંકાનેર વતનના સમાજસેવક સ્વ.શ્રી રસિકલાલ ન્યાલચંદ દોશી અને પછી કચ્છના રાયધણજરના સ્વ.શ્રી મીઠુભાઈ માવજી ગડા અને હાલ કચ્છ સણોસરાના પવઈ નિવાસી શ્રી સુંદરજી મુલજી શાહ સંસ્થાને તેનાં લક્ષ્યો સુધી શ્રેષ્ઠતાને આરે લઈ જવાનું સુકાન સંભાળે છે.

શ્રી સુંદરજીભાઈએ પ્રમુખશ્રીના ઉચ્ચ સ્થાને બિરાજે એ અગાઉ વિવિધ સેવાલક્ષી સંસ્થાઓને અને વિવિધ સેવાક્ષેત્રે રૂપિયા ૧૨૫ કરોડની રકમનું દાન અર્પણ કરી એક વિક્રમજનક સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

શ્રી કુલીનકાંતભાઈએ મે. લુઠિયા ઍન્ડ શાહ, વ્યાવસાયિક સી.એ.ની પ્રેક્ટિસ છોડી ફુલટાઈમ સામાજિક સેવાને પોતાની કારકીર્દિ બનાવી. શરૂઆતમાં એક નાનકડા ગેરેજમાં કાર્યાલય બનાવી કામ શરૂ કર્યું. સ્વ. લખમશી ઘેલાભાઈ સાવલા પરિવારના શ્રી મુલચંદભાઈ તથા શ્રી પીયૂષભાઈ વશનજીએ લાખો રૂપિયા ખર્ચી તે કાર્યાલયને સુંદર મજાના સેવાસ્થાનમાં રૂપાંતરિત કરી નાંખ્યું.

કુલીનકાંતભાઈની વિચારધારા સમજવા જેવી લાગે છે. એમને સહજ રીતે જોઈએ ત્યાં અનુભવાય કે હૃદયમાં સંવેદનશીલતા, ઊભરાતી ઊર્મિઓ, પર પીડા કાજે સતત કાર્યરત વ્યક્તિત્વ નજરે થાય. એમને દેખતાં મસ્તિષ્કમાં ચોક્કસ દિશાના હેતુ સાથે સત્ત્વશીલ વિચારશીલતા, શુદ્ધ પ્રજ્ઞા, યોગ્ય સમજણ સાથે સતત કલ્યાણકારી વિચારોની દિશા નક્કી કરતી બુદ્ધિમત્તા અને આ બધા માટે સાતત્યપૂર્ણ કર્મનિષ્ઠાની મથામણ કરતા હાથ પગ દષ્ટિગત થાય.

''બોલો પ્રભુ ! હું શું સેવા કરું ? મારાથી આ સહજ ભાવે થઈ જાય છે, કારણ કે હૃદયની કરુણા મને પ્રેરે છે. એ ક્ષણે હું ધન્યતા અનુભવું છું. કારણ ફક્ત એક જ કે, પ્રભુએ આ નાશવંત શરીરને અન્યની સેવા માટે તક આપી છે. હું સદ્‌ભાગી છું કે મને નિમિત્ત બનાવી પ્રભુ મારા મારફત સત્કર્મ કરાવે છે. હું તેનો વિના વિલંબે અમલ કરી દઉં છું.''

એટલે સેવામાં નિષ્ઠા અને નિઃસ્વાર્થભાવે સતર્કતા, સાતત્ય, પ્રામાણિકતા અને પારદર્શિતાથી સેવા ધર્મ બજાવતા એમને જોવા, જાણવા, માણવા તથા સમજવા એ પણ સૌ માટે એક મોકો કહી શકાય. પરમ તત્ત્વમાં અખૂટ શ્રદ્ધાભક્તિ સાથે પરની પીડા અને સહયોગ દ્વારા તેઓ સહાયની લાલ ઝોળી લઈને ફરતા જ હોય.

*'ખૂબીઓ અને ખામીઓ, બંને હોય છે લોકો પાસે પણ તમે શું તારવ્યું અને મેળવ્યું એ મહત્ત્વનું છે.'*

મૂળ કચ્છી માડું પણ વાયા કોચીન થઈ મહાનગરી મુંબઈ આવ્યા. ચીચબંદરમાં આવેલ વીરજી લધા કચ્છી દશા ઓશવાલ જૈન વિદ્યાર્થીગૃહમાં લગભગ ૧૦ વર્ષ રહીને સી.એ. સુધી અભ્યાસ કર્યો. અહીંથી જીવનના આનંદ માટે દરેકનાં નાનાં મોટાં કામ કરીને સેવાનો પાયો નંખાયો.

સી.એ.ની પ્રેક્ટિસ કરતી વખતે પણ ફુરસદ મળે સેવાની તક ચૂકતા નહીં. સી.એ.ની ફર્મમાં સુરેશભાઈ ગિરીધરલાલ શાહ ભાગીદાર બન્યા. એમણે આ સેવામાનવને બરાબર જાણ્યા અને હૃદયથી પારખ્યા બાદ જણાવ્યું. 'આપ પૂર્ણકાલીન સેવામાં જોડાયેલા રહો. હું વ્યવસાય સંભાળીશ.' એ પછી તો કુલીનકાંતને સેવાનું મોકળું મેદાન મળી ગયું. આજે મુંબઈના મુલુંડમાં જાણીતું નામ એટલે કુલીનકાંત લુઠિયા અને માનવજ્યોત !!! વ્યક્તિ, સેવાભાવી સંસ્થાઓ વગેરેને સેવાકીય સહાયતા, માર્ગદર્શન કે કોઈ પણ પ્રકારની સાચી સલાહ અને પર્યાપ્ત મદદ માટે તેઓ તૈયાર.

## ■ સેવાકાર્યના સાથીઓ

મજબૂત ટીમવર્ક સાથે કાર્યરત આ સંસ્થામાં દિલીપ મુલચંદ શાહ, મુલરાજ હરખાણી, મનોજ મોદી, સતીશ હરિયા, વિનોદ હરિયા, અતુલ સતરા, વગેરે તેમ જ કેટલાંક નામી અનામી શુભેચ્છકોના સહયોગથી નૂતન લક્ષ્યાંકો, અભિગમો અને નૂતન ક્ષેત્રમાં વ્યસ્ત રહી સમાજસેવાના કામને દીપાવે છે. મનુષ્યજન્મની સાર્થકતા પુરવાર કરવાનો પ્રયત્ન કરે છે.

○ **માનવ જ્યોત, કોલકત્તા :** માનવ જ્યોત કોલકત્તામાં વીરેશ લક્ષ્મીચંદ લુઠિયા (શાહ) બ્લડ ડૉનેશન કેમ્પ, મોતિયાના ઑપરેશન, મેડિકલ કેમ્પ, કીડની ડાયાલિસીસમાં મદદ, સાધર્મિક ભક્તિ, અનાજ વિતરણ, ઑરગન ડોનેશન જેવી સેવા પ્રવૃત્તિઓ માટે કાર્યકરોના જૂથ દ્વારા ડિઝાસ્ટર મૅનેજમેન્ટ, આશ્રમ-વાસીઓને સહાયક, અન્નપૂર્ણા યોજના, વૉકેશનલ ટ્રેનિંગ, હૉસ્પિટલ સેવા દ્વારા ભૂખ્યાને ભોજન જેવી પ્રવૃત્તિમાં સદાય સક્રિય રહે છે.



○ **માનવ જ્યોત, ભુજ :** માનવ જ્યોત, ભુજ સંસ્થાના સૂત્રધાર શ્રી પ્રબોધભાઈ મુનવર માનવ સેવાની જ્યોત જલતી રાખે છે. રામદેવ સેવાશ્રમ ખાતે રખડતા-ભટકતાઓનું પુનર્વસન, જાહેર સમારંભોમાં વધી પડેલી રસોઈનું ઝૂંપડપટ્ટીમાં વિરતણ, પ્લાસ્ટિકનો કચરો વીણતાં બાળકોને શિક્ષણ, પર્યાવરણ રક્ષણ, ચકલી બચાઓ અભિયાન, પક્ષીઓને પાણી પીવા કૂંડાં વિતરણ, લાવારીશ લાશને અગ્નિદાહ, ટીફીન સેવા, ભૂલ્યા ભટક્યાને પરિવારમાં પુનઃ જોડવા, દિવ્યાંગોને ટ્રાયસીકલો, મહિલાઓને સિવણ મશીન, વગેરે જેવાં અનેક સેવાકાર્યો કરી 'માનવ જ્યોત'ની જ્યોતને પ્રજ્વલિત રાખે છે.

○ **ઝૂંપડપટ્ટીમાં રહેતાં બાળકોને શિક્ષણ-સંસ્કાર સિંચન :** છેલ્લાં ૪૦ વર્ષથી અમરેલી જિલ્લાના બગસરા ગામે જાદુગર કે.લાલ સ્થાપિત નૂતન કેળવણી મંદિર અને વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટના નેજા હેઠળ શ્રી દેવચંદ સાવલિયા ગામના પાદરે આવેલી દસ ઝૂંપડપટ્ટીમાં વિવિધ ગ્રુપો દ્વારા શૈક્ષણિક શિબિર યોજવા ઉપરાંત સંસ્કાર સિંચનનું કામ પણ સતત કરતાં રહે છે. માનવ જ્યોત તેમાં સહયોગ આપતું રહે છે.

ત્યાં મહિલાઓને સિવણ-મશીનો આપી પગભર કરવામાં માનવ જ્યોતનું યોગદાન ભવ્ય રહ્યું છે.

મુંબઈથી મોકલાયેલાં વસ્ત્રોનું મોટા પ્રમાણમાં જરૂરતમંદોમાં વિતરણ કરતા રહે છે.

○ **નેત્રયજ્ઞ યોજી દષ્ટિદાન કરવું :** માનવ જ્યોત ગુજરાતની વિવિધ આંખની હૉસ્પિટલોમાં મોટા પાયે નેત્રયજ્ઞો યોજી ત્યાંની જરૂરતમંદ જનતાની આંખોનાં મોતિયાનાં ઑપરેશન વિનામૂલ્યે કરાવી આપે છે.

આજ સુધી ૫૦ જેટલા આઇ કેમ્પો યોજી ૫૦૦૦થી વધુ આંખોનાં ઑરપેશન વિના મૂલ્યે કરાવી, ગરીબ જનતાને દષ્ટિદાન આપ્યું છે.

૨૫ વર્ષ અગાઉ માનવ જ્યોતના શ્રી લુઠિયા અવારનાર જન્મભૂમિ કાર્યાલયની મુલાકાત લેતા, વરિષ્ઠ પત્રકાર સ્વ. શ્રી વૃજલાલ વસાણી મારફત એ અખબારના સ્ટાફ પાસેથી પણ દાન ઉઘરાવી, નેત્રયજ્ઞોમાં વાપરતા.

મુંબઈના મુલુન્ડમાં પણ ગરીબ દરદીઓને રૂ. ૧૦૦૦/-ના અનુદાનથી તેમની આંખોનાં ઓપરેશન કરાવી આપવામાં દાતા શ્રી રમેશભાઈ ઠક્કરનો છેલ્લાં સાત વર્ષથી સતત સહકાર મળી રહ્યો.

## ■ સેવાકાર્યોને પુરસ્કારોથી સન્માનિત

નીચેની સેવાલક્ષી સંસ્થાઓએ શ્રી લુઠિયાને શૉલ-ટ્રૉફી, પુરસ્કારો આપી સન્માનિત કર્યા છે :

○ લાયન્સ ક્લબ ઑફ મુલુન્ડ ○ જાયન્ટસ ઇન્ટરનેશનલ એવોર્ડ ○ કચ્છ શક્તિ, મુંબઈ ○ કે.ડી.ઓ. જૈન મહાજન, મુંબઈ ○ જનકલ્યાણ મેડિકલ સોસાયટી, માંડવી-કચ્છ ○ સદ્‌વિચાર પરિવાર, અમદાવાદ ○ કાંતા સ્ત્રી વિકાસ ગૃહ, જામનગર ○ બિદડા સર્વોદય ટ્રસ્ટ, બિદડા ○ મુંબઈ સર્વોદય મંડળ, મુંબઈ ○ નેશનલ કાઉન્સિલ ઑફ સિનિયર સિટીઝન્સ ડબલ ગોલ્ડ મેડાલિસ્ટ ○ ધી સોસાયટી ફોર ટ્રેનિંગ ઍન્ડ વૉકેશનલ રીહેબીલીટિશન સેન્ટર, વડોદરા ○ સેવાતીર્થ, બરોડા ○ લોકસેવા સાર્વજનિક ટ્રસ્ટ, ભુજ ○ માનવ જ્યોત, ભુજ ○ માનવ જ્યોત, કોલકત્તા ○ દેવદયા ચેરીટિબલ ટ્રસ્ટ, વાંકાનેર ○ ઇન્સ્ટિટ્યુટ ઑફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઑફ ઇન્ડિયા, નવી દિલ્હી ○ બોમ્બે ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ ઍસોસિએશન, મુંબઈ ○ માનવ સેવા ટ્રસ્ટ, બોટાદ ○ શિશુવિહાર, ભાવનગર ○ સાંત્વન વિકલાંગ વિકાસ મંડળ, જુનાગઢ ○ નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ કેન્દ્ર, સુરેન્દ્રનગર ○ સત્યમ્ સેવા યુવક મંડળ, જુનાગઢ ○ થાનકી આઇ હૉસ્પિટલ, વેરાવળ ○ સાંપ્રત ઍજ્યુકેશન ટ્રસ્ટ, જુનાગઢ ○ જય અંબે માનવ મંદબુદ્ધિ મહિલા સેવા સંસ્થા, અરવલ્લી ○ દષ્ટિ નેત્રાલય, દાહોદ ○ હરિસિદ્ધિ ચેરિટેબલ ટ્રસ્ટ, પંચમહાલ ○ નિસર્ગ સેવા ટ્રસ્ટ, પાટણ - મહેસાણા ○ નર્મદા કિડની ફાઉન્ડેશન, મુંબઈ.... વગેરે...

○ શ્રી લુઠિયા કચ્છમાં માંડવીની જનકલ્યાણ મેડિકલ સોસાયટી સંચાલિત નવનીત કેન્સર હૉસ્પિટલ ઍન્ડ ડાયાલીસીસ સેન્ટરમાં પણ ટ્રસ્ટી તરીકે પાયાથી જોડાયેલા રહી સેવા આપે છે.

○ મુંબઈમાં પરેલ ખાતે જીવન જ્યોત કેન્સર રીલીફ ઍન્ડ કેર ટ્રસ્ટમાં પણ તેઓ સેવા આપે છે.

○ અમદાવાદની કરુણાલય હૉસ્પિટલ કે જ્યાં કેન્સરના લાસ્ટ સ્ટેજના દરદીઓની દેખભાળ કરવામાં આવે છે, ત્યાં પણ તેઓ સક્રિય રહી આર્થિક યોગદાન તથા ડાયપર દાન દ્વારા સહાયભૂત બને છે.

## ■ ગ્રામશિલ્પી યોજનાને પ્રોત્સાહન

○ ગુજરાત વિદ્યાપીઠના ગ્રામશિલ્પી યોજના હેઠળના ગ્રામસેવકોને નાની મોટી સહાય પૂરી પાડી તેમનાં સેવાકાર્યોને વેગવાન બનાવવા દવાદાન, સીકબેડ સાધનદાન અને આર્થિક અનુદાન દ્વારા મદદરૂપ બને છે. ○ એ ગ્રામસેવકોને ગુજરાતના છેવાડાનાં ગામોમાં ધૂણી ધખાવી કામ કરવાનું હોય છે. મર્યાદિત સ્રોતોમાં રહી સમાજ કલ્યાણનું કામ કરવાનું હોય છે ત્યારે આવી મદદથી તેમનું સેવાકાર્ય સરળ બને છે. ○ આજ સુધી રૂ. ૧૦ લાખ જેટલી રકમ દાતાઓ પાસેથી મેળવી ગુજરાત વિદ્યાપીઠના આ ગ્રામશિલ્પી પ્રોજેક્ટને સફળ બનાવવા નાનોશો પ્રયાસ માનવજ્યોત કરે છે.

○ ચક્ષુદાન, સ્કીનદાન, દેહદાન અને અવયવદાનને સદાય મહત્ત્વ આપી, તેવી પ્રવૃત્તિમાં તેઓ વ્યસ્ત રહે છે. માનવ જ્યોત દ્વારા દેહદાન, ચક્ષુદાન, ચર્મદાન અને અવયવ દાન અંગેનું સાહિત્ય પુસ્તિકા અને પેંફલેટ દ્વારા છેલ્લાં ૩૦ વર્ષથી લોકજાગૃતિ અને જાણકારી અર્થે પ્રકાશિત થાય છે.

○ આઈ બૅન્ક કો-ઓરડીનેશન ઍન્ડ રીસર્ચ સેન્ટરમાં તેઓ ખજાનચી તરીકે પણ ૨૦ વર્ષથી સેવા આપે છે, તો અગાઉ મહારાષ્ટ્ર સોસાયટી ફોર ડોનેશન ઓફ આઈઝમાં પણ તેઓ પાયાથી સક્રિય રહ્યા.

○ શરૂઆતમાં તેમણે ૩૦૦ જેટલા આઈ ડોનેશનમાં જાતે જઈ ડૉક્ટર અને ટેકનિશિયન સાથે ચક્ષુદાન મેળવ્યાં.

○ ફેડરેશન ઑફ બૉડી ઍન્ડ ઓરગન ડોનેશનમાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી અંગદાન-દેહદાનના કામને વેગવાન બનાવવા પ્રયાસ કર્યો.

○ શ્રી લુઠિયા જે. જે. હૉસ્પિટલ, કે. જે. સોમૈયા હૉસ્પિટલ, રાજીવ ગાંધી હૉસ્પિટલ (કલવા), સાયન હૉસ્પિટલ, એમ.જી. એમ. હૉસ્પિટલ, કામોઠેમાં ૧૦૦૦ જેટલાં દેહદાનનું રજિસ્ટ્રેશન કરવામાં સફળ થયા છે. મહારાષ્ટ્ર સરકારે પણ તેમની સેવાની નોંધ લીધી છે. ગુજરાતમાં ઉપરોક્ત સેવાર્થે શ્રી લુઠિયા આ સત્કાર્ય કરાવી આપે છે.

○ તેમણે તેમના સ્વ. પિતાશ્રીનું દિલ્હી ખાતે પ્રથમ દેહદાન કરાવ્યું હતું.

○ તેઓ નેશનલ કિડની ફાઉન્ડેશન અને નેશનલ લીવર ફાઉન્ડેશન સાથે જોડાયેલા રહ્યા, તો નર્મદા કિડની ફાઉન્ડેશનમાં પણ તેઓ દવાદાન અને આર્થિક અનુદાન દ્વારા જોડાયેલા છે.

○ રક્તદાન એ મહાદાન છે. ઘાટકોપરની સમર્પણ બ્લડ બૅન્ક સાથે તેઓ છેલ્લાં ૩૦ વર્ષથી જોડાયેલા રહ્યા છે, જ્યાં આશરે ૫ લાખ બ્લડ બોટલ ૩૦૦થી વધુ કેમ્પો દ્વારા એકત્ર થયા છે. તેમણે દાતાશ્રી સી.એમ.શાહ પાસેથી રૂપિયા ૧૪ લાખનું એક ભવ્ય એમ્બ્યુલન્સ વાહન દાનમાં અપાવી મહત્ત્વનું કામ કર્યું છે.

○ શ્રી લુઠિયાએ આંખની હૉસ્પિટલો તેમ જ આરોગ્ય કેન્દ્રો, બ્લડ બૅન્ક, ચક્ષુદાન કરતી સંસ્થાઓ, પાગલખાના વગેરે માટે ૧૮ જેટલાં ઍમ્બ્યુલન્સ વાહનો અપાવવા દાતાઓના સહકારથી નિમિત્ત બન્યા છે.

## ■ કુમળી વયની કન્યાઓને જબરદસ્તીમાંથી મુક્તિ

○ શ્રી લુઠિયાએ ૩૦ વર્ષ અગાઉ મ્યુ.કમિશ્નર શ્રી જી. આર. ખૈરનાર સાથે ૧૮ વર્ષની નીચેની ૩૦૦ જેટલી કુમારિકાઓને મુંબઈના કમાટીપુરામાંથી છોડાવી તેમને સ્વમાનભરી જિંદગી જીવવામાં સહાયભૂત થયા હતા. ○ અગાઉ ''સાવધાન'' સંસ્થાના નેજા હેઠળ સ્વ. શ્રી વિનોદ ગુપ્તા સાથે સક્રિય રહી, વેશ્યા વ્યસાયમાંથી ૬૧૮ બાલિકાઓને છોડાવી, તેમને વતન મોકલાવવાની વ્યવસ્થા અને ૨ દિવસ ખાવાપીવાની વ્યવસ્થા સંભાળી હતી.

## ■ વિવિધ સેવાઓ

○ કચ્છના માંડવીની નવનીત કેન્સર - ડાયાલીસીસ હૉસ્પિટલમાં તેમણે રૂપિયા ૨૫ લાખનું અનુદાન અપાવ્યું છે. ત્યાં કેન્સરના લાસ્ટ સ્ટેજના દરદીઓને સારવાર-સાંત્વના અપાય છે. દવાઓ અને ડાયપર પણ મોટા પાયે મોકલતા હોય છે.

○ સેરીબ્રલ પાલ્સીડ (ઈડ) નાં બાળકોના પુનર્વસનના સેવાકાર્યમાં જુનાગઢની સાંત્વન વિકલાંગ વિકાસ મંડલમાં તેઓ પાયાથી જોડાયેલા છે. તેમના આધુનિક તાલીમ કેન્દ્રનું કુ. નિલમ પરમાર (વ્હીલચૅર ૫ર) અને શ્રીમતી રેખા પરમાર (૯૭૨૬૧૦૫૪૮૭) સંચાલન કરે છે.

○ વલસાડના કછોલી ગામે ગાંધીઘર બહેરાં મૂંગાંની સંસ્થાના બાળકોને મુંબઈથી રૂપિયા પાંચ લાખનું પ્રિન્ટિંગ કામ અપાવી તેમને સહાયક બન્યા હતા.

○ શ્રી લુઠિયા ૨૦૦થી વધારે સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલા રહી તેમને આર્થિક સહકાર, સાધન-સામગ્રી સહાય, ઇન્કમટેક્સ/ચેરીટી કમિશ્નરના કાનૂનમાં થયેલા સુધારા-વધારા અંગે જાણકારી વગેરે પ્રદાન કરતા રહે છે અને અવારનવાર સંસ્થાની મુલાકાત લઈ તેમની નાની મોટી મૂંઝવણ દૂર કરતા હોય છે.

## ■ વિધવા મહિલા પુનર્વસન

○ સુરેન્દ્રનગરની નિર્ધાર વિધવા મહિલા કલ્યાણકેન્દ્ર જેમાં ૭૦૦થી વધુ વિધવા મહિલાઓના પુનર્વસનનું કાર્ય થઈ રહ્યું છે, તેમના માટે સ્વરોજગારી, બ્યુટી ક્લાસીસ, કૉમ્પ્યુટર કલાસ, સિવણ જેવી અનેકાનેક સેવા પ્રવૃત્તિઓ દ્વારા તેમને અને તેમનાં સંતાનોને પગભર કરવાનો પ્રયાસ થાય છે.

○ માનવ જ્યોત એ સંસ્થાને પાયાથી આજ સુધીનાં ૧૭ વર્ષમાં સદાય સાથે રહી શિક્ષણ, સમાજ કલ્યાણ, રાશનકીટ, મેડિકલ કેમ્પ વગેરેમાં સહાયભૂત થઈ લાખો રૂપિયાનું અનુદાન ફાળવ્યું છે.

○ મોંઘાં વસ્ત્રો, શાલ, સાડી, કૉલેજ કન્યાઓ માટે ડ્રેસીસ, ચાદર વગેરેનો પુરવઠો આપી સહાયભૂત થતું રહે છે.

○ કન્યાઓને માનવ જ્યોત પુરસ્કાર દ્વારા સન્માનિત કરી તેમને જોશ, પ્રેરણા અને તેમનું ટેલેન્ટ ખીલી ઊઠે તે માટે સહકાર આપતું રહે છે.

## ■ માનવ જ્યોત પુરસ્કાર યોજના

○ માનવ જ્યોત પુરસ્કાર યોજના અમદાવાદ સ્થિત હેલ્થ ઍન્ડ કેર ફાઉન્ડેશનના પ્રતિષ્ઠિત ડૉ. ભરત ભગત, સાહિત્યકાર પ્રવીણભાઈ ઠક્કર, ડૉ. પંકજ રાવલ વગેરેના સહકારથી છેલ્લાં બે વર્ષથી ચાલતી આ યોજના હેઠળ સમસ્ત ગુજરાતમાંથી વિવિધ સમાજસેવાની પ્રવૃત્તિમાં ટેલેન્ટેડ સેવકોને શોધી તેમને જાહેર સમારંભમાં સન્માનિત કરવામાં આવે છે. ૪૦ થી ૬૦ વર્ષની ઉંમરના યુવાન સમાજસેવકને સ્ટેજ પર બોલાવી સભા સમક્ષ તેમની પ્રવૃત્તિની વિશિષ્ટપણે જાણકારી આપી તેમને બિરદાવવામાં આવે છે.

○ ગુજરાતના છેવાડાનાં ગામોથી લઈ શહેરોમાં સમાજસેવામાં ખૂંપેલા સેવા મશાલચીઓને પ્રેરણા અને પ્રોત્સાહિત કરવાની આ પ્રવૃત્તિ શ્રી લુઠિયા છેલ્લાં ૩૦ વર્ષથી કરતા આવ્યા છે.

(વધુ આવતા અંકે....) **- શ્યામજીભાઈ એમ. દેસાઈ**

---

# વાચકોના પત્રોમાંથી

● **પ્રો.અશ્વિનકુમાર કારીઆ,** (પાલનપુર, મો.: ૯૩૭૪૦૧૮૧૧૧)

0 ભૂમિપુત્રના ૧-૫-૨૦૨૫ના અંકમાં લેખ 'મહિલાઓ માટે કૃતજ્ઞતા નિધિ' લેખ ગૃહિણીઓના કામનું સાચું મૂલ્યાંકન કરનારો છે.


પુરુષો ઘરે આવી રટણ કરતા હોય છે કે 'થાકી ગયો છું.' સરકારી કર્મચારીઓ, શિક્ષકો, અધિકારીઓને વારે-તહેવારે રજા પણ મળે છે. ભાઈઓ બહેનોને પાછા કહેતા હોય છે - 'બપારે તારે શું કામ હોય છે ? આટલું નાનું કામ તારાથી થતું નથી ?'

બહેનો નાનાં બાળકો માટે કે વડીલો માટે રાત્રે ઉજાગરા પણ કરતી હોય છે. મહેમાનોનો વિશેષ ભાર પણ ઉપાડે છે.

અકસ્માતમાં વળતરના પ્રશ્ને ગૃહિણીની વાત તો એમ જ નોંધાય છે કે ''કામકાજ કંઈ કરતી ન હતી'' (સર્વિસ-નોકરી નથી કરતી) પરંતુ કોર્ટ હવે ધ્યાન રાખી વીમા કંપની પાસેથી યોગ્ય વળતર અપાવે છે, કારણ કે મહિલા ઘણાં કામો કરતી હોય છે.

0 સરકારે જાહેરમાં ફટાકડા ફોડવા પર તા. ૧૫ મે સુધી મૂકેલ પ્રતિબંધ પ્રશંસાપાત્ર છે. પણ આ પ્રતિબંધ કાયમ માટે રાખવા જેવો છે. ફટાકડા ઘોંઘાટ અને પ્રદૂષણ ફેલાવે છે. ટ્રાફિક અવરોધાય છે. દાઝી જવાના તેમજ આગ લાગવાના બનાવો પણ બને છે.

## ‘ગ્લોબલ વૉર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા’




**ગ્લોબલ વોર્મિંગ : એક વૈશ્વિક સમસ્યા**

(સંકટગ્રસ્ત પૃથ્વીને ઉગારવા ઉપયોગી પુસ્તક)


લેખન-સંપાદન : રજની દવે

પ્રથમ આવૃત્તિ : જૂન ૨૦૨૫, પૃષ્ઠ-૩૩૪,
કિંમત રૂ. ૧૫૦ (વિશેષ રાહત દરે)

- ભૂમિપુત્રમાં પ્રકાશિત થયેલા ૪૫ ઉપરાંત લેખોને આ પુસ્તકમાં સમાવવામાં આવ્યા છે.
- વિશ્વસ્તરે દર વર્ષે ભરાતાં ગ્લોબલ વોર્મિંગ અંગેનાં સંમેલનો, CoP - કોન્ફરન્સ ઓફ પાર્ટીસ-ના મહત્ત્વના નિર્ણયો પર પુસ્તકમાં નજર નાંખવામાં આવી છે.
- CoP-27 અને CoP-29 નો સમય ગાળો ૧-૧-૨૦૨૩ થી ૧૬-૩-૨૦૨૫નો રહ્યો, જેમાં ભારતમાં અને વિશ્વમાં ક્લાઈમેટ ચેન્જને લઈને જે કંઈ ઘટનાઓ સર્જાઈ તેમજ વિવિધ સ્તરે જે કંઈ સક્રિયતા નજરમાં આવી, સરકારો અને કોર્પોરેટ જગતે જે પગલાં ભરવા માંડ્યાં તે અંગે તે ગાળામાં લખાયેલા ૨૫ લેખો આપણી સમક્ષ સમગ્ર ગતિવિધિનું ચિત્ર ઊભું કરે છે.
- વિજ્ઞાનીઓએ - નિષ્ણાતોએ તથ્યો આધારિત રજૂઆત કરીને જગતને ચેતવવાનું કામ કર્યું છે, તેની અને આ ચેતવણીને અવગણતાં ભોગવવા પડતાં પરિણામોની પણ પુસ્તકમાં નોંધ લેવામાં આવી છે.
- પૃથ્વી પરના આપણા વસવાટને જીવવાલાયક રહેવા માટે હવે કેટલાંક ચોક્કસ પગલાં ભરવાં પડવાનાં છે.
- અમને આશા છે, આ પુસ્તકનું વાંચન આપને, સમાજને, નીતિનિર્ધારકોને ચોક્કસ પગલાં ભરવા માટે ઉપયોગી નીવડશે.
- ભૂતકાળની ભૂલોમાંથી બોધપાઠ લઈને આવનારા ભવિષ્યમાં પૃથ્વી પરની સમગ્ર જીવસૃષ્ટિને જીવવાલાયક, રહેવાલાયક આપણે જ બનાવવાની છે.
- આ પુસ્તકને શ્રી મોહનભાઈ ત્રિવેદી-અમેરિકા (પ્રોફેસર ઓફ એન્જિનિયરીંગ), શ્રી મુનિભાઈ મહેતા-વડોદરા (કૃષિ ક્ષેત્રે કરેલા પ્રદાન માટે પદ્મશ્રી પુરસ્કારથી સન્માનિત), શ્રી જગદીશભાઈ બારોટ-કેનેડા (પૂર્વ સચિવ ગુજરાત પ્રદૂષણ બોર્ડ, ગાંધીનગર), શ્રી મહેશભાઈ પંડ્યા - અમદાવાદ (પર્યાવરણ ઈજનેર, નિયામક : પર્યાવરણમિત્ર), ડૉ. ફાલ્ગુની જોષી-અમદાવાદ (પર્યાવરણ ક્ષેત્રે લેખન, સંશોધન અને એક્શનની દિશામાં કાર્યરત).... આ સૌનો મીઠો આવકાર સાંપડ્યો છે.
- આ પુસ્તક વધુમાં વધુ લોકોના હાથમાં પહોંચે તે માટે ચાર મિત્રો શ્રી સંતોષ વશી, અશોક દેસાઈ, કિશોર દેસાઈ અને ભૂપતભાઈ પારેખની સહાયથી રકમ મળતાં ૩૫૦-૪૦૦ રૂ.ની કિંમત ધરાવતું (છાપેલી કિંમત રૂ. ૨૦૦) પુસ્તક માત્ર રૂ. ૧૫૦માં (રવાનગી ખર્ચ અલગ) આપવાનું નક્કી કર્યું છે.
- આપ એક કરતાં વધુ નકલ ખરીદીને મિત્રોમાં, વિદ્યાર્થીઓ અને શાળા-કૉલેજોમાં કે પુસ્તકાલયોમાં વહેંચી શકો છો.

પુસ્તક પ્રાપ્ત કરવા સંપર્ક : યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર કાર્યાલય, હિંગળાજ માતાની વાડીમાં, હુજરાતપાગા, વડોદરા-૩૯૦૦૦૧. ફોનનં.: ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો.: ૯૦૧૬૪૭૯૯૮૨, સમય સવારે ૧૧ થી સાંજે ૬.

# જાહેર જીવનનો હૃદ્ય દસ્તાવેજ



પ્રકાશ ન. શાહ એ ગુજરાતના જાહેર જીવનની અને ગુજરાતી પત્રકારત્વની એક અસાધારણ ઘટના છે. જેને અંગ્રેજીમાં 'ફિનોમિનન' શબ્દથી સામાન્યપણે ઓળખાવાય છે. આઝાદી પૂર્વેના અને આઝાદી પછીના સમયમાં આપણે ત્યાં આવા બીજા ઘણા હતા, જેનું આપણે ગૌરવ લેતા હતા. એ શ્રેણીમાં પ્રકાશભાઈ કદાચ છેલ્લા હશે. આજે તો જાહેર જીવન જેવું કાંઈ રહ્યું જ નથી. આજનો સમાજ કદાચ સરકાર અને રાજકારણને જ જાહેર જીવન સમજતો થઈ ગયો છે !

બહુ ઓછા એવા હશે જે લખતા હોય, પુષ્કળ લખતા હોય અને પુસ્તક કરવા તરફ ન વળ્યા હોય ! પરિષદની ચૂંટણીમાં ઉમેદવારી કરવા માટે તેથી જ ત્યારે પ્રશિષ્ટ સામયિકોમાં દસ લેખ પ્રગટ થયા હોય એ બાબતને યોગ્યતા માટે પૂરતી માનવામાં આવતી હતી. પ્રકાશભાઈ નવમા-દસમા ધોરણમાં હશે ત્યારે એમનો પહેલો લેખ 'વિશ્વ-વિજ્ઞાન'માં છપાયેલો. તે પછી વ્યવસ્થિતપણે એમના લખવાની શરૂઆત જનસંઘી મુખપત્ર 'સાધના'થી શરૂ થયેલી. કૉલમનું નામ હતું 'વિવિધા.' પ્રકાશભાઈનું ઉપનામ હતું 'અપૂર્વ.' આ તેઓ કૉલેજમાં ભણતા હતા ત્યારની 'આરત.'

એમણે લોકનાયક જયપ્રકાશ નારાયણના અમૃતપર્વે એક પરિચયાત્મક પુસ્તિકા લખેલી. ગુજરાત લોકસમિતિએ તે પ્રસિદ્ધ કરેલી. નામ હતું : 'જયપ્રકાશ જેનું નામ.' એ ઘટના ૧૯૭૭ની. તે પછી ૨૦૦૬માં વસંત રજબની શહાદતનાં સાઠ વર્ષ નિમિત્તે પરિચયપુસ્તિકા લખી. તે પછી આજે આપણા હાથમાં દળદાર કહી શકાય તેવું પુસ્તક 'તવારીખની તેજછાયા' છે, જે ૨૦૨૫માં પ્રગટ થયું છે.

એમનો ખ્યાલ કદાચ પુસ્તકના લેખક તરીકે ઓળખાવાનો નહિ હોય તેથી અગાઉના કોઈ પ્રયાસોને તેમણે સફળ નહિ થવા દીધેલા. આપણે ત્યાં લેખકની ઉંમર કરતાં લેખકનાં પુસ્તકોની સંખ્યા વધુ હોય એનું ક્યારેક ગૌરવ લેવાતું હોય છે. 'દરજીનો દીકરો જીવે ત્યાં સુધી સીવે'ના ધોરણે લેખક ન મરે ત્યાં સુધી લખતા રહેતા હોય છે ! ફાધર વાલેસે તેથી જ ઠીક કહ્યું છે કે પુસ્તકો તો મકોડાની જેમ ઊભરાતાં રહેતાં હોય છે. ખુદ ફાધર વાલેસનાં ૬૫ વર્ષની ઉંમરે ૬૫ પુસ્તકો થયેલાં, ત્યારે તેમના ઑબ્જેક્ટિવ ઉદ્‌ગારો આ હતા.




આ વિગતોમાં જવાનું કારણ એ છે કે પ્રકાશભાઈનું 'વ્રત' કદાચ તૂટ્યું છે. તેઓ પુસ્તકોની દિશામાં વળ્યા છે. પોતે પ્રસ્તાવનામાં 'વરસ્યાનો રાજીપો' વ્યક્ત કરે છે. દુઃખ કહેવું હોય તો એ વાતનું છે કે જે માણસ રતન માર્શલ પછી પત્રકારત્વનો ઇતિહાસ આગળ લખી શકે તેમ છે અને કોઈએ કદાચ વિચાર્યું ન હોય એવો જાહેર જીવનનો ઇતિહાસ આપવાની ક્ષમતા ધરાવે છે તેમને અખબારી કૉલમના સંગ્રહથી આજે રાજીપો થઈ રહ્યો છે. પત્રકારત્વને ભાગ્યે જ ઊંચી દષ્ટિએ આલોકવામાં આવ્યું છે. જોકે પ્રકાશભાઈના લેખો એ વ્યાપ્તિને ચોક્કસપણે ખોટી ઠેરવે છે.

અખબારોમાં એમની કૉલમ છપાતી અને હવેના સમયમાં કૉલમ-લેખકની નાનકડી પણ ઓળખ જોડવાનો ચાલ ઊભો થયો તેમાં 'નિરીક્ષકના તંત્રી' એવું છપાતું. એ ઓળખ ક્યારે ખરી પડી અને વિચારપત્ર ક્યાં અદશ્ય થઈ ગયું એનો કોઈ જાહેર ખુલાસો આ તંત્રીએ કર્યો નથી. અભિન્નપણે જેમણે 'નિરીક્ષક' સાથે ઓળખાવાનું પસંદ કર્યું હોય ત્યારે એ જવાબદારીમાંથી છટકી ન શકે એ જાહેર જીવનની માંગ પણ હોઈ શકે.

છેલ્લાં બે વર્ષના ૮૬ જેટલા લેખોનો આ સંચય છે. પ્રત્યેક લેખ વખતે સાંપ્રતને ઇતિહાસ સાથે અને ઇતિહાસને સાંપ્રત સાથે જોડીને પેશ આવવાનો પ્રકાશભાઈનો પુરુષાર્થ કાબિલેદાદ છે. નગીનદાસ સંઘવીના ગયા પછી બૌદ્ધિક તપસીલ કરનારા બે જણ બચ્યા છે, જેમાં એક પ્રકાશ ને બીજા રમેશ (ઓઝા). સાડા આઠ દાયકાના જીવન પછી ધોરણસરનું પુસ્તક પ્રકાશિત થઈ રહ્યું હોય ત્યારે એમના ચાહક તરીકે અંતરમાં તો ઉમળકો જ હોય. જે પ્રગટ કરતાં એમના પ્રત્યે ગૌરવની લાગણી જ થાય.

જાણવા જેવું એ છે કે કિશોરવયે પ્રકાશભાઈ 'સંઘ'માં બરાબર આંટો મારી આવ્યા છે. આજે ભલે એ સાવરકર વિચારધારાના સાતત્યપૂર્ણ ટીકાકાર તરીકે પુસ્તકના લેખોમાંથી ઊભરતા હોય, પણ વીર સાવરકરના અમૃતપર્વે છેક ૧૯૫૮-૫૯માં તેઓ જાહેર ભાષણો કરી ચૂક્યા છે. ગાંધીની માફક એમણે પણ વિકાસ જ સાધ્યો છે. એમના છેલ્લા સાંપ્રત વિચારોને આપણે અધિકૃત ગણીને ચાલતા રહીશું.

ભારતની લોકશાહી માટે કાળી ટીલીરૂપ કટોકટીકાળમાં તેઓ જેલમાં પણ ગયા. આજે અઘોષિત કટોકટીના સમયમાં તેઓ શબ્દો દ્વારા લોકશાહીની બુલંદીને મજબૂતી બક્ષી રહ્યા છે, એ વાત પુસ્તકના પાને પાને સોડાતી રહે છે. આજે વિકાસ અને લોકશાહી બંનેને શીર્ષાસનનો વ્યાયામ કરાવાઈ રહ્યો છે અને ઝાકઝમાળનો અંધાપો આપણને અવરોધક બની રહ્યો છે ત્યારે દીવાદાંડીરૂપ લેખન કરીને પ્રકાશભાઈ આપણે દિશા ચૂકી ન જઈએ એનું બરાબર ભાન કરાવે છે.

પરંપરાના સાતત્યની જરૂર છે, પણ કઈ પરંપરા એની જ લોકોને ગતાગમ રહી નથી. વિચારધારા એટલે

કે આઈડિયોલૉજીનો તો યુગ જ સમાપ્ત થઈ ગયો છે. હવે જે ચાલે છે તે તો ધાર્મિક સંપ્રદાયની માફક વિચાર સંપ્રદાય બચ્યા છે.

પુસ્તકના લેખોમાં જે સાર્થક અર્થઘટન થવું જોઈએ તેની વાત કરતાં લોકશાહી અને ભારતીય બંને પરંપરાના પાયાનાં વૈશ્વિક મૂલ્યો ક્યાં ખોવાતાં અને ખવાતાં જાય છે તેની એક મૂંગી ચીસ સંવેદનશીલ બૌદ્ધિકો અને નાગરિકોને સંભાળતી રહે છે. સાહિત્ય, ઇતિહાસ, ધર્મ, સંઘર્ષ એ બધાંના સંદર્ભો સાતસો-આઠસો શબ્દોની કૉલમમાં એક અદ્‌ભુત રસાયણ બનીને નીપજે છે. સામાન્યપણે સવારનું છાપું સાંજ પડતાં પસ્તીમાં ફેરવાઈ જતું હોય છે. ત્યારે ભાઈ ઉર્વીશે પ્રકાશભાઈને મનાવી લઈને બચાવા જેવું એકે કરી લીધું છે, એ પણ ઓછા સધિયારાની વાત નથી.

લેખકને કોની સામે વાંધો છે એ તો જાણીતું છે. પણ એ વાંધો પ્રગટ કરતી વખતે કોઈ પણ પ્રકારના દ્વેષ વિના થતી એમની રજૂઆત તર્કસંગત અને વાજબીપણાથી ભરપૂર હોય છે.

આપણે ત્યાં પ્રકાશભાઈની લેખન-બોલન શૈલી બાબતે રમૂજસભર ચર્ચાઓ થતી રહેતી હોય છે. આગવી લેખનશૈલી બાબતે બહુ થોડા ગુજરાતીઓ જાણીતા થયા છે એમાં સ્વામી આનંદ, ચં.ચી.મહેતા અને રાધેશ્યામ શર્માનાં નામો તરત યાદ આવે. પ્રકાશભાઈનો લેખ હોય તો તમને આવું આવું વાંચવા મળે : બસ હવે આડા બે દિવસ માંડ છે (p.૪૭). થાય છે, એક મુગ્ધ સંભારણાથી શરૂઆત કરું (p.૯૩), ઇતિહાસમાં છેક પાછલે પગે જઈને (p.૧૦), અહીં પાછા કલાવાર્તામાં આપણે પ્રવેશ કરીશું જરી ? (p.૧૧), જરી ઉતાવળ સીધા ૨૦૦૪ની એક વાત કરું? (p.૨૦), વળતે વરસે, ૧૯૫૦માં કવિ 'કિન્નરી' લઈને આવ્યા (p.૨૩), લાગે છે એમને નહેરુશાસનની કળ હજુ વળી નથી (p.૩૨) ઇતિ વેબદ્વીપે, ઓપિનિયન દેશે (p.૧૫), વાતનો બંધ વાળતાં. (p.૧૬૨), ૨૦૦૪માં અડવાણીથી ફિલગુડાઈ છતાં.. ચૂંટણી ખોઈ (p.૨૦૧) બિલ્કસનો પત્ર વાંચ્યો તમે? (p.૧૫૫) એ એમનો શૈલીવિશેષ છે, જે પોતીકો છે.

અમુક શબ્દો વાંચવામાં આવે તો સમજી જવું કે એ પ્ર. ન. શા.નો લેખ હોઈ શકે છે : લાંબે પને, સબબ, ઓસાણ, દુરસ્ત, ખસૂસ, બેલાશક, વજૂદ, રવૈયો, રાબેતો, શાહેદી, બેશક, રિપીટ, સોજ્જુ, એક પા, બીજી પા, પ્રતિમાન, મુખરપણે વગેરે વગેરે.

હવે અંગ્રેજી શબ્દોની વાત : બાય ધ વે, અનલાઇક, નૉન-સ્ટેટ ઍક્ટર્સ નુઆન્સ્ડ સમજ. ક્યારેક એવું અવશ્ય લાગવાનું જ કે અંગ્રેજીનું વાચન સારું એવું હોવાથી એની તેજછાયામાંથી મુક્ત થવું અઘરું. પણ મઝા ક્યારે પડે કે જાણે અંગ્રેજીમાં લેખ લખતા હોય એમ લખે : 'અ લા દારાસિંહ ?' (p.૧૪૦) હવે સારો વાચક પણ ક્લીન બૉલ્ડ! એમને કહેવું છે 'દારાસિંહની માફક?' આ ન ચાલે.

પુસ્તકના ઉત્તમોત્તમ લેખોની જિકર કરવી હોય તો મારા મતે 'કદલીવન' વિષયક, આચાર્ય હોવું શી વસ છે, ને ગુજરાતી પત્રકારણમાં ધોરણસરની રાજકીય ચર્ચા શરૂ થઈ (લેખનો ઉપાડ જોવો), સ્મરણ શ્યામજીનું (લંડનના ચોક્કસ વિસ્તારની મનભર સફર થઈ જશે), ચાર ખંડ પાંચ દેશમાં ચાલેલું ઇતિહાસમંથન, સાવરકર બાયોપિક અને ગાંધીને પગલે પગલે તું ચાલીશને ગુજરાત !

સહજ રીતે કેટલુંક યાદ રહી જવાનું. ગુજરાતના અક્ષરજગતમાં કદાચ એક જ દંપતી, નીલકંઠ દંપતી છે જેમાં પતિ-પત્ની બેઉ પરિષદ-પ્રમુખ બન્યાં હોય (p.૮) અને નવનિર્માણ એ નામ ત્યારના બિનપક્ષીય સાંસદ માવળંકરની જ ભેટ હતી (p.૧૭૧).

છેલ્લી વાત જે પ્રકાશભાઈ નિમિત્તે પહેલી થતી હોય છે તે એમની લેખનશૈલી, ઠાંસી ઠાંસીને નાની થેલીમાં બધું ભરવાનું હોય ત્યારે શબ્દોની કેવી કરકસર અને કૌશલ્ય જરૂરી બને એ 'પ્રકાશીય' લેખનશૈલીનો વિશેષ છે. જે લોકો સુષ્ઠુ સુષ્ઠુ અને સીધું ગળે ઊતરે એવું વાચન કરતા હોય કે કરવા ટેવાયેલા હોય તેમને પ્રકાશભાઈ ઝટ ન સમજાય એ તો સ્વીકાર્ય મનાવું જોઈએ. એમની શૈલીને ઉકેલવા શબ્દકોશ એટલે કે અર્થકોશ સહાયક બની શકે તેમ નથી. જે કંઠીબદ્ધ કે અંધભક્ત બન્યા વિના વિવિધ માનવ-વિદ્યાઓનો અભ્યાસ કરતો રહે છે તે વાચક જ પ્રકાશભાઈને સમજી શકવાનો છે. એક કૉલમમાં સંખ્યાબંધ સાંસ્કૃતિક સંદર્ભોનો કોથળો ઠાલવતો હોય ત્યારે બિચારો બાપડો વાચક અઘરી શૈલીનો વાંક કાઢીને છૂટી પડતો હોય છે. A.I. પૂર્વેના સમયથી આપણે જ્ઞાનકોશો પાસેથી કામ લેવાનું બંધ કર્યું છે એનો અપયશ પ્રકાશભાઈને માથે તો ન મારી શકાય.

તો, અસાધારણ ઘટનાને સમજવા અને માણવા માટે આપણા પક્ષે અનિવાર્ય હોય તેવો ઉદ્યમ કરીએ એ જ એક ઉપાય છે. ઉમાશંકર આદિ મંડળીએ ગુજરાતને જે વિચારપત્ર સંપડાવેલું તેને દેવહુમાની માફક કરી જીવતું કરવાના પ્રયાસની દિશા પ્રકાશભાઈને સૂઝે અને ગુજરાતને ફળે એવી અપેક્ષા કરવાનો આપણને અધિકાર છે એવું મને લાગે છે. 'તવારીખની તેજછાયા' વિસ્તરે અને એનું વર્તુળ બહોળું બને એવી શુભકામના.

**તવારીખની તેજછાયા** : લેખક : પ્રકાશ ન. શાહ, સાર્થક પ્રકાશન, પ્ર.આ. ૨૦૨૫, પૃષ્ઠ : ૨૪૮, કિ.રૂ. ૩૨૫. વિક્રેતા : બુક સેલ્ફ, મો.: ૯૯૮૦૭૦૫૯૯૫

મો.: ૯૭૨૫૦૨૮૨૭૪ **– ડંકેશ ઓઝા**

---

**વાંચન થાળ..** (પાન ૨૩નું ચાલુ)

'કોણે કહ્યું, હું વૃદ્ધ છું ?
... વૃદ્ધ મારો પડછાયો હોય તો ભલે
હું તો નથી જ નથી !'

○ આનંદનું સરનામું : અંતઃકરણ - પ્રા.પ્રવીણચંદ્ર ઠક્કર. પૃ.૩૨, રૂ. ૪૦/-.

○ યાત્રા સુખ અને આનંદની - પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર, શ્વેતા જોષી. પૃષ્ઠ ૩૮, રૂ. ૪૦/-.

○ આનંદનો ઓચ્છવ - હરેશ ધોળકિયા. પૃષ્ઠ ૬૪, રૂ. ૬૦/-. શારીરિક, માનસિક સ્વાસ્થ્ય પર ચર્ચા કરતા લેખોનો સંગ્રહ.

**– રશાંસ**

# ગાંધીદર્શનનું પ્રકાશન :
# ‘આપણા ગાંધી, જગતના ગાંધી’

**‘મોહન’**માંથી રૂપાંતરણ પામેલા ‘મહાત્મા ગાંધી’. તેમના નિત્યનૂતન જીવન અને કવનમાંથી પસાર થતા જઈએ ત્યારે એમના અંતરાત્માની અખંડ ઊર્જાની પ્રતીતિ થાય છે. આ યુગપુરુષ વિશે દેશ વિદેશના અનેક મહાનુભાવોએ પોતાના પ્રેરક અનુભવો પ્રસ્તુત કર્યા છે. ચિંતક રમેશભાઈ સંઘવી ‘અકાલ પુરુષ’ માસિક દ્વારા તેમના વિચારોનું દોહન નિયમિતપણે પીરસતા રહે છે. આ સાહિત્યશ્રેણીમાં સમુચિતપણે ઉમેરણ થયું છે, ‘આપણા ગાંધી, જગતના ગાંધી’ પેઈજ - ૧૨૮, ઝેડકેડ પ્રકાશન, કિંમત રૂ. ૨૩૦/-. લેખક છે, લોકભારતી ગ્રામવિદ્યાપીઠના આંતરરાષ્ટ્રીય ગાંધીવિચાર અનુશીલન કેન્દ્ર, ગાંધી ભારતીના દષ્ટિસંપન્ન અધ્યયનશીલ સંયોજક ડૉ. દિનુભાઈ ચુડાસમા.

દિનુભાઈની કલમ સતત પ્રવાહિત થતી રહે છે. ગાંધીની સત્યકથાઓ વિશે ‘વૈષ્ણવજન’ અન્વયે ૧૧ પુસ્તકો, ગુણવંતભાઈ શાહના સાહિત્ય આધારિત ૧૫ પુસ્તકો. ગુણવંતભાઈ ઉલ્લેખિત પુસ્તકને આવકાર આપતા લખે છે, ‘‘તેઓ પુસ્તકના મર્મને ઊંડાણપૂર્વક આત્મસાત્ કરીને તેનું સત્ય ભાવકો સુધી પહોંચાડવાનું સેતુકર્મ કરતા રહે છે.’’ આ પ્રકાશનના પ્રારંભે દિનુભાઈ ‘ગાંધીપૂર્વક’ નોંધમાં ગાંધીજીની લાક્ષણિકતાઓનું સવિસ્તર આલેખન કરે છે, ‘પોતાની જાત સાથે સત્યપૂર્વક વર્તન’, ‘માનવજાતના શિક્ષક’, ‘દરેક કાર્ય ધ્યાનમય’, ‘યજ્ઞકાર્ય’, ‘સાધકની જીવનશૈલી’, ‘સત્ય, પ્રેમ, કરુણાનું સેવન’, ‘ભગવત ગીતાના કર્મયોગીનું જીવન’, ‘પ્રેમપંથનો ફકીર’, ‘રામનામ હૃદસ્થ’, ‘હિમાલયથી અધિક સંકલ્પબળ’, ‘ઈશ્વરનું સૌથી તાદૃશ્ય નામ સત્ય’, ‘જેમની રક્તવાહિનીઓમાં વહેતું સત્ય’, ‘દંભથી માઈલોના માઈલ દૂર’, ‘ખોરાક એટલે ઔષધ’, ‘પોતાના દોષ જોતા રહેતા’, ‘માનવ જાતને દીક્ષા આપનારા’, ‘નઈ તાલીમના પ્રણેતા’, ‘તેમના રથનાં પૈડાં સત્ય અને સાધનશુદ્ધિ’, ‘૩૦ વર્ષ સુધી કોઈ જાહેર ખબર લીધા વિના ચાર પત્રો દ્વારા પોતાના વિચારોનું લોકોનાં હૃદય સુધી વિતરણ કરનાર.’


આ પ્રકાશનમાં કોઈ સિદ્ધાંતો કે તત્ત્વજ્ઞાન નથી. ૭૫ જેટલા રોચક, ચોટદાર, સંક્ષિપ્ત પ્રસંગો અને અવતરણો વાચકના ચિત્તપટલને ઝંકૃત કર્યા કરે છે, ઉદા. મહાદેવભાઈએ લુઈ ફીશરના પ્રશ્નનો આપેલ પ્રત્યુત્તર, ગાંધી પ્રભાવનું રહસ્ય, ‘દેહના વિષયોને વિશુદ્ધ કરી તેને ઉચ્ચતર શ્રેણીએ લઈ જવા.’ કેલન બેકને ગાંધીએ આપેલ જવાબ ‘‘હું રાજકારણી છું, સંત થવાની મહેનત કરું છું.’’ ૧૯૧૬માં કોચરબ આશ્રમમાં વિનોબાના પ્રવેશ પછી તેમનો પ્રતિભાવ ‘‘ગાંધીમાં મને હિમાલયની શાંતિ અને બંગાળની ક્રાંતિ પ્રાપ્ત થઈ ગયાં છે.’’

ગાંધીના મતે ભારતની સૌથી મોટી સમસ્યા ‘‘બૌદ્ધિકોની હૃદય-શૂન્યતા’’. ગાંધીની પ્રથમ જીવનકથા લખનાર રેવન્ડર ડોકના મતે ‘‘ગાંધી દરેક માનવીમાં ઈશ્વરના દર્શન કરતા હતા.’’ ગાંધીકથાનો ઉદ્દેશ સ્પષ્ટ કરતા નારાયણભાઈ દેસાઈ ‘‘ગાંધી જેવો માણસ તો ઇતિહાસમાં હજારેક વર્ષે પાકે પણ તેમની વાતોમાંથી એક બે વિષય આપણે જીવનમાં અપનાવવા તૈયાર થઈએ.’’ ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ સાંજે ૫.૧૭ ગાંધીજીનો શાશ્વત સંદેશ - ‘‘હું મર્યા પછીયે મારી શ્રદ્ધાની ઘોષણા કરતો રહીશ અને કબરમાંથીયે મારી વાત સંભળાવતો રહીશ.’’

મિત્રો, ચાલો આપણે ગાંધીદર્શનનું આ પાઠ્યપુસ્તક ખરીદીને, વાંચીને, ચિંતન કરીને ગાંધીએ પ્રબોધેલાં મૂલ્યોને આચરણમાં મૂકવા માટે યત્કિંચિત્ પુરુષાર્થ કરતા રહીએ.

(ડી-૨૦૪, અભિષેક એન્ટેલિયા, સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ સામે, પુનિતનગર, ન્યુ સમારોડ, વડોદરા-૩૯૦૦૨૪. મો.: ૯૪૨૬૪૬૧૦૯૦)

**આપણા ગાંધી : જગતના ગાંધી**




પૃષ્ઠ - ૧૨૮ કિંમત રૂ. ૨૩૦/-,
લેખક ડૉ. દિનુભાઈ ચુડાસમા
ઝેડકેડ પ્રકાશન.

વધુ માહિતી માટે સંપર્ક :
ZCAD Publication, Ahmedabad
Mob.: +91 6358852437

મો.: ૯૪૨૬૪૬૧૦૯૦ **- પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

# વાંચન થાળ

- **સંપૂર્ણ જીવન,** ૩૬ અજિતનાથ સોસાયટી, પાણીની ટાંકી પાસે, કારેલીબાગ, વડોદરા - ૩૯૦૦૧૮. મો.: ૯૮૭૯૨૯૩૦૧૨

○ પરાવિદ્યા. ૦ આશ્રમ વ્યવસ્થા, અનુક્રમે બાવન અને ૪૦ પૃષ્ઠનાં આ બે પુસ્તકોની કિંમત તેમજ લેખકોનાં નામ લખ્યાં નથી. પરાવિદ્યા એ અધ્યાત્મ વિદ્યા છે. અપરાવિદ્યા ભૌતિક જગત અંગેનું જ્ઞાન છે. આ બંનેનો સુભગ સમન્વય થવો જરૂરી છે.

પોતાના આયુષ્યના સમયગાળાનું આયોજન એટલે આશ્રમ વ્યવસ્થા.

- **અશોક પ્રકાશન મંદિર** રતનપોળ નાકા સામે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧. ફોન : ૦૭૯-૨૨૧૪૦૭૭૦

○ महाकवि क्षेमेन्द्र रचित – चारुचया (સટિપ્પણ સમશ્લોકી અનુવાદ સહિત) લેખન - સંશોધન : જાગૃતિ પંડ્યા, સંપાદન : સંગીતા દેસાઈ, પૃષ્ઠ-૭૪, મૂલ્ય સદાચરણ.

જીવનોપયોગી, નીતિબોધ દર્શાવતું આ પુસ્તક છે.

- **મૈત્રી વિદ્યાપીઠ,** માનવમંદિર સુરેન્દ્રનગર, મો.: ૯૮૨૫૯૯૪૪૭૪

○ ઉચ્ચ શિક્ષણમાં ગુણવત્તા માટેનું પંચસત્ત્વીય મોડલ (રાષ્ટ્રીય શિક્ષણનીતિ ૨૦૨૦ને અનુમોદન અર્થે ચિંતન) પૃષ્ઠ-૨૪.

ડૉ. દિનેશચંદ્ર અ. ઉચાટ, નિવૃત્ત પ્રાધ્યાપક, શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

# અંધશ્રદ્ધાનું મિથ્યા વિજ્ઞાન

**અં**ધશ્રદ્ધાઓ સમાજમાં અનેક લોકો ધરાવે છે. અંધશ્રદ્ધા એટલે જે તર્કસંગત ન હોય તેવી આપણા વિચારો અને વર્તનમાં પ્રગટ થતી માન્યતાઓ. અસંખ્ય લોકો મેલી શક્તિ, જાદુ, શુકન-અપશુકન, મેલી નજર, ભૂતપ્રેત વગેરેમાં માનતા હોય છે. અંધશ્રદ્ધાનાં ઘણાં ઉદાહરણો છે. જેમ કે, આપણે બહાર નીકળીએ અને રસ્તે બિલાડી આડી ઊતરે તો અપશુકન થાય, ઘરની બહાર નીકળતા હોઈએ અને છીંક આવે તો થોડી પળો માટે બહાર નીકળવાનું મુલતવી રાખી ચંપલ-જોડા કાઢી નાખી બેસી જવું, દિવસ આથમી ગયા પછી અથવા તો શનિવારના દિવસે નખ ન કાપવા, કૂતરું રડે તો નક્કી પાસપડોશમાં કોઈનું મૃત્યુ થશે, કાગડો આપણા છાપરા પર બેસીને બોલે એટલે કોઈ મહેમાનો આવી રહ્યાં છે, સંધ્યા સમયે કે દિવાબત્તીના સમયે પથારીમાં સૂવું નહીં, ગર્ભવતી મહિલા પૂલ ઓળંગીને બીજા ગામ જાય તો એને કસુવાવડ અથવા અધૂરા મહિને પ્રસવ થઈ જાય, સ્ત્રીની જમણી આંખ અને પુરુષની ડાબી આંખ ફરકે તો અપશુકન થાય. હથેળીમાં ખંજવાળ આવવા લાગે તો પૈસા આવવાની નિશાની છે, ઉત્તર દિશામાં માથું રાખીને કદી સૂવું નહીં.

આવી તો બીજી કંઈ અનેકગણી માન્યતાઓ છે, જે સમાજમાં પેઢી-દર-પેઢી ઊતરી આવેલી છે અને લોકો એને પોષે છે. પણ આવી માન્યતાઓને કોઈ તર્કસંગત તત્ત્વ ન હોય. અંધશ્રદ્ધામાં માનનારા લોકો અને એને માટે વૈજ્ઞાનિક, દાર્શનિક કે ધાર્મિક કારણો હોવાનાં પ્રમાણો આપે, પણ એ જુઠ્ઠાં અને ઘડી કાઢેલાં હોય. મોટા ભાગની અંધશ્રદ્ધાઓ આપણને પેઢી-દર-પેઢી વારસામાં મળી હોય અને તેને તર્કબુદ્ધિથી ચકાસ્યા વગર આપણે સાચી માની લઈએ.

### અંધશ્રદ્ધાઓને ધાર્મિક, સાંસ્કૃતિક અને વ્યક્તિગત એમ ત્રણ રીતે વહેંચી શકાય

ધર્મવ્યવસ્થા ખાસ અંધશ્રદ્ધાને પોષે છે. બાળકોને ઓરી-અછબડા નીકળે તો એને માતાની કે બળિયા બાપજીની બીમારી ગણવામાં આવે છે. આવા કિસ્સામાં આંગણે લીમડાનું તોરણ બાંધવામાં આવે છે. બાળકને ઓરી કે અછબડાનો ભાર ઊતરે નહીં ત્યાં સુધી ઘરની બહાર લઈ જવાનું નહીં અને ગમે તેવી ગંભીર તકલીફ હોય છતાં એને ડૉક્ટર પાસે કે દવાખાને બતાવવા જવાનું નહીં. આ માન્યતાને લીધે અનેક બાળકો ઓરી-અછબડાને કારણે ગામડાઓમાં મરણને શરણ થાય છે. શીતળામાતાની માન્યતાને કારણે હિંદુ સમાજ શ્રાવણ સુદ સાતમ અને વદ સાતમની તિથિએ શીળી સાતમ મનાવે. એ દિવસે ઘરમાં ચૂલો ન સળગે. આગલા, એટલે કે રાંધણ છઠને દિવસે રાંધીને તૈયાર કરેલ ઠંડી રસોઈ જ ખાવાની. જો ભૂલમાં શીળી સાતમના દિવસે ઘરમાં ચૂલો પેટાવેલો હોય અને શીતળામાતા ફરવા નીકળ્યાં હોય અને પ્રગટાવેલા ચૂલા પર આળોટવા જાય તો દાઝી જાય અને કુટુંબનાં બાળકને શાપ આપી બેસે. ચૈત્ર માસમાં મીઠું ખરીદવાનું નહીં. ગંગા નદીમાં સ્નાન કરવાથી બધાં પાપો ધોવાઈ જાય. આ બધી ધાર્મિક અંધશ્રદ્ધાઓ સમાજમાં અનેક સૈકાઓથી ચાલતી આવી છે.

સાંસ્કૃતિક અને ધાર્મિક અંધશ્રદ્ધાઓને અલગ તારવવી ઘણી મુશ્કેલ છે. આવી અંધશ્રદ્ધાઓ અમુક સમાજ, પ્રદેશ, ગામ, દેશ કે કુટુંબોમાં વધારે જોવા મળે. બાળક માંદું ન પડે એ માટે એને માદળિયું કે તાવીજ બાંધવું, એની નજર ઉતારવી, એના કપાળે મેશનો ચાંદલો કરવો, બાળકને કોઈની નજર લાગે તો એની ફરતે મરચું અને મીઠું સાત વાર ફેરવીને ફેંકી દેવાનું, સ્ત્રીને માસિકસ્રાવ શરૂ થાય એ અપવિત્રતાની નિશાની છે, આ બધી સાંસ્કૃતિક માન્યતાઓ છે. એ જ રીતે હિંદુ લોકો કર્મસિદ્ધાંતમાં માને છે. આપણે જો કોઈ ખરાબ કામ કરીએ તો એનું ફળ આપણે ભોગવવું જ પડે. પણ આ ફળ કોણ અને ક્યારે ભોગવશે એ નક્કી નથી. કેટલાંક કર્મફળ પોતે ભોગવવાનાં થાય. કેટલાંક બીજાં કોઈ ભોગવે. કેટલાંક આ જન્મમાં આપણે ભોગવીએ અને કેટલાંક ફળ આપણે આવતા જન્મમાં ભોગવવાનાં થાય. આવી કર્મ સંબંધી અનેક માન્યતાઓ આર્ય પરંપરામાં સાંસ્કૃતિક રીતે ઊતરી આવેલી છે.

અમુક માન્યતાઓ વ્યક્તિગત સ્તરની છે. અમુક દિવસ, તારીખ કે ચોઘડિયું પોતાને માટે શુભ કે અશુભ છે, અમુક આંક, રંગ, નંગ, વગેરે પોતાને માટે શુકનિયાળ છે, અમુક આંકડો પોતાને શુકનિયાળ છે એમ માનીને એનો જીવનમાં વારંવાર ઉપયોગ કર્યા કરવો, ઘરની બહાર નીકળતી વખતે અમુક વિધિ કરવી, પરીક્ષા આપવા નીકળતાં પહેલાં વિદ્યાર્થી દહીં ખાઈને નીકળે તો એનું પ્રશ્નપત્ર સારું જાય, આવી બધી જ માન્યતાઓ વ્યક્તિગત સ્તરની છે.

આજે આપણે વિજ્ઞાનયુગમાં જીવી રહ્યા છીએ. દરેક માન્યતા પાછળ આપણે તર્કસંગત વિચાર કરવો રહ્યો. આજે આપણે મેલી શક્તિ અને ભૂતપ્રેતમાં માનીએ એ બરાબર નથી. અંધશ્રદ્ધાઓ આપણને આજથી લગભગ એક હજાર વર્ષ અગાઉના અંધકાર યુગમાં ભેટમાં મળેલી છે. પણ અમુક અંધશ્રદ્ધાઓ તો એથી પણ જૂની છે. માનવજીવન અને સમાજ ઘણાં અટપટાં બની ગયાં છે. જીવનમાં ઘણી અનિશ્ચિતતાઓ ઊભી થયેલી છે. પોતાના જીવનમાં એકાએક ક્યારે કોઈ દુર્ઘટના ઊભી થાય, ક્યારે આપણા કોઈ સ્વજનનું અણધાર્યું મૃત્યુ થઈ જાય, ક્યારે એકાએક કોઈ અણચિંતવી માંદગી આવીને ઊભી રહે એ આપણા હાથની વાત નથી. આવા સમયે આવી અનિશ્ચિતતાનો સામનો કરતાં આપણે ડરીએ છીએ, એના કારણે માણસના મનમાં અને સમાજમાં અનેક અંધશ્રદ્ધાઓ વખતો-વખત ઊભી થયેલી છે અને પેઢી-દર-પેઢી પોષાતી આવી છે. ઘણી માન્યતાઓ તો અભણ અને ભણેલાઓ વચ્ચેનો ભેદ પણ ભૂંસી નાખે છે. દુર્ઘટનાઓ અને માઠા પ્રસંગોમાંથી બચી ગયેલા લોકો આવી અંધશ્રદ્ધાઓને જન્મ આપે છે અને પછી પોતાના સંપર્કમાં આવનારા લોકો અને પછીની પેઢીને ભેટમાં આપે છે.

એક વાર માન્યતા કે અંધશ્રદ્ધા ઊભી થાય અને સામાજિક, સાંસ્કૃતિક અને વ્યક્તિગત રીતે પુષ્ટ બને પછી અમુક વર્ષો કે સૈકાઓ પછી એની પાછળનું કારણ ભુલાઈ પણ જાય.

એક માન્યતા એવી છે કે જો ઘરમાં તૂટેલો અરીસો હોય તો

સાત વર્ષ સુધી આપણા જીવનમાં પનોતી આવી પડે. આ માન્યતા ક્યાંથી આવી એ આજે કોઈને ખબર નથી. એવું જ અપશુકન ટાળવા માટે ઘોડાની અર્ધચંદ્રાકાર નાળ ઘરઆંગણે બાંધવી એ માન્યતા પ્રાચીન ઈજિપ્તમાંથી ઊતરી આવેલી છે. ઈજિપ્તના લોકો આજથી ચાર હજાર વર્ષો અગાઉ ચંદ્રપૂજક હતા. એવી જ રીતે શનિ અને મંગળને આપણે આપણા જીવનમાં પનોતી આણનારા અને લગ્નમાં વિલંબ ઊભા કરનારા ગ્રહો માનીએ છીએ. આ માન્યતા ક્યાંથી આવી તેનાં મૂળિયાં શોધવાં અઘરાં છે.

અંધશ્રદ્ધાઓ બાબતમાં ભણેલા અને અભણ વચ્ચે કોઈ ભેદ હોતો નથી. ભલભલા લોકો બીજાની અંધશ્રદ્ધાઓની વાત સાંભળીને મોં મચકોડે છે. પણ પોતે આવી કોઈ ને કોઈ અંધશ્રદ્ધાનો શિકાર બની ચૂકેલા છે એ સ્વીકારતા નથી. ઇતિહાસપ્રસિદ્ધ વ્યક્તિઓ પણ આવી અંધશ્રદ્ધાઓથી બાકાત નથી. નેપોલિયન બોનાપાર્ટ કાળી બિલાડીઓથી થર થર ડરતા. વિન્સ્ટન ચર્ચિલ શુભ આશયથી સામે પડીને કાળી બિલાડીને સ્પર્શીને કોઈપણ કામમાં આગળ વધતા. જનરલ આઇઝનહોવર શુકન માટે પોતાના ખિસ્સામાં સોનાનો સિક્કો અચૂક સાથે રાખીને ફરતા. ભારતીય અભિનેતા અમિતાભ બચ્ચન ભારતની ટીમ રમતી હોય એવી ક્રિકેટ મેચનું જીવંત પ્રસારણ જોવાનું હંમેશા ટાળે છે, કેમ કે એમની માન્યતા છે કે જો એ ટેલિવિઝનના પડદા સામે ચાલુ ક્રિકેટે બેસીને નિહાળશે તો ભારતની વિકેટ પડી જશે. દિપીકા પાદુકોણ એમની કોઈપણ નવી ફિલ્મનું શુટિંગ શરૂ થતાં પહેલાં અચૂક દૈવી આશીર્વાદ મેળવવા માટે મુંબઈમાં સિદ્ધિ વિનાયક ગણપતિના મંદિરની મુલાકાત લે છે.

સલમાન ખાન પોતાના હાથે હંમેશાં નીલમનો બાજુબંધ પહેરી રાખે છે. જો એ એમનાથી ક્યાંક આડોઅવળો મુકાઈ ગયો અને હાથ ન આવ્યો તો એ આખી દુનિયા માથે લે એવા કિસ્સાઓ બનેલા છે. નીલમનો આ બાજુબંધ એમને એમના પિતા સલીમ ખાને ભેટ આપેલો. એને એ શુકનિયાળ માને છે. શાહરુખ ખાન એમની નવી ખરીદાતી કારના રજિસ્ટ્રેશન નંબર બાબતમાં આગ્રહી છે. એમની દરેક કારનો નંબર ૫૫૫ જ હોય છે. જો આ નંબર ન મળે તો એ કાર ખરીદવાનું પસંદ કરતા નથી. આમીર ખાન એમની બધી જ નવી ફિલ્મો નાતાલ અથવા ડિસેમ્બર મહિનામાં રીલીઝ થાય એવો આગ્રહ રાખે છે. પોતાના સ્વજનોને અને મિત્રોને એ નાતાલ નિમિત્તે મોંઘીદાટ ભેટ આપતા હોય છે. કેટરિના કૈફ અજમેર શરીફમાં પારાવાર શ્રદ્ધા ધરાવે છે. આવાં તો કંઈ કેટલાંય ઉદાહરણો ટાંકી શકાય.

## તેરનો આંકડો અપશુકનિયાળ શાથી ગણાય છે ?

અમેરિકા આટલો પ્રગતિશીલ અને ભણેલા ગણેલા લોકોને દેશ છે. તેમ છતાં ત્યાં જશો તો કોઈપણ બહુમાળી ઈમારતમાં તમને તેરમા માળે '૧૩'ના નંબરને બાજુ પર મૂકીને એ માળને '૧૪'મા માળનો ક્રમ આપેલો જોવા મળશે. '૧૩'નો આંક અનેક સૈકાઓથી અપશુકનિયાળ માનવામાં આવે છે. આનાં મૂળ ઘણાં પ્રાચીન છે. પ્રાચીન બેબિલોનમાં ધાર્મિક પ્રસંગોમાં તેર વ્યક્તિઓને ભગવાનનું રૂપ આપીને મેદની સમક્ષ ઊભા કરી દેવામાં આવતા. આ બધાંમાં એક વ્યક્તિને બાકીનાથી અલગ કરીને એની બેઠક વ્યવસ્થા અલાયદી બનાવવામાં આવતી. પ્રસંગ પૂરો થતાં આ વ્યક્તિને મોતને ઘાટ ઉતારવામાં આવતી. બાઇબલમાં પણ ઈસુના વધ પહેલાંના દિવસે છેલ્લા ભોજન માટે ૧૩ જણ હાજર રહેલા. ઈસુએ આ બધા સમક્ષ જાહેર કરેલું કે આમાંથી એક જણ મને દગો દેશે અને પકડાવી દેશે. એટલે આજે પણ અનેક લોકો જો ટેબલ પર ભોજન માટે તેર વ્યક્તિઓ ભેગી થઈ હોય તો પોતાનું સ્થાન ગ્રહણ કરતાં અચકાતી જણાશે. આમ પરાપૂર્વથી '૧૩'નો આંક વગોવાયેલો છે.

સંસ્કૃતિ અને ભાષાઓ આવી અંધશ્રદ્ધાને પોષે છે. ચીન અને જાપાનમાં '૧૩'નો આંક નહીં, પણ '૪'નો આંકડો અશુભ માનવામાં આવે છે. ચીની લિપિમાં '૪'નો આંક અકાળ મરણનો સૂચક મનાય છે.

## અંધશ્રદ્ધાઓ હકીકત આધારિત હોઈ શકે ?

અમુક અંધશ્રદ્ધાઓ વ્યવહારુ પુરવાર થઈ છે. જૂના વખતમાં બ્રિટનમાં એવી માન્યતા હતી કે જેમને ગાયને કે બીજાં ઢોરને થયેલી શીતળાની બીમારી (cowpox)નો ચેપ લાગુ પડે એ શીતળાથી બચી જાય છે. પરંપરાથી ચાલતી આવતી આ માન્યતાને સર એડવર્ડ જેનરે અઢારમી સદીમાં ગંભીરતાથી લીધી અને કાઉપૉક્સના દાણામાંથી નીકળતા પ્રવાહીમાંથી શીતળાની રસીનો આવિષ્કાર કર્યો. આ જ રસીને કારણે આજે આખા વિશ્વમાં આપણે આ જીવલેણ અને વ્યક્તિને બદસૂરત બનાવનારી બીમારીથી નાબૂદ કરી શક્યા છીએ. આ સિદ્ધાંત પરથી જ આધુનિક તબીબી વિજ્ઞાનમાં રસીકરણનો અક્સીર રોગનિવારણ ઉપાય અમલમાં આવ્યો છે. આવી જ બીજી એક માન્યતા ઍલેક્ઝાંડર ફ્લેમિંગે સાંભળેલી કે ઘા પર ફૂગ વળેલી બ્રેડ લગાડવાથી ચેપ ઝટ કાબૂમાં આવી જાય છે. આના પરથી જ એમણે ફૂગમાંથી પેનિસિલિન નામની અકસીર જીવાણુપ્રતિરોધક દવા શોધી કાઢી હતી.

ત્રીજા વિશ્વયુદ્ધ દરમિયાન સૈનિકોમાં એવી માન્યતા ઘર કરી ગયેલી કે એક સૈનિકની સિગારેટમાંથી બીજો અને બીજા સૈનિકની સિગારેટમાંથી ત્રીજો સૈનિક જો પોતાની સિગારેટ પેટાવે તો ત્રીજા સૈનિકનું દુઃશ્મનના હાથે ગોળીથી વિંધાઈને મૃત્યુ થઈ જશે. આમ એટલા માટે બનતું કે સૈનિકોની ટોળકી પર દૂરથી નજર નાખીને બેઠેલો સામી છાવણીનો સૈનિક ત્રીજા સૈનિકની સિગારેટ સળગી ઊઠે તેની રાહ જોઈને પોતાની બંદૂકની નાળ તાકીને બેઠેલો હોય. જેવી ત્રીજી સિગારેટ પેટે કે તરત જ એ નિશાન લઈને એ સૈનિકને મારી નાખતો.

## અંધશ્રદ્ધાઓ કામની ખરી ?

અંધશ્રદ્ધાઓ તર્કરહિત જરૂર હોય. પણ ઘણી વાર એ નિર્દોષ પણ સાબિત થાય, અથવા એનાથી કોઈ હેતુ પણ પાર પડે. કોઈ નાજુક નિર્ણય લેવામાં ડરી રહેલી વ્યક્તિ સિક્કો ઉછાળીને કાટ કે છાપ બોલીને નિર્ણય લે પછી એના મનની દ્વિધા દૂર થઈ જાય. પણ એનો અર્થ એ નથી કે આપણે અંધશ્રદ્ધાઓને પોષવી જોઈએ. જીવનમાં અનિશ્ચિતતા અને જોખમો છે. પણ એનો ખુલ્લા મનથી સામનો કરવો જ રહ્યો. નિર્ભય બનીને નિર્ણયો લેવા અને જે પરિણામ સામે આવીને ઊભાં રહે તેને ખુલ્લા દિલે સ્વીકારી લેવાં એમાં જ આપણી મોટાઈ છે.

પરીક્ષાઓથી માંડીને રમતગમત સુધીનાં કંઈ કેટલાંય ક્ષેત્રોમાં લોકો જાતજાતની માન્યતાઓથી પીડાય છે. એનું કારણ એ છે કે નિષ્ફળતા

કોઈને પસંદ નથી. અમુક નંગ પહેરવાથી પોતાના જીવનમાં કશું અમંગળ નહીં જ થાય, અમુક માન્યતા કે બાધાઆખડી રાખવાથી પોતાના મનની મુરાદ પાર પડશે, અમુક રંગનું વસ્ત્ર પહેરવાથી અથવા ટાઈ બાંધીને નીકળવાથી પોતાને સફળતા મળશે. અમુક ભગવાનનું નામ લઈને ઘરની બહાર પગ માંડવાથી પોતાનું ધારેલું કાર્ય પાર પડશે એવી માન્યતામાં રાચવાથી સફળતા મળે તો પણ એનું મૂલ્ય કશું નથી. વ્યક્તિને પોતાના મનની શક્તિ અને પુરુષાર્થ પર ભરોસો હોવો જોઈએ.

દૈવી શક્તિ અથવા અમુક વિધિ કે પૂજા કે જાપ પોતાને સફળતા અપાવશે એવી ગેરમાન્યતા પોષવી નકામી છે. ભાવિ અનિશ્ચિત છે. પરિણામ ગમે તે આવે, આપણે એને માથે ચઢાવવું જ રહ્યું. માણસે સમાજ જીવન અટપટું બનાવ્યું એની સાથે ઘણી અનિશ્ચિતતાઓ અને જોખમો સંકળાયેલાં છે. પ્રાણીઓનાં જીવનમાં આવી અનિશ્ચિતતાઓ નથી. માટે એમની અંદર અંધશ્રદ્ધાઓ નથી હોતી. એનો અર્થ એવો નથી થતો કે પ્રાણીઓમાં વિચારવાની શક્તિ નથી તેથી તેઓ આવી માન્યતાઓના શિકાર બનતાં નથી.

પોતાની દરેક માન્યતા અને અંધશ્રદ્ધા પાછળ તર્કબુદ્ધિથી વિચાર કરીને એને બદલવાનો આપણે પ્રયાસ કરવો જોઈએ.

(સાભાર : 'આપણું સ્વાસ્થ્ય')

---


**બેંગ્લોરની ઈન્ડિયન** (પાન ૫નું ચાલુ)

તમારી પાસે તો સામાન્ય અભણ અણસમજુ માણસ કરતાં હું ઘણી વધારે આશા રાખું. તમે જેટલું આપ્યું છે તેટલું આપીને જ સંતોષ ન માની બેસશો, ''અને હવે આપણે કશું કરવાપણું રહેતું નથી, ચાલો ટેનિસ-બિલિયર્ડ્ઝ ખેલીએ'' એમ કહીને નિરાંત ન વાળજો. પણ બિલિયર્ડ રમતાં ટેનિસ ખેલતાં તમારી સામે ઉધાર પાસું રોજ રોજ વધતું જાય છે તેનો વિચાર કરજો.

પણ ધર્મની ગાયના દાંત પુછાતા હશે ? એટલે આભાર સાથે મેં જે આપ્યું તે સ્વીકારું છું. મેં જે પ્રાર્થના કરી છે તે અંતરમાં રાખજો અને તેનો અમલ કરવાનો પ્રયત્ન કરજો. ગરીબ સ્ત્રીઓની બનાવેલી ખાદી પહેરતાં ડરશો નહીં. તમને તમારા શેઠ કાઢી મૂકશે એની પણ ભીતિ ન રાખજો. શેઠને કહેજો કે મારા પોશાક સામું ન જોતાં કામ સામું જુઓ. અને ન ફાવે તો હું જઈશ, પણ મારા જેવો વફાદાર અને પ્રામાણિક માણસ તમને ન મળે. તમારા આગ્રહને વળગી રહીને તમે જગત આગળ ટટ્ટાર ઊભા રહો એમ હું માગું છું. ધનની શોધમાં ગરીબોની સેવાના વેગને મોળો ન પડવા દેજો. તમે જે વાયરલેસ યંત્ર જુઓ છો તેના કરતાં વધારે મોટું એવું વાયરલેસ હૃદયની અંદર રચો જેથી કરોડોની સાથે આપોઆપ તમારા સંબંધ સંધાય. તમારી બધી શોધોનો ઉદ્દેશ દેશના અને ગરીબોના કલ્યાણનો ન હોય તો તમારાં બધાં કારખાનાં, શ્રી રાજગોપાલાચારી તો મજાકમાં કહેતા હતા, પણ ખરેખર, એ શેતાનનાં કારખાનાં જ બની રહેશે. બસ, મેં બહુ કહી દીધું, અને જો તમે વિચારશીલ હો, -દરેક શોધક અભ્યાસી તો વિચારશીલ હોવો જ જોઈએ, -તો એટલું તમને બસ છે.

(ગાં.અ.૩૪: ૧૪૮-૧૪૯)

# વાંચન થાળ




■ **દમણગંગા ટાઇમ્સ,** શીતલ પબ્લિકેશન, જીવનદીપ હૉસ્પિટલની બાજુમાં, ને.હા.નં. ૪૮, વાપી-૩૯૬૧૯૫ જિ.વલસાડ.

○ આઝાદીની આપણી કથાનું આચમન (વલસાડ-નવસારી, ડાંગ જિલ્લા) વિકાસ ઉપાધ્યાય, પૃષ્ઠ-૨૪૮, કિંમત રૂ. ૨૫૦/.

આ પુસ્તક દમણગંગા ટાઇમ્સના સ્થાપક તંત્રી શ્રી એન.વી.ઉકાણીને અર્પણ કરવામાં આવ્યું છે.

'દમણગંગા ટાઇમ્સ' એ કોઈ આગેવાન વ્યક્તિ, નેતા, રાજકીય પક્ષ કે કોઈ ચોક્કસ સંસ્થાનાં હિતોના પ્રભાવ હેઠળ પ્રગટ થનારું અખબાર નથી. પરંતુ પ્રદેશના લોકોની ભાવનાઓ, અપેક્ષાઓ અને સક્રિય સહયોગને આત્મસાત્ કરવાના મનોરથ સાથે આવિર્ભાવ પામી રહ્યું છે.

૭ એપ્રિલ ૨૦૨૩ના રોજ શ્રી એન.વી.ઉકાણીનું દુઃખદ નિધન થયું. આ અખબારની 'રજત જયંતી' (સ્થાપનાને ૨૫ વર્ષ) નિમિત્તે તંત્રી શ્રી વિકાસભાઈ ઉપાધ્યાયે દર શનિવારે 'આપણી આઝાદીની કથા'નું આચમન નામની એક ખાસ લેખશ્રેણી ૭૦ અંકોમાં આપી. તેમાંથી આ પુસ્તક આકાર પામ્યું છે.

આ લેખન દરમ્યાન લેખકનો અનુભવ રહ્યો કે ઇતિહાસબોધના અભાવે આપણી પાસે એના મહત્ત્વના સ્થાનિક ઐતિહાસિક ઘટનાક્રમોનો રેકોર્ડ કે માહિતિનો ભારે અભાવ છે. આ લેખશ્રેણીમાં સુરતમાં અંગ્રેજોના આગમનથી લઈ ૧૯૪૭માં આઝાદી આવી ત્યાં સુધી અંગ્રેજોના સમયમાં સુરત જિલ્લામાં સમાવિષ્ટ આજના વલસાડ અને નવસારી જિલ્લાના વિસ્તારો વાંસદા, ધરમપુર, દેશી રજવાડાં અને અલાયદા ડાંગ પ્રદેશ કે ગાયકવાડી તાબા હેઠળના વિસ્તારોમાં સ્વતંત્રતાસંગ્રામની હિલચાલ તથા એમના અંગ્રેજ શાસન સાથેના સંબંધો વગેરે વિસ્તારપૂર્વક અને તબક્કાવાર સિલસિલાબંધ ઇતિહાસની ઝલક રજૂ કરાઈ છે.

પુસ્તકની આ વિશેષતા છે. આ પુસ્તક ઇતિહાસનાં પુસ્તકોની શ્રેણીમાં અવશ્ય સ્થાન પામશે. પુસ્તકનું દસ્તાવેજી મૂલ્ય તો છે જ પરંતુ આગામી પેઢી માટે પ્રેરણા પૂરી પાડશે.

લેખક પૂરક માહિતી તેમજ તસવીરો મેળવવા માટે ઘણા બધાનો આભાર માને છે. ખાસ વલસાડનાં બકુલાબહેન ઘાસવાલા, આશાબહેન શાહ, પારુલબહેન દાંડીકર, નવસારીની સયાજી લાયબ્રેરીનાં સ્વાતિબહેન નાયક, માધવીબહેન શાહનો આભાર માન્યો છે.

લેખકના ધ્યાનમાં આવ્યું કે ધરાસણાના સત્યાગ્રહના શહીદોની આજે પણ જિલ્લામાં એકેય તસવીર કોઈ પાસે ઉપલબ્ધ નથી. ધરાસણા

તો ઇતિહાસમાં અમર થયેલો સત્યાગ્રહ હતો.

ઇતિહાસની ઘણી બધી ઝીણી ઝીણી વિગતો લેખકે નોંધી છે. 'નેશનલ બુક ટ્રસ્ટ' કે અન્ય પ્રકાશકે આ પુસ્તકનો અંગ્રેજી અનુવાદ છાપવા જેવો છે. રાષ્ટ્રીય સ્તરે લોકો આ ઇતિહાસને જાણે તે જરૂરી છે.

પુસ્તકના અંતિમ ભાગમાં ડાંગને ઘાટ આપનાર ઘડવૈયા, વલસાડ જિલ્લાના સ્વાતંત્ર્યસેનાનીઓ, પંથકના સ્વાતંત્ર્ય-સેનાનીઓની ઉપલબ્ધ યાદી આપી ખૂબ મહત્ત્વનું કામ કર્યું છે. ૫૯ જેટલાં સંદર્ભ પુસ્તકોની યાદી પર નજર નાંખવા જેવી છે.


■ **મૌલિક પટેલ,** ૮૦૧, વોલસ્ટ્રીટ એનક્ષી, ગુજરાત કૉલેજ નજીક, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬. મો.: ૯૦૯૯૯૯૯૯૬૪.

○ સંઘર્ષે કાબિલ - બલવંત દરજી, પૃષ્ઠ-૧૬૦, મૂલ્ય રૂ.૫૦૦.

આ પુસ્તક શ્રી રાજાભાઈ પટેલનું જીવનચરિત્ર છે. લેખક કહે છે - આ પુસ્તક ગુરુવંદનાનો નમ્ર પ્રયાસ છે.

પાલનપુરની બાજુમાં આવેલ કાણોદર ગામ રાજાભાઈની જન્મભૂમિ છે. તેમણે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ પાલનપુરમાં લઈને ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદમાં સ્નાતક, અનુસ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યો. ત્યાર બાદ અમદાવાદની સી.એન. વિદ્યાલયમાં તાલીમ લઈને સાબરકાંઠામાં વિશ્વ મંગલમ્ વિદ્યાલય, અનેરા ખાતે પત્ની આયશાબહેન સાથે અધ્યાપક તરીકે જોડાયા. ત્યાં વિમલાતાઈની સાધના શિબિરો તથા વિનોબાજીની ભૂદાન પ્રવૃત્તિમાં સહભાગી બન્યા. શ્રી ગુણવંત શાહની પંચશીલ યાત્રામાં પણ જોડાયા હતા. ૧૯૭૪માં મહેસાણાની બી.એડ. કૉલેજમાં જોડાયા. આયશાબહેન મહેસાણાની સાર્વજનિક કન્યા વિદ્યાલયમાં જોડાયાં.

રાજાભાઈએ નિવૃત્તિ પછી મહેસાણામાં 'સેતુ' ભવનનું નિર્માણ કરી હિંદુ સંસ્કૃતિ અને મુસ્લિમ સંસ્કૃતિના સેતુ બન્યા. અનેક રાષ્ટ્રીય પર્વોની ઉજવણી કરતા હતા. મુસ્લિમ સમાજના શૈક્ષણિક તથા સામાજિક ઉત્થાનની અનેક પ્રવૃત્તિઓ કરી.




રાજાભાઈના પિતાશ્રી અલીમોહંમદ મુંબઈમાં ઘોડાગાડી ચલાવતા હતા. પિતા મુંબઈમાં નાની ખોલીમાં રહેતા હતા. તેમની માતા કાણોદરમાં હાથસાળ ચલાવતાં હતાં. રાજાભાઈએ ૯ વર્ષની નાની વયે વાર્ષિક રૂ. ૨૫ના પગારથી રેંટિયો ભરવાની નોકરી કરી હતી. ત્યારબાદ હાથસાળ ચલાવતા શીખ્યા. વાર્ષિક રૂ. ૧૭૫ના પગારમાં હાથવણાટનું કામ કર્યું. થોડોક સમય ૧૩ વર્ષની નાની ઉંમરે મુંબઈ ગામના યુવાનો સાથે ગયા. ત્યાં એક વ્હોરાના ઘરમાં કામે લાગ્યા હતા. સવારે પાંચ વાગ્યે જાગી જવાનું. ઘર આખાની ઝાપટઝૂપટ કરવાની, ગાદલાં-ઓશીકાં કબાટમાં મૂકવાનાં, ઠામવાસણો માંજવાં, કચરા-પોતું કરતા કરતા સાંજે થાકીને લોથપોથ થઈ જતા હતા. રાત્રે ફૂટપાથ પર ચટાઈ પાથરી સૂઈ જવાનું. પગાર માત્ર મહિને રૂ. પાંચ.

આ સમયમાં ગાંધીજી મુંબઈમાં આવ્યા હતા. ગાંધીજીને જોઈને તેમના રોમરોમમાં રાજીપો થયો.

કાણોદરમાં રાજાભાઈની મુંબઈની લાચાર સ્થિતિના સમાચાર પહોંચતાં તેમના પરિવારજનો તેમને કાણોદર વતનમાં પાછા લઈ ગયા. ત્યાં ઇમાનદારી સાથે કરિયાણાની દુકાનમાં કામે લાગ્યા. ઘરે સાળ ચલાવવાનું કામ પણ કરતા. વર્ષ ૧૯૪૨થી ૧૯૫૬ રાજાભાઈના અભ્યાસ વગરના ગયા. સાળકામ સાથે ભણવાનું ચાલુ કરીને વર્નાક્યુલર ફાઈનલની પરીક્ષા પાસ કરી. ત્યાર બાદ ધાનેરામાં શિક્ષક બન્યા. થોડા સમય પછી વાવ તાલુકાના ભડવેલ પ્રાથમિક શાળામાં રૂ.૭૦ના પગાર વાળી નોકરી મળી ગઈ. રાજાભાઈ દર સોમવારે ભાભરથી ભડવેલ ગામે ચાલતા જતા હતા. તેઓ સવારે ૩ કલાક ભડવેલની પ્રાથમિક શાળામાં ભણાવતા અને બપોર પછી વાવ તાલુકાની ઈશ્વરિયા પ્રાથમિક શાળામાં ભણાવતા. સાથેસાથે ભણતા રહ્યા અને મેટ્રિક પાસ થઈ ગયા.

નાનાભાઈ ભટ્ટ ગૂજરાત વિદ્યાપીઠની ટુકડી લઈને કાણોદર ગામે હાથસાળનું કામ જોવા આવ્યા હતા. ત્યાં રાજાભાઈને મળવાનું થયું. રાજાભાઈ દિવસનું ૫૦ મીટર કાપડ વણી શકતા હતા. રાજાભાઈએ હાથસાળની ખાસિયતો અને ખૂબીઓ હોંશે હોંશે જણાવી. નાનાભાઈએ ગૂજરાત વિદ્યાપીઠમાં વિદ્યાર્થી તરીકે રાજાભાઈને દાખલ કર્યા. અને ૩૦ રૂ.ની સ્કોલરશીપ અપાવી. રામલાલ પરીખે ભોજનશાળા અને લાઈબ્રેરીનો વહીવટ સોંપ્યો અને રાજાભાઈની જમવાની સગવડ થઈ ગઈ. ૧૯૬૬-૬૭માં ગ્રામ અર્થશાસ્ત્રનો અભ્યાસ કરીને અનુસ્નાતક ડિગ્રી પ્રાપ્ત કરી. ત્યારબાદ ૧૯૬૮માં બી.એડ્. (બેચલર ઑફ એજ્યુકેશન)ની ડિગ્રી પ્રાપ્ત કરી લીધી.

ગુજરાત વિદ્યાપીઠમાં રાજાભાઈ અને આયશાબહેનનાં લગ્ન ૮ ઑગસ્ટ ૧૯૬૬ના રોજ થયાં. રાજાભાઈ તે વખતે ૩૨ વર્ષના હતા અને આયશાબહેન ૨૨ વર્ષનાં. આયશાબહેનનું વતન નવસારીનું ખારા અબ્રામા હતું. આ પૂર્વે રાજાભાઈનાં લગ્ન ૧૭ વર્ષની વયે હબીબહેન સાથે થયાં હતાં. પરંતુ સુવાવડ વખતે માંદગીમાં મૃત્યુ પામ્યાં હતાં.

રાજાભાઈ ગુજરાત યુનિવર્સિટી - અમદાવાદ ખાતે ચાલતા એમ.એડ. (માસ્ટર ઑફ એજ્યુકેશન)ના વર્ગોમાં જોડાયા. ૧૯૭૧માં શામળાજીની આદિવાસી સેવા સમિતિ સ્કૂલમાં જોડાયા. ત્યાં આદિવાસી અને બિન- આદિવાસી વચ્ચેનો સંઘર્ષ ઝીલતા રહ્યા. જે શાળાનું પરિણામ ૧૭ ટકા આવતું હતું તેનું ૭૦ ટકા પરિણામ આવ્યું. શાળામાં વિવિધ પ્રવૃત્તિઓ ચાલુ કરી. તે ઉપરાંત ભાવિમાં નોકરી ન મળે તો સ્વતંત્ર વ્યવસાય કેમ કરવો તેનું માર્ગદર્શન પણ આપવા માંડ્યું.

પરંતુ કેટલાક લોકોએ રાજાભાઈનો વિરોધ ચાલુ રાખ્યો. એક રાત્રે રાજાભાઈના મકાન પર પથ્થરમારો કર્યો. તેમજ તીર કામઠાથી હુમલો કર્યો. રાજાભાઈ રૂમમાં બેસીને 'ગાંધી વિચાર દોહન' પુસ્તકનું વાંચન કરતા રહ્યા. બીજા દિવસે આશ્રમના સંચાલકો અને મિત્રો રાજાભાઈને વ્હારે ધાયા. ખોટી ભ્રમણાથી ભરમાયેલા સ્ટાફ મિત્રોને સમજાવ્યા. તેઓ પસ્તાયા પણ ખરા. પરંતુ રાજાભાઈના કૂણા કાળજે આ ઘટનાની ભારે અસર થઈ અને શામળાજી છોડી દીધું. ત્યાર બાદ મહેસાણામાં વર્ષ ૧૯૭૪થી ૧૯૯૪ સુધી વિવેકાનંદ કૉલેજ ઓફ એજ્યુકેશનમાં વ્યાખ્યાતા તરીકેની જવાબદારી નિભાવી.

રાજાભાઈએ નાનપણમાં માત્ર ગાંધીજીના દર્શન જ કર્યા ન હતા, જીવનમાં ગાંધીદર્શનને પચાવ્યું પણ હતું. તેઓ સામાન્ય રીતે ગાંધી સાહિત્યમાંથી દરરોજ ૧૦૦ પાનાંનું વાંચન કરતા હતા. તેઓ માનવધર્મને માનનારા હતા. સર્વોદય કાર્યકર્તાઓ સાથે તેમનો સારો ઘરોબો રહ્યો. જયપ્રકાશના સમૂળી ક્રાંતિના પ્રચાર-પ્રસારના કામ ઉપરાંત તે માટે ૧ લાખ રૂ. જેટલી માતબર રકમ તેમણે ભેગી કરી હતી. તેઓ 'ભૂમિપુત્ર' અને 'લોકસ્વરાજ'ના ગ્રાહકો પણ બનાવતા. આ સામયિકો મિત્રોને વાંચવતા.

કાણોદરમાં એસ.કે.એમ હાઇસ્કૂલના વિકાસમાં તેમનો મહત્ત્વનો ફાળો રહ્યો. ગાંધીનગરમાં ઇસ્લામિક કલ્ચર સોસાયટીની સ્થાપના તેમણે કરી. સંસ્થામાં સારી એવી સંખ્યામાં યુવાનો તથા યુવતીઓ હોસ્ટેલમાં રહીને અભ્યાસ કરે છે. પોતાના ગામ કાણોદરમાં 'ધી કાણોદર કો.ઑ.ક્રેડિટ સોસાયટી'ની સ્થાપના કરી. ગુજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી બન્યા. મહાત્મા ગાંધી મેમોરિયલ ટ્રસ્ટ મહેસાણાના તેઓ મેનેજિંગ ટ્રસ્ટી હતા. સમાજે તેમને ઘણાં બધાં પદો અને પુરસ્કારથી પોંખ્યા છે.

તા. ૨૩-૮-૧૯૩૪ના રોજ જન્મેલા રાજાભાઈનું તા. ૧૫-૯-૨૦૨૪ના રોજ મૃત્યુ થયું. આયશાબહેન તેમના બે દીકરા અકબરભાઈ અને મૌલિકભાઈ તથા તેમના પરિવાર અને રાજાભાઈના બૃહદ પરિવારની સંભાળ લઈ રહ્યાં છે.

■ **ગિરીશ સુંઢિયા,** બનાસકાંઠા જિલ્લા અંધશ્રદ્ધા નિર્મૂલન સમિતિ, ૬૯/૨, ચાણક્યપુરી સોસાયટી, હનુમાન ટેકરી, આબુ હાઈવે, પાલનપુર, ૩૮૫૦૦૧. મો.: ૯૪૨૬૬૬૩૮૨૧.

○ માન્યતાઓ - સત્યો. મૂળ લેખક - સર્વેસ શર્મા. અનુવાદક - અશ્વિન કારીઆ. પૃષ્ઠ ૨૫, રૂ.૩૦/-.

આ પુસ્તકને આવકાર આપતા ધવલ મહેતા લખે છે -

બ્રહ્માંડની અને માનવજાતની તેમજ તમામ સજીવ સૃષ્ટિની ઉત્પત્તિ પાછળ ઈશ્વરનો કોઈ હાથ નથી. પરંતુ ઉત્ક્રાંતિનો સિદ્ધાંત કામ કરે છે.... ઈશ્વરનો જન્મ ભયના કારણે થયો છે. ઈશ્વરની કે અમુક ધર્મની માન્યતા બાળકોને નાનપણથી જ શીખવવામાં આવે છે. નસીબનો ખ્યાલ પણ એક ભ્રમણા જ છે.

જો ઈશ્વરે પૃથ્વી પર માનવનું સર્જન કર્યું હોય તો માનવને ભૂખમરો, રોગ, મૃત્યુ વગેરે કેમ આવતાં હશે ? ઈશ્વરે શા માટે આવી ક્રૂર સૃષ્ટિનું સર્જન કર્યું ? પૂર્વજન્મના કોઈ પુરાવા ઉપલબ્ધ નથી. સાધુ સંતો પાસે કોઈ અસાધારણ શક્તિ હોતી નથી.

હોમ, હવન કે બંદગીથી લાભ થાય છે તેવી કોઈ સાબિતી નથી. વાસ્તુશાસ્ત્ર, ફાલતુશાસ્ત્ર છે. જ્યોતિષશાસ્ત્ર એક ધંધો બની ગયો છે.

આપણા રાજકારણી નેતાઓ અંધશ્રદ્ધામાં ડૂબેલા હોય છે. તમામ ચમત્કારો ભ્રમણા જ છે. દરેક બનાવનું વૈજ્ઞાનિક વિશ્લેષણ થવું જોઈએ.

○ કર્મનો સિદ્ધાંત - સંપાદકો, બિપિન શ્રોફ, ગિરીશ સુંઢિયા, વસંત યાદવ. પૃષ્ઠ ૪૭, સહયોગ રાશિ રૂ. ૬૦/-.

આ પુસ્તકમાં હિંદુ ધર્મના પુસ્તક 'ભગવદ્ ગીતા'માં શ્રી કૃષ્ણ દ્વારા કર્મના સિદ્ધાંતની જે મીમાંસા કરી છે તેનાં વિવિધ પાસાઓ અંગે ૧૭ જેટલા લેખોમાં છણાવટ કરવામાં આવી છે.

કર્મનો સિદ્ધાંત વર્ણ વ્યવસ્થાનો બચાવ કરે છે. તેમાં સ્વતંત્રતા, સમાનતા અને બંધુત્વ જેવાં મૂલ્યોને સ્થાન આપવામાં આવતું નથી.

■ **વિશ્વ વાત્સલ્ય માનવ સેવા ટ્રસ્ટ,** બાળ કેળવણી મંદિર, બગસરા-૩૬૫૪૦૦ જિ.અમરેલી. ફોન : ૦૨૭૯૬-૨૨૨૪૭૯.

○ વાન પ્રસ્થાશ્રમ - સંપાદન પ્રવીણચંદ્ર ઠક્કર. પૃષ્ઠ ૪૮, રૂ.૪૦. પુસ્તકને આવકાર આપતા રજની દવે લખે છે -

આપણને એક ભવ્ય સમાજ મળ્યો. લખલૂટ સગવડો મળી. નામી-અનામી લોકો જગતને સમૃદ્ધ બનાવીને ગયા. આજે આપણે વૃદ્ધ નહીં પણ વધુ સમૃદ્ધ થયા છીએ. માનવજાતની જ્ઞાનની ક્ષિતિજો વધુ ને વધુ ફેલાતી જાય છે. અનંત વિશ્વોની ખોજ ચાલી રહી છે. જેને 'ખાલી' કહેતા હતા, આજે તેમાં અનંતનાં દર્શન થાય છે. વારંવાર રાત્રે ઘડિયાળ જોનારો મનુષ્ય ઈશ્વરે આપેલી અમૂલ્ય પળોનું અપમાન કરે છે. જીવવા માટે આવેલા એડવાન્સ ચેક તે રિટર્ન કરી રહ્યો છે. ભૂતકાળની કડવાશો, એકશન-રિએક્શનની ફાઈલો ડિલિટ કરવાની જરૂર છે.

પુસ્તકમાં ૧૩ જેટલી રચનાઓ વાનપ્રસ્થાશ્રમને ઊજળી બનાવવાની પ્રેરણા આપે છે.

(જુઓ પાન નં. ૧૭)

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨

સંપાદક : **રજની દવે**

સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**

દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.

વાર્ષિક લવાજમ રૂ.૨૦૦

આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦

લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ '**યજ્ઞ પ્રકાશન સમિતિ**'ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

# સગપણ

હું, મારી પત્ની વિભા અને અમારી નાનકડી ઢીંગલી મુક્તિ. અમારો ત્રણનો સુખી સંસાર હતો. ત્રણે એકમેક સાથે એવાં તો ગૂંથાયેલાં કે, ત્રણમાંથી એક પણ ન હોય તો ગૂંથણી અધૂરી લાગે. એટલે જ મારા બોસે કેબીનમાં બોલાવીને દિલ્હીમાં નવી ખોલેલી બ્રાંચનું કામ જોવા પંદરેક દિવસ માટે જવું પડશે એમ કહ્યું ત્યારે તરત મારાથી બોલાઈ ગયું,

''સાહેબ, મારા કરતાં વર્માજીને મોકલોને! એ મૂળ દિલ્હીના જ છે, ને એમના કેટલા બધા પરિચિત ત્યાં રહે છે!''

''મિ. દેસાઈ, કોને મોકલવા ને કોને નહીં એ નક્કી કરવાનું કામ તમારું નથી. બોર્ડ મિટિંગમાં નક્કી થયા મુજબ તમારે જ જવાનું છે. તમારી ટિકિટ પણ આવી ગઈ છે.'' બોસે જરા કડકાઈથી કહ્યું પછી મારે કંઈ બોલવાનું રહ્યું નહીં. મુક્તિને જેવી ખબર પડી એવું એણે 'પપ્પા, નહીં જાવ, નહીં જાવ' કરીને રડવાનું ચાલુ કરી દીધું. મેં અને વિભાએ એને જેમતેમ કરીને સમજાવી. એને માટે કપડાં, રમકડાં અને ખૂબ બધી ચોકલેટ લઈ આવીશ એવું પ્રલોભન પણ આપ્યું પણ એની આંખનાં આંસુ સુકાયાં નહીં.

દિલ્હી આવીને કામમાં અને મિટિંગોમાં દિવસ તો નીકળી જતો હતો પણ સાંજ પડે ને મારી નજર સામે દીકરીનો રડતો ચહેરો આવતો અને હું વિહ્વળ થઈ જતો. ફોન કરું તો એ મારી સાથે વાત કરવા પણ તૈયાર ન થતી. બહાનું બતાવતાં વિભા કહેતી કે, એ સૂઈ ગઈ છે અથવા બાજુવાળી બહેનપણીને ત્યાં ગઈ છે, પણ હું સમજી જતો કે, એ મારાથી નારાજ છે એટલે જ વાત નથી કરતી. મારી પણ મજબૂરી હતી. હું કંઈ કરી શકું એમ નહોતો.

આ અજાણ્યા શહેરમાં મારે નહોતો કોઈ મિત્ર કે નહોતાં કોઈ સગાં-સંબંધી. સાંજે અંધારાં ઊતરવા લાગે ત્યારે તો મારું મન એટલું બેચેન બની જતું કે, ક્યાં જાઉં ને શું કરું કંઈ સમજાતું નહીં. એક સાંજે આવી જ મનઃસ્થિતિમાં હું રસ્તા પરથી પસાર થતો હતો ત્યારે બાળકોનો કલબલાટ મારે કાને પડ્યો. અરે! અહીં તો બગીચો હતો! કેટલાંય બાળકો ધીંગામસ્તી અને દોડાદોડી કરતાં હતાં! એમની સાથે આવેલાં વડીલો ટોળે વળીને ગપ્પાં મારતા હતા, તો વળી સ્વાસ્થ્ય માટે સજાગ લોકો વોકીંગ કે જોગીંગ કરી રહ્યા હતા.

મને સારું લાગ્યું. થયું, લાવને, ઘડીક હું પણ અહીં બેસીને રમતાં બાળકોનું સાંનિધ્ય માણું! મારા પગ આપોઆપ બગીચા તરફ વળ્યા. કેટલાંક મા-બાપ કે કોઈ દાદા-દાદી બાળકોને લઈને આવ્યાં હતાં. હજી તો એક બાંકડા પર જગ્યા જોઈને બેઠો ત્યાં બાજુમાં બેઠેલા વડીલે પૂછ્યું,

''કેમ ભાઈ, એકલા? તમારી સાથે છૈયું-છોકરું કોઈ નથી?''

એક તો એની ઉંમરનાં બાળકોને જોઈને મને મુક્તિની યાદ તીવ્રતાથી આવતી હતી એમાં આવો સવાલ આવી પડ્યો એ મને ગમ્યું તો નહીં પણ વિવેક ખાતર મેં જવાબ આપ્યો,

''ના, હું તો આ શહેરમાં કંપનીના કામે આવ્યો છું. બાકી રહું છું અમદાવાદમાં. આ તો અહીંથી નીકળ્યો તો છોકરાંઓને રમતાં જોવાનું મન થયું.''

''હા, એ તો ખરું જ. બાળકને ઈશ્વરનું સ્વરૂપ કંઈ અમસ્તું થોડું કહેવાય છે? જુઓને, હુંય સાંજ પડે ને પૌત્રને લઈને અહીં આવી જ જાઉં છું. આ ઉંમરે જીવનસાથી વગર એકલવાયું લાગે ત્યારે આ મૂડીનું વ્યાજ જ આપણો સહારો.'' બોલતાં બોલતાં દાદાની આંખમાં ભીનાશ તરવરી. મારાથી અનાયાસે એમના કરચલીવાળા હાથ પર મારો હાથ મુકાઈ ગયો.

રેતીમાંથી ઘર બનાવતી, એક ઝૂલા માટે ઝઘડો કરતી અને આઈસ્ક્રીમ ખાતાં ખાતાં મોઢા પર ચીતરામણ કરતી ચીલ્લર પાર્ટીને જોતાં મારો કેટલો સમય નીકળી ગયો, ખબરેય ન પડી. બાજુમાં બેઠેલા દાદા ઊભા થતાં બોલ્યા કે, અંધારું થવા માંડ્યું. ચાલો ત્યારે હું જાઉં. અને એ પૌત્રની આંગળી પકડીને ચાલવા લાગ્યા. મેં ઘડિયાળમાં જોયું તો સાડા સાત થવા આવ્યા હતા. હજી જમવાનો સમય થવાને વાર હતી ને હોટેલના ખાલી રૂમમાં જવાની ઇચ્છા નહોતી થતી તેથી થોડી વાર અહીં જ બેસવાનું નક્કી કર્યું.

ધીમે ધીમે બગીચો ખાલી થતો જતો હતો. બાળકો તો લગભગ બધાં જતાં રહ્યાં હતાં. હવે પ્રેમી પંખીડાઓનો વારો હતો. મેંદીની વાડની ઓથે કે ઘટાદાર ઝાડ નીચે એમની પ્રેમચેષ્ટા ચાલતી હતી. હું એ બધાથી બેખબર વિભા અને મુક્તિની યાદોમાં ખોવાયેલો હતો ત્યાં અચાનક બાર-પંદર વર્ષની લાગતી એક બાળાએ મારા પગે હાથ લગાવીને 'બાબુ, ઓ બાબુ' એમ કહ્યું ત્યારે હું ચમકીને એને જોવા લાગ્યો. ઠેકઠેકાણેથી ફાટેલું ફ્રોક, ઉઘાડા પગ અને વેરવિખેર વાળ.

''કુછ ખાનેકો દો ન બાબુ, દો દિનસે કુછ ખાયા નહીં.''

આમ તો હું આ રીતે ભીખ આપવાનો સખત વિરોધી હતો પણ ત્યારે તો મારા મન પર મુક્તિ જ સવાર હતી. મેં એને નજીક બોલાવી ને એના વીંખાયેલાં ઝીંથરકાં પર હાથ ફેરવીને પૂછ્યું, ''ક્યા ખાયેગી?''

''પાંચ રૂપયે દે દો બાબુ. પાઉં-વડા મીલ જાયેગા.''

મેં ખીસામાં હાથ નાખ્યો તો સોની નોટ હાથમાં આવી. ''યે લે'' કહીને નોટ એના હાથમાં મૂકી તો એ આંખો ફાડીને મને જોવા લાગી. મને આશ્ચર્ય થયું કે, ન તો એણે ખુશી બતાવી કે ન તો આભાર વ્યક્ત કર્યો, બસ મને તાકતી જ રહી.

''ક્યા હૈ? ઔર ચાહિયે?'' મેં પૂછ્યું.

'ના' માં ડોકું ધુણાવતાં એણે ફાટેલું ફ્રોક જરા ઊંચું કર્યું અને પાણીની ટાંકી તરફ ઈશારો કરતાં કહ્યું, ''વહાં કોઈ નહીં હોગા. અભી જાના હૈ કે બાદમેં? આપ બોલે તો મૈં ખાના ખા લું. બહોત ભૂખ લગી હૈ.''

જીવનમાં ક્યારેય નહીં લાગ્યો હોય એવો આઘાત મને તે દિવસે લાગ્યો. જાણે કોઈએ પથ્થર ઝીંકી દીધો હોય એમ તમ્મર આવી ગયાં. હું ઊભો થઈને બગીચાના દરવાજા તરફ ચાલવા લાગ્યો.

મને વિચાર આવ્યો કે, મને ભલે એનામાં મુક્તિ દેખાઈ પણ એને માટે તો હું 'બાબુ' જ હતો- 'બાપુ' નહીં.

(મંજરી શુક્લાની હિંદી લઘુકથાને આધારે) – **આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦

Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara
Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**